

# સ્વદેશ

FRIDAY, 07 AUGUST, 2020 Vol. 16, No. 32 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


## ॥ સૌના રામ, સૌમાં રામ, જય સીયારામ ॥

# અયોધ્યામાં રામ મંદિરનો શિલાન્યાસ

### શિલાન્યાસ બાદ સિયારામનો જયઘોષ, બુધવારે ૧૨.૪૮:૦૮ કલાકે મોદીના હસ્તે ભૂમિપૂજન થયું

### ૨૦૦૦થી વધુ પવિત્ર સ્થળો અને ૧૦૦થી વધુ નદીઓના પાણીનો પૂજામાં ઉપયોગ કરાયો

અયોધ્યા : પાંચ સદીથી ચાલી રહેલા વિવાદ અને ૧૩૪ વર્ષથી ચાલી રહેલા કાયદાકીય વિખવાદનો બુધવારે સુખદ અંત આવ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બહુપ્રતિક્ષિત અને કરોડો ભારતીયોની આસ્થાના પ્રતીક સમાન રામમંદિરનાં નિર્માણ માટે અયોધ્યામાં ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. વડા પ્રધાને ૧૨:૪૮:૦૮ કલાકે મંદિરનું ભૂમિપૂજન કર્યું અને મંદિરનિર્માણ ઝડપથી પૂરી થવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. માત્ર ૩૨ સેકન્ડના શુભ મુહૂર્તમાં તેમણે મંદિરનિર્માણનો સંકલ્પ કર્યો હતો. ૪૦ મિનિટ ચાલેલી પૂજામાં તેમણે ચાંદીની નવ ઈંટો તથા દેશભરમાંથી અને દુનિયાભરમાંથી રામમંદિર બનાવવા માટે ૧૯૮૯માં આવેલી ૨.૭૫ લાખ ઈંટોમાંથી નવ ઈંટોની પૂજા કરી હતી. આ પૂજનમાં ૨૦૦૦ પવિત્ર સ્થળોની માટી અને ૧૦૦ પવિત્ર નદીઓનાં જળનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન પૂજામાં કાંચીના શંકરાચાર્ય દ્વારા મોકલવામાં આવેલું યંત્ર તથા બકુલના વૃક્ષમાંથી બનાવવામાં આવેલા શંકુની સ્થાપના કરવામાં આવી હતી. તેમાં સોના અને ચાંદી સહિત નવ રત્નો મૂકવામાં આવ્યાં હતાં. પૂજનમાં પીએમ સાથે બીજા ૧૬ લોકોએ હાજરી આપી હતી. અયોધ્યા અને કાશીના પંડિતો સિવાય યુપીના સીએમ યોગી આદિત્યનાથ, યુપીના રાજ્યપાલ આનંદીબહેન પટેલ, સંઘના વડા મોહન ભાગવત, રામજન્મભૂમિ ટ્રસ્ટના વડા મહંત નૃત્યગોપાલદાસ અને સિંઘલ પરિવારના સભ્યોએ હાજરી આપી હતી.




### રામલલા સમક્ષ પીએમ દંડવત્

એક સમયે રામમંદિર અને અયોધ્યા રામજન્મભૂમિ આંદોલન માટે સક્રિય રહેનારા નરેન્દ્ર મોદી ૨૯ વર્ષે અયોધ્યા આવ્યા હતા. રામમંદિરનાં ભૂમિપૂજન પહેલાં તેમણે રામલલાનાં દર્શન કર્યા હતાં. તેમણે મહેમાનોની હાજરી સાથે રામલલાની પૂજા કરી હતી અને દંડવત્ પ્રણામ કરીને મંદિરનિર્માણની કામના કરી હતી. ત્યારબાદ પીએમ મોદીએ ધાર્મિકપૂજામાં વિશેષ મહત્ત્વ ધરાવતા પારિજાતનો છોડ વાવ્યો હતો.

### રામમંદિર રાષ્ટ્રીય ભાવના-સંકલ્પશક્તિનું પ્રતીક બનશે : મોદી

વડા પ્રધાને શિલાન્યાસ પ્રસંગે જણાવ્યું કે, ભારતીયો વર્ષોથી જે રામરાજ્યની રાહ જોઈ રહ્યા હતા તે હવે આધુનિક ભારતમાં શક્ય બનશે. ફરી એક વખત આધુનિક ભારતમાં અયોધ્યામાં બનનારા આ મંદિર દ્વારા રામરાજ્યની પરિકલ્પના સાર્થક થશે. તેમણે કહ્યું કે જે મર્યાદા સાથે આપણે સુપ્રીમ કોર્ટના ચુકાદાનો સ્વીકાર કર્યો હતો તે જ મર્યાદા સાથે લોકોની લાગણીઓનું માન રાખીને મંદિરનું નિર્માણ કરવાનું છે. મોદીએ આ દરમિયાન જય સિયારામનો જયઘોષ કર્યો હતો અને કહ્યું હતું કે સૌમા રામ છે સૌના રામ છે. સામાજિક સમરસતા ભગવાન રામના શાસનમાં સૌથી મહત્વનો સિદ્ધાંત હતો. રામ મંદિર બનાવવાથી દેશની એક્તામાં વધારો થશે. પ્રેમ અને ભાઇચારા સાથે દરેકે તેમાં સાથસહકાર આપવો જોઇએ. અનેક દેશોમાં રામ કથા બહુ જ પ્રખ્યાત છે. ઇરાન, ચીન જેવા દેશોમાં પણ રામનો ઉલ્લેખ મળી જશે. વિશ્વમાં અનેક એવા દેશો છે કે જ્યાં ભગવાન રામની પૂજા થાય છે. ઇન્ડોનેશિયામાં મુસ્લિમોની વસતી વધુ છે અને ત્યાં પણ ભગવાન રામ અને રામાયણ બહુ જ પ્રખ્યાત છે. મને લાગે છે કે અહીં રામ મંદિરનું નિર્માણ થવાથી સમગ્ર માનવજાતને પ્રેરણા આપશે.






પારિજાત છોડનું રોપાણ

### હનુમાનજી પાસે પૂજાની પરવાનગી માગવામાં આવી

વડા પ્રધાન સવારે અયોધ્યા પહોંચ્યા ત્યારબાદ સૌથી પહેલાં હનુમાનગઢી પહોંચ્યા હતા. સાકેત કોલેજથી પીએમનો કાફલો અહીંયા મંદિરે આવ્યો હતો. મંદિરમાં મોદીએ હનુમાનજીની પૂજા કરી હતી અને રામમંદિર બનાવવા માટે આજ્ઞા માગવામાં આવી હતી. હનુમાનજી જેમ ભગવાન રામના કામ કરતા હતા તેમ હવે આધુનિક સમયમાં આપણે ભગવાન રામનું કામ કરવાનું છે. રામના આદર્શોને આધુનિક સમયમાં અને કળિયુગમાં સાચવવાની જવાબદારી હનુમાનજીની હોવાથી તેમની પાસે રામમંદિરના નિર્માણ માટે મંજૂરી લેવાઈ હતી. અહીંયા મંદિરના પૂજારી દ્વારા પીએમ મોદીને ચાંદીનો મુગટ પહેરાવાયો હતો



ભૂમિ પુજન વિધિ

વિશેષ અહેવાલ પેજ નં. ૮-૯

# કેનેડામાં કોરોનાના ૨૩૦ દર્દી મળ્યાં: એકનું મોત


## • ગુરૂવારે સૌથી વધુ ક્યૂબેક પ્રાંતમાં ૧૩૩ સંક્રમિત નોંધાયા

ઓન્ટેરિયો : કેનેડામાં ગુરૂવારે કોવીડ-૧૯ના વધુ ૨૩૦ કેસ નોંધાવા સાથે કુલ દર્દીઓનો આકંડો ૧,૧૮,૪૧૭ થઈ ગયો હતો. જ્યારે દિવસ દરમિયાન એક દર્દીનું મોત નિપજતા કોરોનાથી મૃતાંક ૮૯૬૩ પર પહોંચ્યો હતો. સમગ્ર દેશમાં હજી પણ ૬૫૦૭ કેસ એક્ટિવ છે. જે પૈકી ૨૨૬૩ દર્દીઓની હાલત હોસ્પિટલમાં અત્યંત ગંભીર હોવાનું પણ જાણવા મળ્યું છે. મેડિકલ ટીમની સારવારને કારણે દેશમાં અત્યાર સુધીમાં ૧૦૨૯૪૭ દર્દીઓને સાજા કરવામાં સફળતા મળી છે. મળતી વિગતો મુજબ ગુરૂવારે ઓન્ટેરિયો વિસ્તારમાં ૯૫, ક્યુબેકમાં ૧૩૩, ન્યુબ્રુન્સવીકમાં ૨, મેનિટોબામાં ૩૦ અને સાશ્કેચ્વાનમાં ૧૧ કેસ કોરોના પોઝિટિવ મળ્યા હતા. જ્યારે દિવસ દરમિયાન સાશ્કેચ્વાનમાં કોવિડની સારવાર લઈ રહેલા એક દર્દીએ દમ તોળ્યો હતો. કેનેડામાં છેલ્લા એક અઠવાડિયાથી કોરોનાની ગતિ મંદ પડી રહી હોવાનું જણાય રહ્યું છે. ધીમે ધીમે મૃતાંક પણ ઘટતા જતા ટૂંક સમયમાં સ્થિતિ વધુ સુધરે એવી અપેક્ષા સેવાય રહી છે.

## રસી ન શોધાય ત્યાં સુધી કેનેડીયનો પ્રવાસનું આયોજન નહીં કરશે

વાન્કુંવર : એક તરફ કોવિડ -૧૯ને કારણે લાદવામાં આવેલા પ્રતિબંધો હળવા થઈ રહ્યા છે ત્યારે કેનેડાએ હજુ આંતરરાષ્ટ્રીય પ્રવાસની ભલામણ કરી નથી. એક નવા સર્વેક્ષણમાં જોવા મળ્યું છે કે, મોટાભાગના અમેરીકનો કે કેનેડીયનો જ્યાં સુધી કોરોનાની વેકસીન નહીં શોધાય ત્યાં સુધી વિદેશ પ્રવાસ ટાળવાના પક્ષમાં છે. રીસર્ચ કો. દ્વારા હાથ ધરાયેલા ઓનલાઈન સરવેમાં જણાયું હતું કે, ત્રીજા ભાગના કેનેડીયનોથી ઓછા લોકો પોતાના પ્રાંતમાં પ્રવાસ માટે ફલાઈટ લેવાનું પસંદ કરે છે. માત્ર ૨૦ ટકા લોકો વિદેશ માટેની ફલાઈટ લેવાનું પસંદ કરે છે અને માત્ર ૧૭ ટકા લોકોએ અમેરિકાની ફલાઈટ લેવાની તૈયારી દર્શાવી હતી.

સરવે હાથ ધરનાર રીસર્ચ કો.ના પ્રમુખ મારીયો કેન્સેકોએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, જ્યાં સુધી કોરોનાની વેકસીન નહીં આવે ત્યાં સુધી કેનેડા અને અમેરિકાના લોકો વિદેશ પ્રવાસ માટે તૈયાર નથી. જયારે ૫૫ વર્ષે કે એથી વધુ વયના નોર્થ અમેરીકનો સામાન્ય રીતે પ્રવાસ કરવા આતુર હોય છે. તેઓ પણ જયાં સુધી કોરોનાની વેકસીન નહીં શોધાય ત્યાં સુધી પ્રવાસ કરવાનું ટાળી રહ્યા છે. જો કે કેટલાક અમેરીકનો લાંબા બસ પ્રવાસ કરીને કે ફલાઈટ લઈને કેનેડા આવવા તૈયાર છે. આ સર્વેક્ષણ માટે પહેલી જુલાઈથી પંદરમી જુલાઈ દરમિયાન કેનેડાના ૧૦૦૦ અને અમેરિકાના ૧૨૦૦ લોકોના મત લેવામાં આવ્યા હતા અને એના આધારે અહેવાલ તૈયાર થયો હતો.










Buy • Sell • Invest
In Real Estate
Buy with Confidence, Sell with Success!
TUSHAR PATEL
REAL ESTATE SALESPERSON
HOMELIFE
416-500-2905

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Visitor's To Canada
SUPERVISA INSURANCE
MORTGAGE INSURANCE
Life Insurance
Critical Illness Plan
Disability Insurance
647-403-5560
jigarkumar7@yahoo.ca
www.saachinsure.com
JIGARKUMAR V. PATEL
Life Insurance Advisor
11 YEARS IN BUSINESS


FRIDAY, 07 AUGUST, 2020 Vol. 16, No. 32 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# અમદાવાદની હોસ્પિટલમાં આગઃ ૮ દર્દી ભડથું

## ગુરૂવારે મળસ્કે ૩.૦૦ વાગ્યે આઈ.સી.યુ.માં વેન્ટિલેટર સિસ્ટમમાં શોર્ટસર્કીટ થતાં આગ લાગ્યાનું અનુમાન : કર્મચારીની પીપીઈ કીટ આગની ચપેટમાં આવીઃ કલાકો સુધી ફાયર વિભાગનું ઓપરેશન

અમદાવાદ : નવરંગપુરા વિસ્તારમાં આવેલી શ્રેય હોસ્પિટલમાં બુધવારે મોડી રાત્રે અચાનક આગ લાગતા ૮ કોરોનાગ્રસ્ત દર્દીઓએ જીવ ગુમાવ્યા હતા. શ્રેય હોસ્પિટલમાં ચોથામાળે આગ લાગવાનો બનાવ બન્યો હતો. ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. ઘાયલ થયેલા તથા અન્ય દર્દીઓને સારવાર માટે એસવીપી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગુરૂવારે મળસ્કે સાડાત્રણ વાગ્યે કોરોના માટે હસ્તગત કરાયેલી આ હોસ્પિટલમાં દર્દીઓ કે સ્ટાફ કશું સમજી શકે તે પહેલા આગે વિકરાળ સ્વરુપ ધારણ કરી લીધું હતું. આ ઘટના બાદ તાત્કાલિક ૩૫થી ૪૦ જેટલા દર્દીઓને સુરક્ષિત રીતે બહાર કાઢીને એલવીપી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે આગમાં આઠ દર્દીઓ ભડથું થઈ ગયા હતા. જેમાં ૫ પુરુષો અને ૩ મહિલાઓનો સમાવેશ થાય છે. કહેવાય છે કે, છે કે વેન્ટિલેટરની ઈલેક્ટ્રિક સિસ્ટમમાં શોર્ટ સર્કિટ બાદ આગ લાગી હતી. હોસ્પિટલમાં ફરજ બજાવતા એક સ્ટાફ જ્યારે દર્દીનું રુટિન ચેકઅપ માટે ગયા હતા ત્યારે તેમની પીપીઈ કિટ પણ આગની ચપેટમાં આવી ગઈ હતી અને તેઓ આઈસીયુમાંથી બહાર દોડીને પોતાનો જીવ બચાવવામાં સફળ થયા હતા. પોલીસે આ સ્ટાફનું સ્ટેટમેન્ટ લીધું છે. આ ઘટના બાદ ફાયર વિભાગની ટીમ ૩.૧૯ વાગ્યે ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી, ટીમને આગ પર કાબૂ મેળવવા માટે અમુક કલાકોનો સમય લાગ્યો હતો. આગના કારણે રૂમની અંદર થયેલા ધૂમાડાના કારણે દર્દીઓનું ગૂંગળાઈ જવાથી મૃત્યું થયું હોવાનું પણ એક તારણ છે. ફાયર વિભાગની ટીમમાંથી કેટલાક લોકોએ જણાવ્યું કે તેમના જીવનમાં તેમણે આટલી ભયંકર આગ પહેલા નથી જોઈ. હોસ્પિટલમાં લાગેલી આગનું કારણ શોર્ટ સર્કિટ હોય શકે છે. બનાવની જાણ થતાં ડેપ્યુટી કમિશનર સહિત અન્ય અધિકારીઓ તાબડતોબ ઘટના સ્થળ પર દોડી ગયા હતા. આ ઘટનામાં બે દર્દીઓ એટલા ગંભીર રીતે દાઝી ગયા છે કે તેમની ઓળખ કરવી મુશ્કેલ બની હતી.



## 3 દિવસમાં તપાસ પુરી કરવા રૂપાણીએ આદેશ આપ્યા

અમદાવાદ : શહેરમા ખાનગી કોવિડ હૉસ્પિટલમાં ભીષણ આગ લાગતા ૮ દર્દીઓના દુખદ મોત નીપજ્યાં હતા. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં પડ્યા છે. વિપક્ષ કોંગ્રેસે સમગ્ર ઘટના અંગે સરકાર પર પ્રહારો કરી, પ્રદર્શનો પણ કર્યા હતા. ઘટનાના પ્રત્યાઘાત વધુ પડે તે પહેલા રાજ્યનાં મુખ્યમંત્રીએ 3 દિવસમાં તપાસ કરીને તાત્કાલિક આપવા માટે આદેશ કર્યો છે.તથા મૃતકોના પરિવારને ચાર લાખની સહાયની જાહેરાત પણ કરી છે.

## વડાપ્રધાન મોદીએ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું

અમદાવાદ : અમદાવાદની હોસ્પિટલમાં ભીષણ આગળ લાગતાં ૮ દર્દીઓનાં મોત થવાની ઘટના અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દુ:ખ વ્યક્ત કર્યું હતું. પીએમ મોદીએ આ મામલે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને અમદાવાદના મેયર બિજલ પટેલ સાથે વાત પણ કરી છે. વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને લખ્યું કે, અમદાવાદની હૉસ્પિટલમાં બનેલી આગની કરૂણ ઘટનાથી દુ:ખી છું. જે પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે તે બદલ દિલગીરી વ્યક્ત કરું છું. ઈજાગ્રસ્ત વહેલી તકે સ્વસ્થ્ય થાય તેની કામના કરું છું. નરેન્દ્ર મોદીએ પીએમ નેશનલ રિલિફ ફંડમાંથી મૃતકોનો પરિવારોને બે લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયા સહાય આપવાની જાહેરાત કરી છે.

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

RUMA LAW OFFICE
Real Estate Law
Family Law (Legal Aid Certificate Accepted)
Wills and Estates
Affidavit and Power of Attorney
Immigration Law
Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

BEST EXCHANGE
India થી રૂપિયા મંગાવવા અને India રૂપિયા મોકલવા માટે Call કરો
416-910-8255

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# રામ મંદિરના નિર્માણકાર્યનો આરંભ કરોડો લોકોની આસ્થા ફળીભૂત

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતમાં વર્ષો જૂના અયોધ્યાની જમીનના વિવાદનો અંત આમ તો સુપ્રીમ કોર્ટના ચુકાદા સાથે જ આવી ગયો હતો. પરંતુ બુધવારે અયોધ્યામાં મંદિરની શિલાન્યાસ વિધિ થતા જ દેશના હિન્દુઓનું વર્ષો જૂનું સપનું સાકાર થવા જઈ રહ્યું છે. આશરે પાંચસો વર્ષથી જે ઘડીની વાટ જોવાઈ રહી હતી એ છેવટે ફળીભૂત થઈ. કોરોનાના કારણે લોકો ટપોટપ મરી રહ્યાં છે ત્યારે આવા કપરા સમયમાં આ કાર્યક્રમ કરવો જોઈએ કે નહીં એ અંગે પણ સવાલો ઉઠ્યા હતા. વળી, રામમંદિર ઝુંબેશ સાથે સંકળાયેલા લોકોને કોરાણે મૂકી દેવાયાની બૂમ પણ ઉઠતા છેવટે અડવાણી અને જોષીને બાદ કરી ઉમા ભારતી અને ઋતુંભરાને આમંત્રણ અપાયું હતુ. દેશના વડાપ્રધાન મોદીના હસ્તે બપોરે અત્યંત શુભ ઘડીમાં ભૂમિપૂજન સંપન્ન થયું અને એ સાથે જ મંદિર નિર્માણના કાર્યનો શુભારંભ થયો છે. સોમવારથી જ અયોધ્યામાં ભૂમિપૂજનનું અનુષ્ઠાન ચાલી રહ્યું હતું. અનેક નેતાઓ અને લોકોએ કોરોનાના કારણે ભૂમિપૂજન જેવા મહત્ત્વના આયોજનને હાલ ન કરવાની માંગ કરી હતી. પરંતુ પ્રશાસને તમામ ચોકસાઈ સાથે કાર્યક્રમનું આયોજન કર્યું. પરંપરા અનુસાર એક સાધુ, વિદ્વાન અને આચાર્ય ધાર્મિક અનુષ્ઠાનો પૂર્ણ કરવામાં લાગ્યાં હતાં. અયોધ્યા નગરીને સજાવવામાં આવી હતી. કોરોનાના કારણે શહેરમાં ભીડભાડ ન હોવાના કારણે અયોધ્યાની ભવ્યતા ઓર પણ વધી ગઈ છે. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટ અને પ્રશાસન સામે સમગ્ર આયોજન શાંતિ અને ધાર્મિક માહોલમાં કરાવવું અત્યંત પડકારજનક હતું.

અગાઉ મંગળવારે રામ મંદિરનું પ્રસ્તાવિત મોડેલ પણ પ્રદર્શિત કરવામાં આવ્યું અને એ પહેલાના મોડેલ કરતા પણ વધારે ભવ્ય દેખાય છે. ટ્રસ્ટનો એ પ્રયાસ પ્રશંસનીય છે કે, રામ જન્મભૂમિ મંદિર વિશ્વમાં ભારતીય સ્થાપત્ય કળાનું અનુપમ ઉદાહરણ બને. દુનિયાના દરેક ધર્મોમાં એકથી એક ચડિયાતા ધાર્મિક સ્થળો છે અને હવે રામ મંદિર પણ એમાં સ્થાન પામશે એ દરેક ભારતીય માટે ગૌરવની બાબત હશે.અયોધ્યામાં રામમંદિરના નિર્માણનો મુદ્દો ભારતીય રાજકારણમાં એક મોટો ટર્નિંગ પોઈન્ટ રહ્યો છે. ઈન્દિરા ગાંધીની હત્યાની સહાનુભૂતિના મોજા પર લડાયેલી ૧૯૮૪ની લોકસભા ચૂંટણીમાં રાજીવ ગાંધીએ કોંગ્રેસને ૫૪૫માંથી ૪૧૪ બેઠકો જીતાડીને બીજા બધા પક્ષોને સાફ કરી દીધા હતા. ભાજપને માત્ર બે બેઠકો મળી હતી અને ભાજપ પોતાનું અસ્તિત્વ ટકાવવા ફાંફાં મારતો હતો. ભાજપ ફરી પગ જમાવવા માટે મુદ્દો શોધતો હતો ત્યાં સુપ્રીમ કોર્ટે ૧૯૮૬માં શાહબાનો કેસમાં ચુકાદો આપ્યો કે મુસ્લિમ મહિલાને તલાક આપ્યા પછી પણ તેના પતિએ ભરણપોષણ આપવું જ પડે. મુસ્લિમ કટ્ટરવાદીઓએ હોબાળો મચાવ્યો એટલે તેમને રાજી રાખવા રાજીવ ગાંધીએ આ ચુકાદાને બદલી નાંખતો કાયદો બનાવી દીધો.

રાજીવના આ નિર્ણયે ભાજપને મોકો આપી દીધો. ભાજપે કોંગ્રેસ પર મુસ્લિમોના તુષ્ટિકરણનો આક્ષેપ મૂકીને હિંદુવાદનું કાર્ડ ખેલી નાંખ્યું. વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ જેવાં સંગઠનોની મદદથી ભગવાન રામની જન્મભૂમિ અયોધ્યામાં ભવ્ય રામમંદિરના નિર્માણના બહાને હિન્દુવાદની લહેર પશ્ચિમ અને ઉત્તર ભારતમાં ઊભી કરી દીધી હતી.

આ લહેરના કારણે ભાજપ ફરી બેઠો થઈ ગયો. રાજીવે હિંદુઓને ખુશ કરવા રામ જન્મભૂમિ મંદિરનાં તાળાં ખોલાવવા સુધીનાં પગલાં લીધાં પણ ત્યાં સુધી ભાજપે આ મુદ્દા પર કબજો કરી લીધો હતો. આ મુદ્દો ભાજપને જોરદાર ફળ્યો અને ભાજપ પાંચ વર્ષ પછીની ચૂંટણીમાં તો ૮૫ બેઠકો જીતીને દેશના રાજકારણમાં એક નિર્ણાયક પરિબળ તરીકે ઊભરી આવ્યો. આજે ભાજપ સ્પષ્ટ બહુમતી સાથે કેન્દ્રમાં સત્તા પર છે અને દેશનાં મોટાં મોટાં રાજ્યોમાં તેની સરકાર છે તેનાં મૂળ રામમંદિર ચળવળમાં છે. આ ચળવળે ભાજપની હિંદુવાદી પક્ષ તરીકેની છાપ બનાવી છે. ભગવાન રામ હિંદુઓ માટે પણ આસ્થાનું પ્રતીક છે. ભગવાન રામની જન્મભૂમિમાં તેમનું ભવ્ય મંદિર બને એવી કરોડો હિંદુઓની લાગણી વર્ષોથી રહી છે.

હવે રામ મંદિર નિર્માણ ભારત માટે એક અવસર છે. જે મૂલ્યોને આપણે ભૂલતા જઈ રહ્યાં છીએ એમને ફરી વખત વ્યવહારમાં મૂકવાની શરૂઆત કરવાનો આ અવસર છે. શ્રીરામે પોતાના જીવનમાં તમામ મર્યાદાઓનું પાલન કર્યું હતું અને વિશ્વ સામે એક આદર્શ પ્રસ્થાપિત કર્યો હતો. પુત્ર, ભાઈ, પતિ, પિતા, રાજા, મિત્ર એમ તમામ સ્વરૂપોમાં શ્રીરામને માત્ર ભારત જ નહીં, આખી દુનિયામાં આદર્શ માનવામાં આવે છે. શ્રીરામનું સંપૂર્ણ જીવન ત્યાગ, તપસ્યા, કર્તવ્ય અને મર્યાદાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ભારતના કરોડો લોકો જેને રામજન્મભૂમિ માનતા હોય તો બીજા સંપ્રદાયના લોકોએ આ લાગણી સમજવાની જરૂર હતી. મંદિર કે મસ્જિદનું સ્થાન બદલાઈ શકે છે પરંતુ જન્મસ્થાન તો બદલી શકાતું નથી. હકીકતમાં રામ જન્મ ભૂમિ- બાબરી મસ્જિદ વિવાદને લઈને લોકોને ઘણી તકલીફો સહન કરવી પડી છે. છાશવારે આ મામલો ગરમાઈ જતો હતો. આવી પરિસ્થિતિનો ફાયદો અસામાજિક તત્ત્વો ઉઠાવીને વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરતા હતાં. એટલા માટે જ સુપ્રીમ કોર્ટે પણ લડાઈને બાજુએ મૂકીને મધ્યસ્થી દ્વારા મામલો ઉકેલવાની પહેલ કરી હતી. જોકે મધ્યસ્થતા સમિતિ પણ વિવાદનું નિરાકરણ લાવવામાં નિષ્ફળ રહેતા છેવટે ગયા વર્ષે સુપ્રીમ કોર્ટમાં સુનાવણીની ૪૦ દિવસની મેરાથોન યોજાઈ હતી. રામમંદિરનું નિર્માણ રાષ્ટ્રીયતાનો વિષય છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને દેશના મુસ્લિમ સમાજે પણ સ્વીકાર્યો અને આખા દેશમાં સદ્ભાવ જળવાઈ રહ્યો છે.

ઈતિહાસ જોઈએ તો બાબરને ભારત સાથે કોઈ લેવાદેવા નહોતી. એ તો માત્ર વિદેશી હુમલાખોર હતો. તેણે પહેલા અફઘાનિસ્તાન જીત્યું અને પછી ભારત આવ્યો. બાબરની કબર અફઘાનિસ્તાનમાં છે. વર્ષો પહેલાં ભારતનું એક પ્રતિનિધિમંડળ અફઘાનિસ્તાન ગયું હતું અને તેમણે જોયું કે ત્યાં બાબરની કબર જીર્ણશીર્ણ અવસ્થામાં હતી. એ વખતે અફઘાન નેતા બબરક કમાલને પૂછવામાં આવ્યું કે બાબરની કબરની આવી દશા શા માટે છે? તો તેમણે કહ્યું કે બાબર તો વિદેશી હુમલાખોર હતો, તેણે અમારા પર આક્રમણ કર્યું અને અમને ગુલામ બનાવ્યાં. એ મુસ્લિમ હતો એટલા માટે અમે તેની કબરને તોડી નથી. ઈન્ડોનેશિયાની ૯૦ ટકા વસતી મુસ્લિમ છે અને તે એક મુસ્લિમ રાષ્ટ્ર છે. તેમ છતાં ઈન્ડોનેશિયાના લોકોના આદર્શ શ્રીરામ છે. ઈન્ડોનેશિયાની શાળાઓમાં રામાયણનું અધ્યયન અનિવાર્ય છે. ઈરાન મુસ્લિમ દેશ છે પરંતુ તેઓ રૂસ્તમ સોહરામને રાષ્ટ્રીય પુરષ માને છે. રુસ્તમ સોહરાબ પારસી હતાં. ઈજિપ્તમાં પિરામિડ રાષ્ટ્રીય પ્રતીક છે. પિરામિડ ઊભા કરવામાં આવ્યાં ત્યારે તો ઈસ્લામનું અસ્તિત્વ પણ નહોતું. હવે રામ મંદિરના નિર્માણ સાથે દેશમાં રામરાજ્ય આવે એ અપેક્ષા છે. રામરાજ્યમાં લોકશાહીના મૂલ્યો પરાકાષ્ઠાએ હતાં. લોકશાહીના મૂલ્યોની સ્થાપના અને અમલ ત્યાગ વિના સંભવ નથી. શ્રીરામે લોકલાગણીને સ્વીકારવા માટે ભારે વ્યક્તિગત પીડા પણ વેઠી હતી. આ કોઈની જીત કે હારની ક્ષણ નથી. પરંતુ વિવેક અને મર્યાદાની ક્ષણ છે. મર્યાદાની લક્ષ્મણરેખા હૃદયમાં ઉતારવાની ક્ષણ છે. રામ મંદિરની વાસ્તવિક પ્રાણપ્રતિષ્ઠા રામરાજ્યના સંકલ્પ વિના ન થઈ શકે.

મનોજ ગાંધી

manoj1968@yahoo.ca










# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ
સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,
ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# અમેરિકાના ૩૧ રાજ્યો અને કેનેડામાં બેક્ટેરિયાનો ચેપ ફેલાતા ૬૧૫ બીમાર

**• ખરાબ ડુંગળી પર શંકા, ચોક્કસ કારણો શોધવા અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ વિભાગનો આદેશ**

વોશિંગ્ટનઃ અમેરિકાના અનેક રાજ્યોમાં ઓછામાં ઓછા ૫૦૦ લોકો સેલમોનેલા (બેક્ટેરિયા)નો શિકાર બની ગયા છે. કેનેડામાં પણ આ જ પ્રકારના મામલા સામે આવ્યા છે. સીએનએનની રિપોર્ટ અનુસાર આશરે ૬૦ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એક કંપની દ્વારા સપ્યાલ કરવામાં આવેલી ડુંગળીને કારણે આ લોકો બિમાર પડયા હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. જ્યારે કેનેડામાં ૧૧૪ લોકો આ ફૂડ પોઈઝનિંગનો શિકાર બન્યા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ રિપોર્ટમાં વધુમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકાના ૩૧ રાજયોમાં સેલમોનેલા પોઈઝનિંગનો શિકાર બન્યા છે. જેની પાછળનું કારણ થોમસન ઈન્ટરનેશનલ નામની કંપની દ્વારા પુરી પાડવામાં આવેલી ખરાબ ડુંગણી જવાબદાર હોવાના દાવા થઈ રહ્યા છે.

જ્યારે બીજી તરફ કંપનીએ પોતાની તપાસમાં દાવો કર્યો છે કે તપાસમાં સામે આવ્યું છે કે લાલ ડુંગળીને કારણે લોકો બિમાર પડી ગયા હતા. જોકે કંપનીએ જે પણ ડુંગળી વેચી હતી તે બધી જ પરત મગાવી રહી છે.

સેલમોનેલાનો શિકાર થનારા લોકોને સામાન્ય રીતે ડાયરિયા, ફીવર, પેટમાં દુખાવો જેની બિમારીઓ થવા લાગી છે. જે લોકો આ બિમારીના પ્રભાવમાં આવ્યા હોય તેઓની તબિયાતમાં એક અઠવાડીયા સુધી સુધાનો ન આવે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. પાંચ વર્ષથી ઓછી વયના બાળકો અને વૃદ્ધો વધુ બિમાર પડી રહ્યા છે.

# માત્ર ક્યૂબેક પ્રાંતમાં જ વાયરલેસ પ્લાન્સ સસ્તા થયાઃ ગ્રાહકોને રાહત

ઓટાવા : સરકારના નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કેનેડાની ત્રણ મોટી વાયરલેસ કંપનીઓએ જાન્યુઆરીથી પોતાના ઘણાં પ્લાન્સની કિંમત ઘટાડી છે. પણ આ ઘટાડો કેનેડાના માત્ર કયુબેક પ્રાંત પુરતો જ છે, અન્ય પ્રાંતોમાં યથાવત છે.

સૌથી વધુ ઘટાડો સરકારના ઈનોવેશન, સાયન્સ એન્ડ ઈકોનોમિક ડેવલપમેન્ટ વિભાગની નિગરાની હેઠળના નાના પ્લાનમાં જ થયો છે. કયૂબેકમાં ફીડો, કુડો અને વર્જનિ બ્રાન્ડસે તેમના બે ગિગા બાઈટ ડેટાના પ્લાનને ફેબ્રુઆરીથી ૩૫ યુએસ ડોલર પ્રતિમાસ કર્યો હતો. જે જાન્યુઆરી કરતા ૧૫ ડોલર ઓછો હતો. આ વાત આઈએસઈડીના સરવેમાં જોવા મળી હતી. અન્ય પ્રાંતોમાં આ જ બ્રાન્ડ રોજર્સ, ટેલસ અને બેલની માલિકીની છે, પણ તેમણે આ પ્લાન ફેબ્રુઆરીથી જુન દરમિયાન ૫૦ ડોલર પ્રતિ માસમાં જ આપ્યો હતો. જો કે બધી બ્રાન્ડસે ભાવ ઘટાડયા નહોતા. મંત્રાલય કહે છે કે, ૨૦૧૮ના આંકડાઓ મુજબ કેનેડીયનો સરેરાશ અઢી ગિગાબાઈટ ડેટા દર મહિને વાપરે છે. ફીડો (રોજર્સ), કુડો (ટેલસ ) અને વર્જનિ (બેલ) કંપનીએ કયુબેકમાં ચાર ગિગાબાઈટસના પ્લાનની કીંમત ૪૫ ડોલર સુધી ઘટાડયા હતા. પરંતુ અન્ય પ્રાંતો માટે એ ફેબ્રુઆરીથી જુન માટે ૫૫ ડોલર પ્રતિમાસ જ રાખ્યો હતો.

# શાળા શરૂ કરતા પહેલાં વાઈરસ ટેસ્ટીંગના કોન્ટેકટ ટ્રેસીંગ જરૂરી

ટોરન્ટો : શાળાઓ ફરી શરૂ કરવી કે નહીં એ વિશે હાથ ધરાયેલા બે અભ્યાસોના તારણમાં જાણવા મળ્યું હતું કે શાળાઓ ફરીથી શરૂ કરતા પહેલા અસરકારક કોન્ટેકટ ટ્રેસીંગ અને વાઈરસ ટેસ્ટીંગ અતિ આવશ્યક છે. સોમવારે જાહેર થયેલા ધી લાન્સેટ ચાઈલ્ડ એન્ડ એડોલેસન્ટ હેલ્થ જર્નલમાં જણાવવામાં આવ્યું હતું કે, જયારે જાહેર આરોગ્યને લગતા પગલાઓને કારણે શાળાઓમાં કોરોનાના ટ્રાન્સમીશનનું પ્રમાણ નીચું હતું.

પહેલા અભ્યાસ માટે યુ.કે.માં બીજા તબક્કાના ઈન્ફેકશનના ફેલાવા માટેના ડેટાના એનાલિસીસનો ઉપયોગ કર્યો હતો. જેને કારણે ત્યાં શાળાઓ ફરીથી શરૂ થઈ શકી હતી. જયારે બીજા અભ્યાસમાં વિશ્વભરનો કોવિડ -૧૯ના સાચા ડેટાનો ઉપયોગ કરી ન્યુ સાઉથવેલ્સ ઓસ્ટ્રેલિયાની શાળાઓ અને નર્સરીઝમાં વાઈરસના પ્રસારને ધ્યાનમાં લેવાયો હતો. બંને અભ્યાસોનું તારણ એ જ નિકળ્યું હતું કે, શાળાઓને અસરકારક વાઈરસ કંટ્રોલના પગલાઓ સાથે ફરીથી શરૂ કરી શકાશે. આ અભ્યાસને લંડન સ્કુલ ઓફ હાઈજીનીક એન્ડ ટ્રોપિકલ મેડીસીનના પ્રોફેસર ડબલ્યુ. જોન એડમન્ડસ સાથેની ચર્ચાથી સાંકળી લેવાયો હતો. જો કે, બાળકોના કયા વયજુથમાં કોરોનાનો પ્રસાર વધુ થઈ શકે એની જાણકારી પણ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, આપણી પાસે વધુ સંશોધનના સાધનો અને યોજના હોવી જરૂરી છે.


ADS GAS SERVICES AND INSTALLATIONS INC.

- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Air condition installed start from $1800



Registered Licensed Contractor

Call: VIPUL SHAH

www.adsgas.ca

416.988.5784

Email:adsgasservice@gmail.com

WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

THANK YOU FRONTLINE WORKERS

MD MORTGAGE DILIGENT A STEP AHEAD

➲ Purchase ➲ Refinance ➲ Renewal/Switch

5 Yrs Fixed @ 1.94%* High Ratio Only

5 Yrs Variable @ 1.99%* High Ratio Only



Rakesh Patel** Vice President- Commercial. | Pranay Jani * | Nilesh Tailor * | Tushar Patel* | Bala Shah* | Vijay Rana*



Rajesh Khurana, MBA Principal Broker

Tel.: 289 521 6900

1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1

• info@mortgagediligent.com • www.mortgagediligent.com

Cell : 416-616-1300

Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President

* Some conditions apply

# કેનેડામાં ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રી ફરી સક્રિય થવા માંડી, શુટીંગના આયોજન



## કયુબેકમાં ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રી માટે કામચલાઉ ધોરણે કરોડો ડોલરના પેકેજની જાહેરાત

ઓન્ટેરિયો : કેનેડિયન ફિલ્મ એન્ડ ટેલીવિઝન ઈન્ડસ્ટ્રીએ પણ વિશ્વના અન્ય દેશોની ઈન્ડસ્ટ્રીની જેમ જ કોરોના વાઈરસને કારણે સર્જાયેલી સ્થિતિનો સામનો કરવો પડયો હતો. જેમાં ફિલ્મ શુટીંગ રદ થવા કે પાછા ઠેલાવા અને પ્રવાસના પ્રતિબંધો અને ફિલ્મ ફેસ્ટીવલ્સ પણ અટકી પડયા હતા.

હવે એ ફરીથી સક્રિય થઈ રહી છે.એ વાતમાં તો કોઈ શંકા નથી કે કોવિડ -૧૯ને કારણે ઈન્ડસ્ટ્રીની ટકી રહેવાની કસોટી થઈ છે. કેનેડાની એન્ટરટેનમેન્ટ ઈન્ડસ્ટ્રીએ કોરોનાની હેડલાઈન્સ વચ્ચે પણ પોતાની ફરીથી બેઠા થવાની ક્ષમતા દેખાડી એ હજુ મજબૂત હોવાનું પુરવાર કર્યું છે.કેનેડામાં કલાકારો અને ટેકનીકલ સ્ટાફને મદદ કરી તેમને ઝડપથી બેઠા કરવાના અને ટેકો આપવાના પગલા લેવાયા હતા. કેનેડાના અર્થતંત્રમાં ટીવી અને ફિલ્મનો મહત્વનો ફાળો છે. મોશન પિકચર એસોસિયેશન ઓફ કેનેડાના જણાવ્યા મુજબ ૧૮૦૯૦૦ લોકો આ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા છે. જેમાં સ્પેશિયલ ઈફેકટ ટેકનીશીયનોથી લઈને મેકઅપ આર્ટીસ્ટનો સમાવેશ થાય છે. ગયા વર્ષે આ સેકટરનો ૧૨.૮ બિલિયન યુએસ ડોલરનો હિસ્સો કેનેડીયન અર્થતંત્રમાં હતો. છેલ્લા થોડા અઠવાડિયાથી બ્રિટીશ કોલંબિયા, મેનીટોબા, ઓન્ટેરિયો અને કયૂબેક સહિતના પ્રાંતોમાં ફિલ્મ ટીવીના શુટીંગ શરૂ કરવાની જાહેરાત થઈ હતી અને જાહેર કાર્યક્રમોના આયોજન અને સિનેમાઘરો ફરીથી ખોલવા માટે પણ વિચારણા ચાલી રહી છે.

કયુબેકમાં ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રી માટે કામચલાઉ ધોરણે કરોડો ડોલરના પેકેજની જાહેરાત પણ ઈકોનોમિક સ્ટીમ્યુલસ પ્રોગ્રામ અંતર્ગત કરવામાં આવી હતી. ઓનલાઈન સ્ટ્રીમીંગના અગ્રણી નેટફીક્ષણે પુટ આઉટ એ કોલથી કેનેડીયન ફિલ્મો અને સિરીઝોને પ્રસ્તાવો આપ્યા હતા. દરમિયાન અમેરીકન ફીલ્મ અને ટીવી પ્રોડયુસર્સે પણ કેનેડામાં શુટીંગ શરૂ કર્યું હતું. આ બધા પ્રોડકશન હાઉસોએ કોવિડ -૧૯ના બધા પ્રોટોકોલ્સના પાલન સાથે કામ શરૂ કર્યું હતું. જેમાં સેટ ઉપર ટેકનીકલ સ્ટાફ માટે પીપીઈ કીટ, વધારાની સ્વચ્છતાની વ્યવસ્થા, અને વિદેશથી આવનારા કલાકારો અને ક્રુ સભ્યોએ કવોરન્ટાઈનના પાલનનો સમાવેશ થાય છે.

# ઓન્ટેરિયોમાં માત્ર ૧ ટકા લોકોને કોવિડ હોવાનો પરિક્ષણમાં સંકેત

## ઉત્તર - પૂર્વ ઓન્ટેરિયોમાં ૦.૩ ટકાને જ ઈન્ફેકશન

ટોરન્ટો : ઓન્ટેરિયોની જાહેર આરોગ્ય એજન્સીએ જણાવ્યું હતું કે ઓન્ટેરિયોની વસતીના એક ટકા જેટલા અંદાજે ૧૬૦૦૦ લોકો નોવેલ કોરોના વાઈરસથી સંક્રમિત થયા હતા અને જુનના અંત સુધીમાં સાજા થયા હતા. એને માટે હજારો બ્લડ સેમ્પલ્સની ચકાસણી એજન્સીએ કરી હતી.

એજન્સીએ જણાવ્યું હતું કે ૭૦૦૦થી વધુ બ્લડ સેમ્પલ્સની તપાસ જુન માસમાં કરવામાં આવી હતી, જે પૈકી ૭૯માં કોવિડ -૧૯ની એન્ટીબોડીના લક્ષણો જોવા મળ્યા હતા. જે ઓન્ટેરિયોની વસતીના ૧.૧ ટકા જેટલા થાય છે. લેબોરેટરીમાં એવું પણ જાણવા મળ્યું હતું કે. મળેલા એન્ટીબોડી પૈકીના ૨.૬ ટકા ૮૦ વર્ષે કે તેથી વધુ વયના લોકો હતા. જયારે નવ વર્ષેથી ઓછી વયના બાળકોમાં એ જોવા મળ્યા નહોતા.

કેનેડાના વિવિધ વિસ્તારોના લોકોમાંથી મળેલા એન્ટીબોડીમાં પણ અસમાનતા જોવા મળી હતી. ટોરન્ટો અને જીટીએમાં ૧.૫ ટકા લોકોમાં જોવા મળી હતી. જયારે ઉત્તર અને પૂર્વ ઓન્ટેરિયોમાં માત્ર ૦.૩ ટકા લોકોને જ ઈન્ફેકશન જોવા મળ્યું હતું.

જુન માસના અંત સુધીમાં ઓન્ટેરિયોની લેબમાં ૩૫૨૦૦ કેસ ઈન્ફેકશનના જોવા મળ્યા હતા. જે પીસીઆર પરીક્ષણથી મળ્યા હતા. જે માત્ર એ સમયમાં ઈન્ફેકશન હોવાનું જણાવે છે. બ્લડ ટેસ્ટથી શરીરમાં એન્ટીબોડી છે કે નહીં એની જાણ થાય છે. જે એ દરદી કોરોના સામે જીતીને સાજી થયા બાદ જ મળી શકે છે. હકીકત એ છે કે, ચારગણાથી વધુ લોકો કોવિડ -૧૯થી પ્રભાવિત થયા હોવા જોઈએ.

કેમકે એ વખતે સામાન્ય લક્ષણોના અભાવે એમનું યોગ્ય ટેસ્ટીંગ થયું ન હોય. અમેરિકામાં હાથ ધરાયેલા આવા જ એક અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે, ન્યુયોર્ક સીટીના ૨૦ ટકા લોકોને કોરોના વાઈરસનું ઈન્ફેકશન થયું હતું.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગુજરાતમાં કોરોનાના ૧૦૩૪ કેસ : ૨૭નાં મોત

## ગુરુવારે ૪૮૫૦૫૯ લોકોને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા, અત્યાર સુધીમાં ૫૦૩૨૨ લોકો સાજા થતાં ડિસ્ચાર્જ કરાયા



ગાંધીનગરઃ રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૪૫૬૯ ટેસ્ટ કરવામાં આવતા ૧૦૩૪ દર્દીઓ પોઝીટીવ નોંધાયા હતા. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૬૭ હજારને પાર થઈ ૬૭૮૧૧ થયો છે. રાજ્યમાં ૨૭ મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૫૮૪ થયો છે. રાજ્યમાં ગુરૂવારે ૯૧૭ દર્દીઓ ડિસ્ચાર્જ કરવામાં આવતા ડિસ્ચાર્જનો આંકડો ૫૦ હજારને પાર થઈ ૫૦૩૨૨થયો છે. રાજ્યમાં આજે એક્ટિવ કેસ ૧૪૯૦૫ થયા છે. જેમાં ૮૨ વેન્ટીલેટર પર અને ૧૪૯૦૫ સ્ટેબલ છે.ચાલુ સપ્તાહમાં રાજ્યમાં કોરોના પોઝીટીવનો આંકડો ત્રીજીવાર હજારને પાર થયો છે. રાજ્યના આઠ મહાનગરપાલિકા અને ૩૨ જીલ્લામાં કોરોનાાનો કહેર યથાવત રહ્યો છે.આરોગ્ય વિભાગે આપેલ યાદી મુજબ કોવિડ-૧૯ ના કારણે કુલ દર્દીઓના મોત થયા છે.જેમાં અમદાવાદ મહાનગરમાં ૫, સુરત મહાનગરમાં ૫ અને જીલ્લામાં ૪, રાજકોટ મહાનગરમાં ૨ અને જીલ્લામાં ૩, કચ્છ અને વડોદરા મહાનગરમાં ૨ અને જીલ્લામાં ૧, જામનગર મહાનગર, મહેસાણા અને વલસાડમાં ૧-૧ મોત, કોરોનાને લીધે નોંધાયા છે.અમદવાદ શહેરમાં ૧૩૭ અને જીલ્લામાં ૧૪ સાથે કુલ ૧૫૧ કોરોના પોઝીટીવ નોંધાયા છે.આ સાથે કુલ કોરોના સંક્રમિતોનો આંકડો ૨૭૪૩૪ થયો છે.આજે વધુ ૫ મોત સાથે મૃત્યુઆંક ૧૬૨૨ થયો છે. સુરત શહેરમાં ૧૮૪ અને જિલ્લામાં ૫૪ સાથે ૨૩૮ કોરોનાના કેસ નોંધાયા છે આજે વધુ ૯ મોત સાથે મોતનો કુલ આંકડો સુરતમાં ૪૭૨ પર પહોંચ્યો છે. વડોદરા શહેરમાં આજે સતત ત્રીજા દિવસે સતત ૧૦૦ પર કેસ નોંધાયા છે.વડોદરા મહાનગરમાં ૯૫ અને જિલ્લામાં ૨૧ સાથે ૧૧૬ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો વડોદરામાં ૫૨૭૭ થયો છે. આજે વધુ ૩ મોત સાથે કુલ ૯૧ મોત થયા હતા.રાજકોટ મહાનગરમાં ૭૧ અને જીલ્લામાં ૧૯ સાથે કુલ ૯૦ કેસ કોરોનાના નોંધાયા છે.આ સાથે રાજકોટમાં કુલ કોરોના સંક્રમિતના ૨૩૨૮ કેસ થયા છે.આજે વધુ પાંચ મોત નોંધાતા મૃત્યુઆંક ૪૩ પર પહોંચ્યો છે.ગાંધીનગર શહેરમાં ૧૩ અને જીલ્લામાં ૧૯ સાથે ૩૨ કેસ નોંધાતા કુલ સંક્રમિત કોરોનાના કેસ ૧૬૫૩ થયો છે.

# સુરતમાં સ્થિતિ કેવી રીતે બગડી, ખુલાસો કરોઃ કોર્ટ

અમદાવાદ : કોરોના મુદ્દે હાઈકોર્ટે કરેલી સુઓમોટો અરજીમાં હાઈકોર્ટે રાજ્ય સરકારને આદેશ કર્યો છે કે, માસ્ક ન પહેરતા લોકો પાસેથી દંડ પેટે રૂ. ૧ હજારનો દંડ વસુલો અને આ માટે સરકાર નોટિફિકેશન/ ઠરાવ/ પરિપત્ર બહાર પાડે. હાઈકોર્ટે સરકારને સ્પષ્ટ રીતે કહ્યું છે કે, વર્તમાન સમયમાં મહત્વનુ શું છે, તે વિચારો. અમદાવાદમાં કોરોના ફરીથી વકરે નહીં તે માટે, સુરત અને અમદાવાદ વચ્ચેની અવરજવર બંધ કરો. રાજ્યમાં કોરોના ગ્રામીણ વિસ્તારો સુધી પ્રસર્યો છે. આ ચિંતાજનક બાબત છે, સુરતમાં સ્થિતિ કેમ વણસી રહી છે તેનો પણ સરકારે ખુલાસો કરવો જોઈએ.

### ૧૧ જિલ્લાઓમાં કોરોના ટેસ્ટની લેબ કેમ નથી? હાઇકોર્ટનો સવાલ

ગુજરાતમાં કોરોના વાયરસની સ્થિતિ ખુબ જ ચિંતાજનક સ્તરે પહોંચી ગઇ છે. મોતનો આંકડો પણ ડરામણો છે. જો દેશના અન્ય રાજ્યો સાથે ગુજરાતના એક્ટિવ કેસની સરખામણી કરવામાં આવે તો ગુજરાત આ મામલે ૭માં ક્રમે છે. રાજ્યમાં દિનપ્રતિદિન ટેસ્ટની સાંખ્યામાં ઉત્તરોત્તર વધારો કરવામા આવી રહ્યો છે. તેવું સરકાર જણાવી રહી છે. પરંતુ આ મામલે ગુજરાત હાઇકોર્ટનું તો કંઇક અલગ જ કહેવું છે. ગુજરાતમાં ટેસ્ટિંગ વધારવા હાઈકોર્ટે કહ્યું છે .હાઇકોર્ટે કહ્યું કે, ૧૧ જિલ્લામાં લેબ કેમ સ્થાપવામાં આવી નથી. આ ૧૧ જિલ્લાઓમાં લેબ સ્થાપવાના આદેશ કેમ આપવામાં આવ્યા નથી.

### સામાજિક-ધાર્મિક મેળવડા બંધ કરો

હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરી છે કે, લાગણીઓમાં તણાઈને જો લોકોને સામાજિક કે ધાર્મિક મેળાવડાની મંજૂરી આપવામાં આવશે તો કમ્યુનિટી ટ્રાંસમિશનની સંભાવના વધશે. જો આ પ્રકારની સ્થિતિ સર્જાશે તો, અસંખ્ય લોકો કોરોનાથી સંક્રમિત થશે અને તેનાથી સ્થિતિ વણસી શકે છે. તેથી સામાજિક અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન હાલ મોકુફ કરી દેવું જોઈએ.

### ગુજરાતમાં ટેસ્ટિંગ વધારો : હાઈકોર્ટ

ગુજરાતમાં ટેસ્ટિંગના મુદ્દા પર હાઈકોર્ટે રાજ્ય સરકારની આકરી ઝાટકણી કાઢી છે. દર દસ લાખે થતા ટેસ્ટિંગના આંકડામાં ગુજરાત સૌથી નીચે છે. ટેસ્ટિંગ ન કરવા માટે રાજ્ય સરકારે જે કારણો દર્શાવ્યા છે, તે વાજબી લાગતા નથી. ટેસ્ટિંગ ન કરવા માટેના રાજ્ય સરકારના આ કારણોમાં તથ્ય નથી. વાસ્તવમાં હજી ટેસ્ટિંગ વધારવાની જરૂર છે.

## સુરતમાં એક મહિનામાં કોરોનાથી ૪૦૦નાં મોત

સુરતઃ કોરોનામાં સૌથી અસરગ્રસ્ત વિસ્તાર વરાછા ઝોનમાં ખાસ કરીને ડાયમંડ ઉદ્યોગ પર ઘેરાયેલા સંકટના વાદળો હવે ધીરે ધીરે દૂર થઈ રહ્યાં છે. ૨૮ દિવસ ઉપરાંતથી કલસ્ટર તરીકે જાહેર વરાછા, કાપોદ્રાના ડાયમંડ યુનિટો, હીરાના કારખાનાઓમાં અને તે વિસ્તારમાં સંક્રમણ ઘટતાં પાલિકા કમિશનરે જુદા જુદા ૨૪ વિસ્તારોને કલસ્ટર મુક્ત કર્યા છે જેમાં, ખાસ કરીને ડાયમંડ એકમો, હીરા કારખાનાઓ વધુ છે. મહત્ત્વના ૨૪ રસ્તાઓ, વિસ્તારો પર ૨૫૦ થી વધુ ડાયમંડ યુનિટો અને કારખાનાઓ આવ્યાં છે. બીજી બાજુ સુરતમાં છેલ્લા એક મહિનામાં કોરોનાથી ૪૦૦ લોકોનાં મોત થઇ ચૂક્યાં છે. સુરતમાં ૨૧ માર્ચના રોજ સુરતમાં કોરોનાથી પ્રથમ વ્યક્તિનું મૃત્યુ થયું હતું. ત્યારથી લઈને શનિવાર સુધીમાં ૬૦૯ વ્યક્તિઓના કોરોનાથી મૃત્યુ થઇ ચૂક્યાં છે.

## અમદાવાદમાં કોરોના વાયરસથી મોતનો આંકડો ૧૬૦૦ ઉપર પહોંચ્યો

અમદાવાદઃ ગુજરાતમાં કોરોના વાઈરસથી સૌથી વધુ સંક્રમિત શહેર અમદાવાદમાં હવે મોતનો આંકડો ૧૬૦૦ ને પાર પહોંચી ચૂક્યો છે. ગુજરાતમાં કોરોનાથી કુલ ૨૫૦૯ ના મોતમાં એકલા અમદાવાદના જ ૧૬૦૯ મોતનો સમાવેશ થાય છે જ્યારે રાજ્યમાં કુલ ૬૪,૬૮૪ પોઝિટિવ કેસમાંથી અમદાવાદમાં ૨૬,૯૬૯ કેસ નોંધાયાં છે. અમદાવાદ શહેર અને જિલ્લામાં એક સમયે કોરાનાના ૨૫૦થી ૩૦૦ જેટલા કેસ નોંધાતા હતા. જોકે થોડા દિવસોથી કેસો ૧૫૦થી ૧૬૦ આસપાસ આવી રહ્યા છે. શહેર અને જિલ્લામાં ૧૫૧ કેસ નોંધાયા છે.

## રાપર ધારાસભ્યના પતિ સંક્રમિતઃ દર્દીનો આંક ૬૦૯ઃ કુલ ૨૯ મોત

ભુજઃ રણપ્રદેશ કચ્છમાં કોરોના વિસ્ફોટ થયો હોય તેમ ભુજની જી.કે. જનરલ હોસ્પિટલની લેબ, રેપિડ ટેસ્ટ અને ખાનગી લેબમાં ટેસ્ટ કરાવનારાં ૨૬ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યાં છે. પોઝિટિવ કેસનો એક દિવસમાં નોંધાયેલો અત્યારસુધીનો આ સર્વાધિક આંકડો છે. ૨૬માંથી ૧૩ દર્દીને કોરોનાગ્રસ્ત વ્યક્તિના સંસર્ગથી ચેપ લાગ્યો છે.વધુ ૨૬ કેસ સાથે કચ્છમાં કોરોનાના કુલ કેસનો આંકડો ગણતરીના દિવસોમાં ૬૦૯ પર પહોંચી ગયો છે. જે પૈકી હાલ ૧૮૫ એક્ટિવ પોઝિટિવ કેસ છે. ૩૯૫ લોકો સાજા થઈ ચૂક્યાં છે જ્યારે ૨૯ લોકોના મૃત્યુ નીપજી ચૂક્યાં છે. એકતરફ આજે ૨૨ લોકોને વિવિધ હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી ત્યાં વધુ ૨૬ નવા દર્દી નોંધાયાં છે. સીમાવર્તી રાપરમાં વિવિધ આગેવાનો એક પછી એક કોરોનાની ઝપટમાં આવી રહ્યાં છે. ધારાસભ્યના ૫૬ વર્ષીય પતિ ભચુભાઈ આરેઠીયા સંક્રમિત બન્યાં પછી વધુ એક પોઝિટિવ કેસ નોંધાયો છે.

## વડોદરામાં એડવોકેટ, જ્વેલર અને વેપારી સહિત ૧૬ દર્દીઓના મોત

વડોદરા- વડોદરામાં કોરોનાની સારવાર લઈ રહેલા અગ્રણી જ્વેલર , એડવોકેટ અને ડ્રાયફ્રૂટના વેપારી સહિત ૧૬ નાગરિકોના કોરોનાને કારણે મોત થયા હતા. જેતલપુર રોડ ઉપર રહેતા અને ઘરની નીચે જ જ્વેલરી શોરૂમ ધરાવતા ૭૫ વર્ષના જ્વેલર પરષોતમભાઈ લક્ષ્મણરાવ ગણેદેવીકરની તબિયત લથડતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને બુધવારે સારવાર દરમિયાન તેમનું અવસાન થયુ હતું.

તો પ્રતાપનગર વિસ્તારમાં રણમુક્તેશ્વર મહાદેવ મંદિર રોડ પર રહેતા ૬૪ વર્ષના સિનિયર એડવોકેટ અશોકભાઈ પ્રાણલાલ શાહનું પણ અવસાન થયુ હતું. જ્યારે કારેલીબાગમાં અંબાલાલ પાર્ક પેટ્રોલપંપ નજીક સ્કાય હાર્મનીમાં રહેતા ડ્રાયફ્રૂટના વેપારી સુરેશભાઈ શંકરભાઈ ઠક્કર (ઉ.૭૦)ને ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા તેમનો રેપીડ ટેસ્ટ કરાયો ત્યારે નેગેટિવ આવ્યો હતો જ્યારે સ્વેબ ટેસ્ટમાં તેઓ પોઝિટિવ હોવાનું નિદાન થયુ હતું અને આજે તેમનું પણ અવસાન થયુ હતું.

## MLA કગથરા પરિવારના ૭૦માંથી ૨૨ને કોરોના

રાજકોટઃ મોરબી જિલ્લાના ટંકારા વિધાનસભા બેઠકના ધારાસભ્ય લલિત કગથરાના પુત્ર અને પૂત્રવધૂનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હાલ તો બંને ઘરે જ સારવાર લઈ રહ્યાં છે. અત્યાર સુધીમાં કગથરા પરિવારના ૭૦ લોકોમાંથી ૨૨ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જોકે લલિત કથગરાના પત્નીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. રાજકોટ જિલ્લામાં છેલ્લા ૭ દિવસમાં કોરોનાથી ૬૮ લોકોના મોત થયા છે. જ્યારે કુલ પોઝિટિવ કેસનો આંકડો ૧૯૦૦ને પાર પહોંચી ગયો છે. આ સાથે જ અમરેલીમાં ૧૧, જામનગરમાં ૨૦, ગોંડલમાં ૫ અને ઉપલેટામાં ૪ કેસ પોઝિટિવ નોંધાયા છે.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM


India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## બોલીવુડના અભિનેતા સુશાંતસિંહના કમોત પ્રકરણમાં મહારાષ્ટ્ર સરકાર અને પોલીસનું શંકાસ્પદ વલણ

# સુશાંત કેસની તપાસમાં હવે સીબીઆઇની એન્ટ્રી

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ભારતીય ફિલ્મ જગતના લોકપ્રિય અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના કમોતની તપાસ પણ ફિલ્મી સ્ટોરી જેવી બનતી રહી છે. ભાગ્યે જ કોઈ ફિલ્મમાં જોવા મળે એવા ટ્વીસ્ટ તપાસના નામે ચાલતા પ્રકરણમાં આવ્યા. એક પછી એક પાત્ર ઉમેરાતાં ગયા અને આખરે મામલો સીબીઆઈને હવાલે કરી દેવાયો છે. છેલ્લાં એક અઠવાડિયા દરમિયાન સુશાંત કેસમાં ચાલેલા ખેલસમાં રાજકારણીઓ પણ કૂદી પડ્યા હતા. મતોની લાયમાં સુશાંતને 'બિહાર કા બેટા' બનાવીને બિહારની નીતીશ કુમાર સરકારે આ મુદ્દાને ચગાવ્યો છે. બીજી તરફ સુશાંતના મોતની તપાસમાં મહારાષ્ટ્ર પોલીસનું અને સરકારનું વલણ પણ શંકાસ્પદ છે. અત્યાર સુધી આખા કેસમાં નિવેદનો નોંધવા સિવાય પોલીસ કશુ કરી શકી ન હતી. તેથી મીડિયામાં મહારાષ્ટ્ર પોલીસ પર છેલ્લાં એક અઠવાડિયામાં બરાબર માછલા ધોવાયા છે. બિહારમાં ભાજપ નીતીશના જેડીયુ સાથે છે અને તેને પણ ફરી સત્તામાં આવવામાં રસ છે જ. સુશાંતનું મોત મહારાષ્ટ્રમાં થયું છે. મહારાષ્ટ્રમાં શિવસેના-કોંગ્રેસ-એનસીપીની સરકાર છે. તેથી ભાજપને પણ રાજકીય હિસાબ સરભર કરવાની તક મળી ગઈ છે, ભાજપ પણ હઈસો હઈસોમાં જોડાઈ ગયો છે. તેના કારણે સુશાંતના મોતનો મામલો એ સંપૂર્ણપણે રાજકીય મુદ્દો પણ બની ગયો છે.

જો કે, સામે મુંબઈ પોલીસ પણ શંકાસ્પદ રીતે વર્તી રહી છે. મુંબઈ પોલીસને સુશાંતના મોતનાં કારણો શોધવાના બદલે આ કેસ બંધ થઈ જાય અને લોકો તેને ભૂલી જાય તેમાં વધારે રસ હોય એવું તેનું વર્તન છે. ખાસ કરીને બિહાર પોલીસે તપાસના બહાને મુંબઈમાં ધામા નાખ્યા પછી મુંબઈ પોલીસે જે રીતે તપાસ ના થાય એ માટેના ઉધામા કર્યા, તેના કારણે મામલો પેચીદો બન્યો હતો. મુંબઈ પોલીસના શંકાસ્પદ વર્તનનું તાજું ઉદાહરણ સોમવારે બહાર પડાયેલી વિગતો હતી. મુંબઈ પોલીસે દાવો કર્યો હતો કે, સુશાંત બાયોપોલર ડિસઓર્ડરની દવા લેતો હતો અને તેની સારવાર પણ ચાલી રહી હતી. બાયોપોલર ડિસઓર્ડરમાં વ્યક્તિના મૂડ બહુ ઝડપથી બદલાતા હોય છે. કોઈ વાર એ એકદમ હતાશ થઈ જાય તો કોઈ વાર એકદમ આક્રમક બની જાય. પોલીસનો એવો દાવો પણ છે કે, છેલ્લા દિવસોમાં સુશાંત ગૂગલ પર પોતાની જૂની મેનેજર દિશા સાલિયાન અને પોતાની બીમારી વિશે છાસવારે સર્ચ કર્યા કરતો હતો. દિશા સાલિયાનનું મોત સુશાંતના મોતના પાંચ દિવસ પહેલાં એટલે કે, ૯ જૂને રહસ્યમય રીતે થયું હતુ. મોતના થોડા કલાક પહેલાં સુશાંતે પોતાનું નામ વારંવાર સર્ચ કર્યુ હતું. પોલીસને આ બધી વિગતો સુશાંતના લેપટોપ અને મોબાઈલ ફોનની તપાસમાંથી મળી હોવાનો દાવો કરાયો છે. મુંબઈ પોલીસે હજુ સુધી તપાસમાં કોઈ રાજકારણીનું નામ સામે આવ્યું નથી એવી ચોખવટ પણ કરી છે.

તેથી સુશાંતના પરિવારે નોંધાવેલી ફરિયાદ સામે પણ સવાલ ઉઠયા છે. બીજી બાજુ બિહાર પોલીસે સુશાંતના પિતાએ સુશાંતની ગર્લફ્રેન્ડ રિયા ચક્રવર્તી સામે કરેલી ફરિયાદ નોંધી છે. રિયા તથા તેના પરિવારે સુશાંતને બરાબરનો ખંખેરી લીધેલો અને ભારે માનસિક ત્રાસ આપ્યો તેમાં તેણે આપઘાત કરી લીધો એવો તેમનો આક્ષેપ છે. બિહાર પોલીસ આ કેસની તપાસ કરવા મુંબઈ આવી હતી. જે બાદ આઈપીએસ વિનય તિવાર મુંબઈ પહોંચતા જ તેને કવોરોન્ટાઈન કરી દેવાયા હતા. તેથી વિવાદ વધ્યો છે.

મુંબઈ પોલીસનું કહેવું છે કે, સુશાંતની બહેન, બનેવી અને પિતાએ મોતના બે દિવસ પછી એટલે કે ૧૬ જૂને નિવેદન નોંધાવ્યું ત્યારે કોઈની સામે શંકા નહોતી વ્યક્ત કરી અને હવે અચાનક ફરિયાદ કરી દીધી છે. આડકતરી રીતે એવું કહેવાયું છે કે, સુશાંતના પરિવારે કોઈના ચડાવ્યા આ તૂત ઊભું કર્યું છે. મુંબઈ પોલીસની આ વાતો ઘણી શંકાઓ પેદા કરનારી છે. સુશાંત ૧૪ જૂને ગુજરી ગયો હતો. એ જ વખતે મુંબઈ પોલીસે તેનું લેપટોપ અને મોબાઈલ ફોન કબજે કર્યા હતા. આ બધી વાતોની તો તેને અઠવાડિયા કે બહુ બહું તો દસ દાડામાં ખબર પડી ગઈ હશે. છતાં મુંબઈ પોલીસે ૫૦ દિવસે આ મુદ્દે ફોડ પાડ્યો છે. સુશાંતના મોત અંગે પહેલેથી સવાલો ઊભા થતા જ રહ્યા છે. આ સંજોગોમાં પોલીસે તેને જે કંઈ મળ્યું તેની વાતો જાહેર કરવી જોઈતી હતી પણ પોલીસ ચૂપ હતી. વળી, બિહાર પોલીસે તપાસ શરૂ કરી ત્યારે મુંબઈ પોલીસે આ બધી વાતો મોડે મોડે કહેવી પડી, એ શંકાસ્પદ જ કહેવાય.

સુશાંત પોતાની બીમારી વિશે સર્ચ કર્યા કરે એ સમજી શકાય, પણ દિશા વિશે સતત સર્ચ કરે એ અજુગતું કહેવાય. દિશા તેની નજીક હતી. તેથી સુશાંતને આઘાત લાગ્યો હશે, પણ સતત પાંચ દિવસ સુધી એ સર્ચ કરે એ નોર્મલ ના કહેવાય. પોલીસે એ દિશામાં પણ કોઈ તપાસ કરી ન હતી. પોલીસ સુશાંતના પરિવાર સામે આંગળી ચીંધી રહી છે એ પણ કઠે છે. સુશાંત પોતાના પરિવારને પોતાની બધી વાતો કહેતો હોય એ જરૂરી નથી. રીયા સાથેના સંબંધોમાં શું થયું શું ના થયું તેની વાત એ પરિવારને કરતો હોય એ જરૂરી નથી. આ સંજોગોમાં તેના પરિવારે મૃત્યુના બે દિવસ પછી આપેલાં નિવેદનમાં કોઈની સામે શંકા ના દર્શાવી તો એ કંઈ પથ્થરની લકીર ના કહેવાય. સુશાંતને લગતી બીજી બાબતો, તેનાં બૅંક એકાઉન્ટ, તેના ઘરની ચીજોને તપાસતાં પરિવારને પછીથી શંકાસ્પદ લાગ્યું અને તેમણે ફરિયાદ નોંધાવી તો તેમાં વાંધો લેવા જેવું કશું ન હતુ. એકંદરે મુંબઈ પોલીસ કશું છૂપાવ્યા વિના નિષ્પક્ષ રીતે વર્તતી હોય એવું ચિત્ર ઊપસતું ન હતુ.

સુશાંતના મોતને તેની ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયાનના કમોત સાથે પણ જોડવામાં આવે છે. હકીકતમાં સુશાંત અને દિશાના મોત સાથે એક યુવા રાજકીય નેતાનું નામ જોડાયું છે. સુશાંત ગુજરી ગયો તેના થોડાક દિવસ પહેલાં જ દિશા સાલિયાનનું રહસ્યમય રીતે મોત થયેલું. દિશા સુશાંતની મેનેજર હતી પણ પછી બંને છૂટાં પડી ગયેલાં. પહેલાં એવી વાત બહાર આવેલી કે, દિશાએ પોતાના ફ્લેટની બાલકનીમાંથી કૂદીને આપઘાત કરી લીધો હતો, પણ પછી પોલીસ તપાસમાં નવો ફણગો ફૂટ્યો. પહેલા મુંબઈ પોલીસે દિશાનું મોત આકસ્મિક રીતે થયાનો કેસ નોંધ્યો હતો પણ પછી પૂછપરછમાં એવી વાતો બહાર આવી કે, દિશા પોતાના ફ્લેટમાં કેટલાક મિત્રો સાથે ડિનર પછી પાર્ટી કરી રહી હતી. તેણે બેફામ દારૂ ઢીંચ્યો હતો તેમાં તેનાં ઊભા રહેવાનાં પણ ઠેકાણાં નહોતા. નશામાં જ તેણે સંતુલન ગુમાવ્યું અને એ બારીમાંથી પડી ગઈ હોવાની શક્યતા છે. દિશાના મોત અંગે તપાસ ચાલુ છે. પાર્ટી કરવા સમયે દીશા સાથે અજૂગતી ઘટના ઘટી હોવાની ચર્ચા પણ ચાલી રહી છે. તે વખતે દિશાએ સુશાંતને ફોન કરીને પોતાના પર શું વિતી છે એ કહ્યું હતુ. જે બાદ દીશાના મોતના સમાચાર જાણા સુશાંત રડમસ અને હતાશ રહેતો હતો.

આ વાતમાં કેટલો દમ છે એ ખબર નથી. પણ હવે સુશાંતના કેસને અનેક દીશામાં તપાસવાની આવશ્યકતા છે. દરમિયાન મુંબઈ પોલીસના રવૈયાને કારણે બિહાર સરકારે કેન્દ્રને સીબીઆઈ તપાસની ભલામણ કરી દેતા તેને મંજૂરી મળી છે. હવે આ કેસની તપાસ સીબીઆઈ કરશે. આશા રાખી શકાય તે તે તે તપાસ નિષ્પક્ષ રહેશે. સુશાંતના મોતને રાજકીય રંગ લાગી ગયો છે અને બિહાર વિધાનસભાની ચૂંટણી નહીં પતે ત્યાં લગી આ મુદ્દો ચગેલો રહેશે તેમાં શંકા નથી.



**મુંબઇ પોલીસ ૫૦ દિવસ સુધી કશું જ ઉકાળી ન શકી અને બિહાર પોલીસના આઈપીએસ અધિકારીને પણ કોરોન્ટાઇનને નામે તપાસ કરતા અટકાવી દેવાયા, મહારાષ્ટ્ર સરકાર – પોલીસના વલણ સામે નીતીશે બાયો ચઢાવી**

# ૨૦૨૪ની રામનવમી સુધીમાં રામમંદિર તૈયાર થશે

અયોધ્યા : રામ જન્મભૂમિ ટ્રસ્ટના વડા મહંત નૃત્યગોપાલદાસે જણાવ્યું કે, એક વાર લેઆઉટ ફાઈનલ થયા બાદ નિર્માણ આગળ વધારાશે. જોકે ટ્રસ્ટ રામમંદિરનાં નિર્માણ પહેલાં પીએમ સાથે ચર્ચા કરાશે. બીજી તરફ ટ્રસ્ટી સ્વામી વાસુદેવાનંદ સરસ્વતીના જણાવ્યા અનુસાર તેઓ ઈચ્છે છે કે વીએચપીનાં જ મોડલને મંદિર માટે અપનાવવામાં આવે. મંદિરનાં સ્ટ્રક્ચર માટે પથ્થરો પણ તૈયાર છે. વાસુદેવાનંદ જણાવે છે કે મંદિર શાનદાર હોવું જોઈએ અને વિશ્વનું સૌથી મોટું મંદિર હોવું જોઈએ. બીજી તરફ સરકારી સૂત્રોના મતે મંદિરનો પ્લાન હજી પાસ થયો નથી તેથી મંદિર કેવું બનશે અને ક્યારે બનશે તે અત્યારથી કહી શકાય નહીં. જોકે, શરૂઆતના દોઢ વર્ષમાં જમીન લેવલનું કામ પૂર્ણ કરવાનું અને બાદમાં ૨ વર્ષમાં મંદિરના ઉપરના ભાગનું કામ તૈયાર કરવાનું લક્ષ્યાંક નક્કી કરાયું છે. જોકે આમ સાડા ત્રણ વર્ષમાં મંદિરના શિખર સુધીનું કામ સંપન્ન કરવા ટ્રસ્ટીઓ ગણતરીઓ માંડી રહ્યા છે.

## વિશ્વનું સૌથી મોટું મંદિર બનાવવા ભક્તોની માગણી

### ૨ માળ, ૫ પ્રવેશ દ્વાર, અષ્ટકોણીય આકાર

વીએચપીએ ઘણાં વર્ષો સુધી મંદિરનિર્માણ માટે વિવિધ નકશાઓ પર વિચાર કર્યો અને ત્યારબાદ એક નકશો તૈયાર કર્યો હતો. જે નકશાને રામમંદિરનું મૂળ સ્વરૂપ ગણવામાં આવી રહ્યું છે. જે નકશા મુજબ મંદિર ૧૨૮ ફૂટ ઊંચું, ૧૪૦ ફૂટ પહોળુ અને ૨૬૮.૫ ફૂટ લાંબું હોઈ શકે તેમ છે. આ બે માળનાં મંદિરમાં ૨૧૨ સ્તંભો હશે.


### મંદિરમાં લોખંડનો ઉપયોગ નહીં કરાય

મંદિરની છત પર એક શિખર હશે, જેને મંદિરની ભવ્યતાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવશે. મંદિરમાં પાંચ પ્રવેશદ્વાર (સિંહદ્વાર, નૃત્યમંડપ, રંગ મંડપ, પૂજા કક્ષ અને ગર્ભ ગૃહ) હશે. રામલલાની મૂર્તિ નીચેના માળ પર જ વિરાજમાન કરવામાં આવશે. ખાસ બાબત એ છે કે મંદિરમાં કોઈ પણ પ્રકારનાં લોખંડનો ઉપયોગ કરવામાં આવશે નહીં. આ સંપૂર્ણ મંદિરનાં નિર્માણમાં આશરે ૧.૭૫ લાખ ઘન ફૂટ પથ્થરની આવશ્યકતા પડી શકે છે.



## મંદિરનું કામ લાર્સન અને ટુર્બોને સોંપાયું, દાન કરનારને ટેક્સમાં રાહત અપાશે

નરેન્દ્ર મોદી દ્વારા અયોધ્યામાં ભૂમિપુજનની સાથે જ રામ મંદિર નિર્માણનું કાર્ય ઝડપી શરૂ થઈ જશે. તેમ છતાં દરેક લોકોના મનમાં એક જ સવાલ છે કે ભવ્ય રામ મંદિર ક્યાં સુધી બનીને તૈયાર થઈ જશે અને શ્રદ્ધાળુંઓને રામલલાના દર્શન કરવાનો મોકો ક્યારે મળશે. એવામાં શ્રીરામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટે રામ મંદિર બનવાનો એક સમય નક્કી કર્યો છે અને ૨૦૨૪ પહેલા અયોધ્યામાં ભવ્ય રામ મંદિર બનીને તૈયાર થઈ જશે. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટે અયોધ્યામાં મંદિર નિર્માણ માટે સાડા ત્રણ વર્ષમાં કોઈ પણ કાળે બનાવવાનો ટાર્ગેટ રાખ્યો છે. ટ્રસ્ટે મંદિર નિર્માણ માટે લાર્સન એન્ડ ટૂર્બો કંપનીને કામ સોંપવામાં આવ્યું છે. જો કે, ટ્રસ્ટે મંદિર નિર્માણ માટે ૩૨ મહિનાની અંદરનો સમય આપી રાખ્યો છે. જેથી જો થોડું ઘણું કામ રહી જાય તો તે સમયમાં પુરુ કરી શકાય છે. આ ઉપરાંત વધુમાં મળતી વિગત મુજબ અયોધ્યા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટમાં દાન કરનારા માટે ઈનકમ ટેક્સમાં છૂટ આપવામાં આવશે.



### ભૂમિપુજનની સાથે સાથે

- મોદી રામજન્મભૂમિ જનારા દેશના પહેલા વડાપ્રધાન
- આ પહેલો અવસર હતો કે દેશના વડા પ્રધાન હનુમાનગઢી આવ્યા અને પૂજન કર્યું
- દેશની સાંસ્કૃતિક ધરોહર ગણાતા મંદિરનાં નિર્માણ માટેનાં ભૂમિપૂજનમાં પણ પહેલી વખત કોઈ ભારતીય વડા પ્રધાને ભાગ લીધો હતો
- અત્યાર સુધી સંઘરી રાખવામાં આવેલા પથ્થરોની સ્થાપનાનો સંકલ્પ કરીને પૂજનવિધિ
- બકુલના વૃક્ષનો શંકુ બનાવીને સોના-ચાંદી જેવાં નવ રત્નો ભરીને કૂંડીમાં દાટવામાં આવ્યાં
- ૪૦૦ ક્વિન્ટલ ફૂલોથી અયોધ્યાને શણગારાઇ
- રંગોળીઓ બનાવી લોકોએ ઘરેઘરે દીવા પ્રગટાવ્યા
- ૩૨ સેકન્ડના મુહૂર્તમાં પીએમ દ્વારા મંદિરનિર્માણનો સંકલ્પ લઈને પૂજનવિધિ પૂર્ણ કરવામાં આવી
- ૧૯૮૯માં દુનિયામાંથી અયોધ્યામાં આવેલી ૨.૭૫ લાખ ઈંટોમાંથી ૯ ઈંટોનો પણ પૂજામાં સમાવેશ
- ૨૦૦૦થી વધુ પવિત્ર સ્થળો, ૧૦૦થી વધુ પવિત્ર નદીઓનાં પાણીનો પૂજન સંકલ્પમાં સમાવેશ
- ૪૦ મિનિટ ચાલેલી પૂજા દરમિયાન ચાંદીની નવ ઈંટોની પૂજા કરવામાં આવી
- કાંચીના શંકરાચાર્ય દ્વારા મોકલવામાં આવેલા યંત્રની પણ ભૂમિપૂજનમાં સ્થાપના કરવામાં આવી

### પીએમ મોદી બન્યાં રામમય

- ભગવાન બુદ્ધ પણ રામ સાથે સંકળાયેલા તો અયોધ્યા જૈન ધર્મની આસ્થાનું પણ કેન્દ્ર
- વિશ્વના એક ડઝન કરતાં વધુ દેશમાં ત્યાંની ભાષામાં રામકથા પ્રચલિત
- રામ બધાનાં છે, બધામાં છે, જીવનના દરેક પાસામાં રામ પ્રેરણા આપે છે. મારું અયોધ્યા આવવું સ્વાભાવિક હતું.

## રામ મંદિર ભૂમિ પૂજન માટે હોંગકોંગના રસ્તે થઈ પીઓકેથી આવી શારદા પીઠની પવિત્ર માટી

અયોધ્યા : શ્રીરામ જન્મભૂમિ પર બની રહેલા મંદિરના પાયામાં સમગ્ર ભારતના તીર્થ સ્થળોની પવિત્ર માટી અને નદીઓના જળને રાખવામાં આવ્યા છે. તેના માટે પાકિસ્તાનના કબજામાં રહેલા કાશ્મીરના શારદા પીઠની માટી પણ લાવવામાં આવી હતી. ભારત અને પાકિસ્તાનની દુશ્મનીને ધ્યાનમાં રાખતા શારદા પીઠની માટી લાવવી સરળ નહોતી. કોઈ ભારતીયને પીઓકેમાં પ્રવેશની મંજૂરી નથી પરંતુ રામમંદિર માટે શારદા પીઠની માટી લાવવાનું આ મિશન એક ભારતવંશીય દંપતીએ પૂર્ણ કર્યું હતું અને તે પણ ચીનના પાસપોર્ટ પર. આ દંપતી હોંગકોંગના રસ્તે થઈને આ માટી લઈને આવ્યું હતું. આ દંપતી મૂળરૂપથી કર્ણાટકનું રહેવાસી છે તથા બજરંગબલી હનુમાનજીનું જન્મ સ્થળ પણ કર્ણાટક જ છે. કર્ણાટકના વેંકટેશ રમન અને તેમના પત્ની પીઓકે ખાતેથી રામ મંદિર માટે શારદા પીઠની માટી લઈ આવ્યા છે. તેઓ બંને ચીનમાં રહે છે. માટી લઈ જવા માટે સેવા શારદા પીઠે તેમનો સંપર્ક કર્યો હતો.



## રામમંદિર શિલાન્યાસની ખબર વર્લ્ડ મીડિયામાં છવાયેલી રહી

**એબીસી ન્યૂઝ :** કોરોના વાઇરસ જેવી મહામારીને લીધે મોટી ભીડ એકત્ર નહોતી થઈ, પણ ભારતનાં હિન્દુઓ ખુશ છે. વડા પ્રધાન મોદીએ રામમંદિરનું ભૂમિપૂજન કર્યું. જ્યાં પહેલાં કથિત મસ્જિદ હતી. રામમંદિરનાં નિર્માણમાં ત્રણથી સાડા ત્રણ વર્ષ લાગશે.

**સીએનએન :** રામમંદિરનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ સ્થળ વર્ષોથી હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે વિવાદનો મુદ્દો રહ્યો છે. બુધવારનાં રોજ ભૂમિપૂજનનો કાર્યક્રમ એવા સમયે કરવામાં આવ્યો, જ્યારે છેલ્લા પાંચ દિવસથી સતત કોરોનાના કેસ ૫૦ હજારથી વધુ નોંધવામાં આવી રહ્યાં છે.

**બીબીસી :** વડા પ્રધાન મોદીએ મંદિરનું ભૂમિપૂજન કર્યું. ૧૯૯૨ સુધી ત્યાં મસ્જિદ હતી. જેને લોકોનાં ટોળાંએ તોડી પાડી હતી. એવો દાવો કરવામાં આવે છે કે ત્યાં મસ્જિદ પહેલાં મંદિર હતું. ગત વર્ષે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદા બાદ રામમંદિર નિર્માણ શક્ય બન્યું છે.



અમેરિકામાં રામ મંદિરની ડિજિટલ તસવીર સાથે યાત્રા

**અલઝઝીરા :** મંદિર મસ્જિદની જગ્યા પર બનાવવામાં આવી રહ્યું છે. ભારતની સેક્યુલર વિચારધારા સાથે ચેડાં કરવામાં આવ્યા છે. ભારતની સત્તા પ્રાપ્ત હિન્દુ રાષ્ટ્રવાદી ભારતીય જનતા પાર્ટીએ ૧૯૮૦નાં દાયકામાં મંદિર આંદોલનનો પાયો નાંખ્યો હતો.

**ધ ડૉન :** પાકિસ્તાનનાં મીડિયા હાઉસ ધ ડૉને લખ્યું છે કે, બાબરી મસ્જિદની જગ્યા પર હિન્દુ મંદિરનો શિલાન્યાસ કરવામાં આવ્યો. તે જગ્યા પર આશરે ૫૦૦ વર્ષોથી બાબરી મસ્જિદ હતી. આ સેક્યુલર ભારતને હિન્દુ રાષ્ટ્રમાં બદલવા તરફ પગલું માંડવામાં આવ્યું છે. આ ઘટના દર્શાવે છે કે, ભારતનું મૂળભૂત બંધારણીય માળખું બદલાઈ રહ્યું છે.

**ધ ગાર્ડિયન :** બ્રિટનના અખબાર ધ ગાર્ડિયન દ્વારા લખવામાં આવ્યું કે, અયોધ્યામાં દિવાળી ત્રણ મહિના પહેલાં આવી ગઈ. અયોધ્યામાં રામમંદિરની આધારશિલા રાખવામાં આવી છે.



# અયોધ્યામાં દિવાળી, રામ કી પૌડી દીવાથી ઝગમગી


અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે વડાપ્રધાન મોદીએ ભૂમિપૂજન બાદ શિલાન્યાસ કર્યું. હવે મંદિર નિર્માણ શરૂ થઈ જશે. જ્યારે આજે અયોધ્યામાં દિવાળી મનાવવામાં આવી રહી છે. અયોધ્યા સિવાય પણ દેશના અનેક સ્થળોએ આવેલા મંદિરોમાં દિવા પ્રગટાવવામાં આવ્યા તેમજ ફટાકડા પણ ફોડવામાં આવ્યાં. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લખનૌ સ્થિત પોતાના સત્તવાર નિવાસ સ્થાને ફટાકડા ફોડ્યા. આ તકે તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રામમંદિરની આધાકશિલા રાખવી નવા યુગનો પ્રારંભ છે અને આ યુગ રામરાજ્ય અને નવા ભારતના નિર્માણનો છે. આ નવો યુગ લોકકલ્યાણ માટે તપોમયી સેવાનો છે. આ યુગ રામ રાજ્યનો છે. આ યુગ પ્રભુ શ્રી રામના આદર્શો અનુરુપ નવા ભારતના નિર્માણનો છે. અયોધ્યામાં રામ કી પૌડીમાં લોકોએ માટીના દિપ પ્રગટાવ્યાં. અહીં એક સાથે દોઢ લાખ દીપ પ્રગટાવવામાં આવ્યા. જેનાથી રામ કી પૌડી ઝળહળી ઉઠી. આ સિવાય અયોધ્યાના અનેક મંદિરો અને અલગ-અલગ સ્થળોએ પર દીવાં પ્રગટાવવામાં આવ્યાં. જ્યારે સંઘ પ્રમુખ મોહન ભાગવતે શિલાન્યાસના કાર્યક્રમ બાદ સાંજે સરયુ તટ પર આરતી કરી.

## ૧૩૫ કરોડ ભારતવાસીઓનો સંકલ્પ પાંચ સદી બાદ પૂરો થયો : યોગી આદિત્યનાથ



રામમંદિરની ભૂમિપૂજનવિધિ બાદ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ત્યાં ઉપસ્થિત લોકોને સંબોધિત કર્યા હતા. યોગી આદિત્યનાથે કહ્યું કે, પાંચ સદી બાદ આજે ૧૩૫ કરોડ ભારતવાસીઓનો સંકલ્પ પૂરો થઈ રહ્યો છે. દેશમાં લોકતાંત્રિક રીતે મંદિરનું નિર્માણ કરાઈ રહ્યું છે. મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, આ ઘડીની રાહ જોતાં કેટલીય પેઢીઓ પસાર થઈ ગઈ. વડા પ્રધાન મોદીની સૂઝબૂઝ અને પ્રયાસોને કારણે આજે સંકલ્પ પૂરો થયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, વડા પ્રધાન મોદીએ જે સંકલ્પ ૬ વર્ષ પહેલાં લીધો હતો, તે આજે પૂરો થયો છે. વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં ભારતની લોકતાંત્રિક શક્તિ અને અહીંના ન્યાયતંત્રે દુનિયાને દેખાડી દીધું છે કે વિવાદના મુદ્દાને શાંતિપૂર્વક, લોકતાંત્રિક અને બંધારણીય રીતે ઉકેલી શકાય છે. યોગીએ વધુમાં ઉમેર્યું હતું કે, અવધપુરીનું જે ગૌરવપૂર્ણ સપનું અમે જોયું હતું, તેનો અહેસાસ તમને પણ હશે. એ માટે અમે ત્રણ વર્ષ પહેલાં જે દીપોત્સવ શરૂ કર્યો, આજે તે સિદ્ધ થઈ રહ્યો છે. મંદિર નિર્માણનું કાર્ય રામજન્મભૂમિ ન્યાસ કરશે,એ દરમિયાન આપણે પ્રયાસ કરીશું કે આ નગરના સાંસ્કૃતિક વારસાને અક્ષુણ્ણ રાખવામાં આવે.


## તમારા દિલમાં અયોધ્યા બનાવો અને ભગવાન રામને અનુસરો : ભાગવત



સંઘ પ્રમુખ મોહન ભાગવત પણ રામ મંદિરના શિલાન્યાસના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ દરમિયાન તેઓએ સંઘ અને રામ મંદિર નિર્માણના આંદોલન અંગે વાત કરી હતી. સાથે તેમણે કહ્યું હતું કે રામ જન્મભૂમિ પૂજનથી સમગ્ર દેશમાં ખુશીની લહેર દોડી ગઈ છે અને તે આત્મનિર્ભર ભારતમાં મદદ કરશે. સંઘ પ્રમુખે સાથે જ રામ મંદિર આંદોલનમાં સામેલ એલ.કે. અડવાણી, અશોક સિંઘલ અને મહંત રામચંદ્ર દાસ પરમહંસને યાદ કર્યા હતા. એલ.કે. અડવાણી આ ભૂમિ પૂજન કાર્યક્રમમાં નહોતા આવી શક્યા. મોહન ભાગવત હવન વીધીમાં મોદીની સાથે જોડાયા હતા. તેમણે કહ્યું હતું કે સંઘે ત્રણ દસકા સુધી રામ મંદિર નિર્માણ માટે આંદોલન ચલાવ્યું છે. અને અંતે પરિણામ આવ્યું છે. મોહન ભાગવતે લોકોને વિનંતી કરી હતી કે તેઓ ભગવાન રામના વિચારોનું અનુસરણ કરે. તેમણે કહ્યું હતું કે લોકોએ પોતાના દિલમાં અયોધ્યા બનાવવાની જરુર છે કે જ્યાં લોકોએ અયોધ્યાના રાજાના વિચારોને અનુસરવા જોઈએ જેથી ભારતને એક મહાન દેશ બનાવી શકાય. તેમણે દરેકને રામના વિચારોનું પાલન કરવા અને જીવનમાં ઉતારવાની અપીલ કરી હતી.

## અયોધ્યાની કાયાપલટ થશે : ૬ લેન રોડ અને રીવર રીસોર્ટ વિકસાવાશે

રામનગરી અયોધ્યામાં મંદિર શિલાન્યાસ બાદ હવે અયોધ્યાનો વિકાસ શરુ થઇ રહ્યો છે. અયોધ્યામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બનશે. અત્યારે લખનઉ એરપોર્ટથી અયોધ્યા ૧૫૦ કી.મી. અંતર છે, લખનઉ થી ગોરખપુર સુધી ૬ લેન રોડ બનવા જઈ રહ્યો છે. સહાદતગંજ થી અયોધ્યા સુધી ૪ લેનનું નિર્માણ શરુ થવા જઈ રહ્યું છે. શ્રી રામમંદિરની ભવ્યતા લોકોને આકર્ષિત કરશે જ એવામાં અહીં બનાવવામાં આવશે તે દુનિયાની સૌથી ઊંચી શ્રીરામની પ્રતિમા અને નવું અયોધ્યા પ્રવાસનને વધારે પ્રોત્સાહિત કરશેમ તો બીજી તરફ અયોધ્યાની વિકાસની ગતિ હવે હાઈટેક થવા જઈ રહી છે ત્યારે હાઈટેક અયોધ્યા નગરી અને શ્રીરામજન્મભૂમિ મંદિર સમગ્ર અયોધ્યાની કાયા પલટ કરી દેશે. અયોધ્યામાં રિવર રોસોર્ટ પણ વિકસાવવામાં આવશે. આ રિવર રિસોર્ટને લીધે મોટી સંખ્યામાં લોકોને રોજગારી મળવાની આશા સેવાઈ રહી છે. અયોધ્યાની વિકાસની ગતિમાં ફૂડ ઇન્ડસ્ટ્રી, હોસ્પિટલ ઇન્ડસ્ટ્રી, અને ખાસ એક જિલ્લો એક ઉત્પાદન હેઠળ ખાસ ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય માર્કેટ સુધી પહોંચાડવાની તક મળશે. જે



૫૦૦ એકરની હાઈટેક ટાઉનશીપ હશે. ફાઇવ સ્ટાર હોટેલ્સ,રિવર સાઈડ રિસોર્ટ, સ્ટોરી બિલ્ડીંગ્સ, રહેણાંક માટે અત્યાધુનિક પ્લોટ વિકસાવવામાં આવશે. અત્યાધુનિક વિકસિત રસ્તા, અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ, તેમજ અન્ડરગ્રાઉન્ડ ઈલેક્ટ્રીસીટી લોકોને અહીં રહેવા માટે પ્રેરિત કરશેમ સરયૂ કિનારે સ્ટુડિયો એપાર્ટમેન્ટ બનાવશે તેમજ રામવન ગમન માર્ગથી જે પર્યટકોને વધુ આકર્ષિત કરશે. આ સમગ્ર પ્રોજેક્ટ માટે અંદાજે ૧૨૦૦ કરોડ નવી અયોધ્યા નગરી વસાવવા માટે ખર્ચવામાં આવશે. અયોધ્યામાં કોદન્ડ રામની ૨૫૧ ફૂટ ઉંચી પ્રતિમા જે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા હશે. આ પ્રતિમા માજા બરહટામાં મુકવામાં આવશે. ૮૩ હેકટર જમીનમાં આ પ્રતિમા મુકવામાં આવશેમ સુપ્રસિદ્ધ મૂર્તિકાર રામસુતાર આ પ્રતિમા બનાવે છે, અત્યારસુધીમાં ચીનમાં બુદ્ધની પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે જેની ઉંચાઈ ૨૦૮ મીટર છે. આ પ્રતિમામાં ૨૦ મીટર ઊંચું સ્તર રહેશે જ્યારે શ્રી રામની પ્રતિમા ૫૦ મીટર ઉંચા સ્તર ઉપર મુકવામાં આવશે, બેઇઝની નીચે વિશાળ મ્યુઝિયમ બનાવવામાં આવશે. ટેકનોલોજીના ઉપયોગથી ભગવાન વિષ્ણુના બધા અવતારોની માહિતી મ્યુઝિયમમાં દર્શાવવામાં આવશે. આ ઉપરાંત ડિજિટલ મ્યુઝિયમ, ફૂડ પ્લાઝા, લાયબ્રેરી, રામાયણ કાળની ગેલેરી પણ બનાવાશે.

## રામ મંદિર નિર્માણકાર્યના આરંભ સાથે જ નેતા અગ્રણીઓની પ્રતિક્રિયા

### ઐતિહાસિક દિવસની શુભેચ્છા : રાજનાથ

સંરક્ષણપ્રધાન રાજનાથસિંહે પણ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે પ્રત્યેક ભારતવાસી વર્ષોથી અયોધ્યામાં રામનું ભવ્ય મંદિર બને તેનું સપનું ધરાવતો હતો. આજે ભૂમિપૂજન કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તે રાષ્ટ્રીય સંકલ્પને પૂરો કર્યો છે. આ ક્ષણ પ્રત્યેક ભારતવાસી માટે ખૂબ ભાવુક ક્ષણ છે. હું શુભેચ્છા પાઠવું છું.

### દેશ માટે ગૌરવની બાબત : અરુણ, દિપિકા

રામાયણ સીરિયલમાં રામનું પાત્ર ભજવનારા અરુણ ગોવિલ અને સિતાનું પાત્ર ભજવનારા દિપિકા ચિખલીયાએ પણ રામ મંદિર નિર્માણ માટેના ભૂમિ પૂજન કાર્યક્રમને સમગ્ર દેશ માટે ગૌરવની બાબત ગણાવી હતી. ૬૨ વર્ષીય ગોવિલે જણાવ્યું હતું કે આજનો દિવસ ઇતિહાસમાં સુરર્ણ અક્ષરોએ લખાશે.

### રાષ્ટ્ર નિર્માણની નેમ સાકાર થશેઃ વિજય રૂપાણી

રૂપાણીએ અયોધ્યામાં વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીના હસ્તે રામ જન્મભૂમિ સ્થાને રામમંદિરના ભૂમિપૂજનથી રામમંદિરના ભવ્ય નિર્માણથી રાષ્ટ્ર નિર્માણની નેમ સાકાર થશે તેવો વિશ્વાસ દર્શાવ્યો છે. દેશની એકતા અખંડિતતા, સ્વાભિમાન, સંસ્કૃતિ પરંપરાની રક્ષા માટે રામમંદિર મહત્ત્વપૂર્ણ પરિબળ બનશે.

### એક નવા યુગની શરૂઆત થઈ : અમિત શાહ

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ટ્વિટ કરીને કહ્યું હતું કે 'ભારત માટે આજનો દિવસ ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ છે. પ્રભુ શ્રી રામની જન્મભૂમિ પર મોદી દ્વારા રામ મંદિર ભૂમિપૂજન અને શિલાન્યાસ કરવામાં આવ્યો, અને એક નવા યુગની શરૂઆત થઈ છે.

### શિલાન્યાસ સંકલ્પનું પ્રતિબિંબ બન્યું : પાટીલ

ગુજરાત ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે સુરતના વરાછામાં માનગઢ ચોક ખાતે આયોજિત સમારોહમાં ઉપસ્થિત રહી ભગવાન શ્રીરામની પૂજા અર્ચના કરી હતી. તેમણે જણાવ્યું કે, મંદિર નિર્માણનો શિલાન્યાસ સમારોહ કરોડો દેશવાસીઓની અપેક્ષા, આકાંક્ષાઓ અને સંકલ્પનું પ્રતિબિંબ બન્યો છે.

### રામ મંદિર ભાઇચારાનું પ્રતિક : સુન્ની સંગઠન

ઉત્તર પ્રદેશના સુન્ની સોસિયલ ફોરમ નામના સંગઠનના પ્રમુખ રાજા રઇસે કહ્યું હતું કે ભગવાન રામ આપણા ઇમામ-એ-હિંદ છે અને રામ મંદિર ભાઇચારાનું એક પ્રતિક બની રહેશે. પોતાને કાર સેવક ગણાવનારા રઇસે કહ્યું હતું કે અમારા માટે ભગવાન રામ ઇમામ-એ-હિંદ છે.





# કેનેડામાં કોરોના વાયરસની મહામારી દરમિયાન બાપ્સ ચેરીટીઝે ૪૩ શહેરોમાં સહાય પહોંચાડી






ટોરન્ટો : છેલ્લાં થોડા મહિનાથી કેનેડાની બાપ્સ ચેરીટીઝે ૪૩ શહેરોમાં પીપીઈ કીટ, કેર પેકેજીસ અને લોકોને વેબીનારના માધ્યમથી કોરોનાથી બચવાના ઉપાયો અને સાવચેતી માટેની જાણકારી આપી હતી. અને ફોન કોલ્સ દ્વારા સધિયારો આપીને મદદ કરી હતી. વૈશ્વિક મહામારીના સમયમાં પીપીઈ કીટ, માસ્કસ અને નાઈટ્રીલ ગ્લોવ્સની ઉપલબ્ધતા ઓછી હતી તેવા સમયમાં બાપ્સ ચેરીટીઝે કેનેડાની ૧૪ હોસ્પિટલોમાં અને ટોરન્ટોના પોલીસકમીઓ તથા નાના કલિનિકસને ૪૫૦૦૦ પીપીઈ કીટ આપી હતી.

બાપ્સ ચેરીટીઝની આ કામગીરીને બિરદાવતા ઓન્ટેરિયોના પ્રિમીયર ડગ ફોર્ડે કહ્યું હતું કે, તમારો આભાર, તમે કેનેડાની હોસ્પિટલમાં ૧૩ હજાર એન-૯૫ માસ્કસનું દાન કરીને અભિનંદનીય કામ કર્યુ છે. અમને અમારા હેલ્થકેર વર્કર્સ અને કોવિડ -૧૯ સામે મોરચો માંડીને ઝઝુમી રહેલા યોધ્ધાઓ માટે સહાયની જરૂર હતી.

સિકકિડઝ ફાઉન્ડેશનના સીઈઓ ટેડ ગેરાર્ડે કહ્યું હતું કે,' હોસ્પિટલ ફોર સિકચિલ્ડ્રન બાપ્સ ચેરીટીઝનું આભારી રહેશે. કેમકે તેમણે ખરા સમયે ૧૦૦૦ એન -૯૫ માસ્કસનું દાન કર્યું હતું. બાપ્સ ચેરીટીઝ ઘણાં સમયથી સમાજ માટે જે નિસ્વાર્થ સેવા કરે છે તે ઉદાહરણરૂપ છે અને અમે એને બિરદાવીએ છીએ.' મહામારીના સમયે બાપ્સના ૨૦૦૦થી વધુ સ્વયંસેવકોએ કેનેડામાં સ્થાનિક લોકો માટે ખડેપગે સેવા પુરી પાડી હતી અને લોકોમાં કોરોના વિશે જાગૃતિ માટે અનેક કાર્યક્રમો યોજી માનસિક સધિયારો પુરો પાડયો હતો.

**પીપીઈ કીટ, કેર પેકેજીસ અને લોકોને વેબીનારના માધ્યમથી કોરોનાથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન અપાયું, ઓન્ટેરિયોના પ્રિમીયર ડગ ફોર્ડે સંસ્થાની કામગીરી બિરદાવી,**







તેમણે ૩૦૦૦૦થી વધુ ફોન કોલ્સથી લોકોને ટેકો આપ્યો હતો. સાથે જ ૧૦ હજારથી વધુ લોકોને વેબીનારથી કોરોના વિશે કેવી સાવચેતી રાખવી એની તથા આર્થિક સહાય કયાંથી અને કેવી રીતે મેળવી શકાય એની જાણકારી આપી હતી તથા બાળકોને ઘરમાં રહીને કઈ રીતે પ્રોડકટીવ રહી શકાય એ પણ સમજાવ્યું હતું.

વિલીયમ ઓસ્લેર હેલ્થ સિસ્ટમ ફાઉન્ડેશનના સીઈઓ અને પ્રેસિડેન્ટ કેન મેહયુવે કહ્યું હતું કે, બાપ્સ ચેરીટીઝે અમને હંમેશા સારા કાર્યો માટે પ્રેરણા પુરી પાડીને અમને પ્રોત્સાહિત કર્યા એ બદલ આભારી છું અને મને એ વાતનું પણ ગૌરવ છે કે, મને સારા કામ માટે એમના તરફથી તક મળી .' બાપ્સ ચેરીટીઝના સ્વયંસેવકો કેનેડા અને વિશ્વભરમાં છે અને સતત પરીસ્થિતિ પર ધ્યાન આપી રહ્યા છે. સ્થાનિક સંસ્થાઓને સહયોગ માટે હંમેશા તત્પર રહે છે.

બાપ્સ ચેરીટીઝ કેનેડાના ડાયરેકટર ચંદ્રકાંત સચદેવે કહ્યું હતું કે,' બાપ્સ ચેરીટીઝ એના દરેક સ્વયંસેવકનો હેલ્થકેર પ્રોફેશનલ્સ અને આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલાઓને મુશ્કેલ સમયમાં મદદ કરવા બદલ આભાર માને છે.

## બાપ્સ ચેરીટીઝ વિશે

બાપ્સ ચેરીટીઝ એ વૈશ્વિક સખાવતી માળખુ છે. જે પાંચ ખંડોના નવ દેશોમાં સક્રિય છે. એના સ્વયંસેવકો નિઃસ્વાર્થ સેવા આપવા સદા તત્પર રહે છે અને સ્થાનિક સ્તરે અને વૈશ્વિક સ્તરે પોતાના જીવનને બીજાઓ માટે ઉપયોગી બનાવવા તૈયાર રહે છે. તેઓ હેલ્થ અવેરનેસ, શૈક્ષણિક સેવાઓ,માનવતાભર્યા રાહત કાર્યો,પર્યાવરણનું રક્ષણ અને જાળવણી તથા સામાજિક સશકિતકરણ જેવા પાંચ મહત્વના






ક્ષેત્રોમાં કામ કરે છે.

જનજાગૃતિ માટે વોકાથોન યોજી ભંડોળ ઉભું કરી એનો ઉપયોગ જરૂરતમંદોને મદદરૂપ થવામાં કરે છે. વિકસતા દેશોમાં સામાજિક આરોગ્ય મેળાઓ યોજી હોસ્પિટલ અને શાળાઓને ટકી રહેવામાં મદદ કરે છે.

બાપ્સ ચેરીટીઝ જે લોકો સ્થાનિક સ્તરે કે વૈશ્વિક સ્તરે સેવા કરવા માંગતા હોય તેમને તક પુરી પાડે છે. વધુ માહિતી માટે આ વેબસાઈટની મુલાકાત લઈ શકો છો **www.bapscharities.org**











Invitation



# Janmashtami
CELEBRATION

Celebrate along with your entire family
the birth anniversary of

## Bhagwan Shri Krishna

through a unique online experience



**Wednesday, August 12**
**8 pm - 10 pm**
(in your local time zone)

Join here:
https://events.na.baps.org/satsangsabha

### Weekly Satsang Assemblies & Live Broadcasts

Join us every Sunday to experience Satsang at home through kirtans and thought-provoking spiritual discourses by learned Swamis.

| | |
|---|---|
| ❖ For Teens (English) | 2:00 pm - 2:55 pm |
| ❖ For Youth (English) | 3:00 pm - 3:55 pm |
| ❖ For Children (English) | 4:00 pm - 4:55 pm |
| ❖ For the Family (Gujarati) | 5:00 pm - 6:30 pm |

### Live Broadcasts from BAPS Shri Swaminarayan Mandir, Toronto

❖ Daily Aarti at 6:45 pm (ET) ❖ Monthly Mahapuja & Abhishek
www.BAPS.org/Toronto



100 Pramukh Swami Maharaj Centennial Celebrations (1921-2021)


BAPS Shri Swaminarayan Mandir
61 Claireville Drive, Toronto, ON M9W 5Z7 | E: info.toronto@ca.baps.org

BAPS Swaminarayan Sanstha® | www.BAPS.org

Brahmaswarup Pramukh Swami Maharaj



BAPS



Pragat Brahmaswarup Mahant Swami Maharaj

# ઉમરગામમાં ૧૨ કલાકમાં ૧૩ ઈંચ વરસાદ, વીજળી પડતાં યુવાનનું મોત

વલસાડ-ઉમરગામઃ વલસાડ જિલ્લામાં મંગળવારે મોડી સાંજથી ઉમરગામમાં દેમાર વરસાદ વરસતા, માત્ર ૧૨ કલાકમાં ૧૩.૩૨ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેને કારણે સમગ્ર વિસ્તાર જળબંબાકારમાં પરિવર્તિત થઈ ગયો હતો. મોટાભાગના વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી.

ઉંમરગામની દારોઠા ખાડીમાં ઘોડાપૂરની સ્થિતિ ઊભી થતાં, અનેક લોકો ફસાયા હતાં. એન.ડી.આર.એફ.ની ટીમે ૨૨૫ જેટલા લોકોને રેસ્ક્યૂ કર્યા હતાં. એ જ રીતે વાપીમાં ૪.૫ ઈંચ, કપરાડામાં ૩.૦ ઈંચ અને ધરમપુરમાં ૦.૬૮ ઈંચ વરસાદ નોંધાયો હતો. ઉમરગામના દહેરી ભંડારવાડા ખાતે વીજળી પડતા રુતિક ભંડારી નામના યુવાનનું મોત નીપજ્યું હતું. વલસાડ જિલ્લામાં જુલાઈ માસમાં મેઘરાજા જગો દઈ જતા, દુકાળની પરિસ્થિતિ સર્જાશે તેવી આશંકા હતી. મંગળવારે બપોર પછી ઉંમરગામ તાલુકામાં મેઘરાજાની એન્ટ્રી થઈ ગઈ હતી. મોડી સાંજે ૬.૦૦ વાગ્યા બાદ વરસાદએ રૌદ્ર સ્વરૂપે ધારણ કર્યું અને ૬ થી ૮ના બે કલાકમાં જ ૭ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જેને કારણે જાહેર માર્ગો પર બે થી અઢી ફૂટ જેટલા પાણી ભરાયા હતા. વીજપુરવઠો ખોટકી જતા, લોકોની હાલત કફોડી બની ગઈ હતી. રાત્રે ૮.૦૦ વાગ્યા પછી પણ મેઘાનું જોર ધીમું પડ્યું ન હતું. મંગળવારે સાંજે ૮.૦૦ થી બુધવારે સવારે ૬.૦૦ વાગ્યા સુધીના ૧૦ કલાકમાં ઉમરગામ ૧૩.૩૨ ઈંચ વરસાદ ઝીંકાતા તાલુકાના મોટા ભાગના વિસ્તારોમાં જનજીવન ખોરંભે પડી ગયું હતું.

### નગવાસ ખાડીના કોઝવેમાં કાર સાથે તણાયેલા શખ્સનું મોત

ઉમરગામ તાલુકાના નગવાસ ખાડીના કોઝવે ઉપર સેલવાસ ખાતે રહેતા દીપકસિંહ પરમાર (ઉંમર વર્ષ ૫૪) પોતાની ઈનોવા કારમાં ઘર તરફ જવા માટે ઝરોલી કોઝવે ઉપરથી પસાર થઈ રહ્યા હતા કાર સાથે તણાઈ જતા તેનુ મોત થયુ હતું.

# અમેરિકામાં મૂળ વલસાડની દીકરીને મહામારી સામે સોંપાઈ જવાબદારી

વલસાડઃ મૂળ વલસાડના તબીબ માતા-પિતાની ડોક્ટર દીકરીએ સમગ્ર દેશ અને અનાવિલ સમાજનું નામ અમેરિકામાં રોશન કર્યુ છે. ડૉ. એંજલ દેસાઈને વર્ષ ૨૦૨૦-૨૧ માટે પેડેમિકટેક ઈનોવેશન (નવીન શોધ) ફેલોશિપની નવાજેશ કરવામાં આવી છે. જેથી, તેઓ કોરોના જેવી મહામારીના અવરોધ માટે વાસ્તવિક પ્રતિકારક અને ક્રિયાત્મક પગલાં લેવા માટે વૈશ્વિક સ્તરે સૂચનો આપવા કાર્યરત રહી શકે.



ડૉ. એંજલ દેસાઈ ચેપી રોગો માટેના નિષ્ણાંત ફિઝિશિયન છે. પેડેમિકટેક એ, અમેરિકાના ઓસ્ટિન, ટેક્સાસમાં કાર્યરત નૂતન આવિષ્કાર માટે પ્રતિબદ્ધ અને કટિબદ્ધ એવા સમર્પિત સંશોધકો માટેની સંસ્થા છે. વર્ષ ૨૦૧૬થી શરૂઆત થયેલી આ સંસ્થામાં એક લાખ યુ.એસ. ડોલરની આ ફેલોશિપની સહાયથી ડો. એંજલ દેસાઈ, ProMED Team- ઈમ્પિરિયલ કોલેજ, લંડન અને હાર્વર્ડ હેલ્થમેપના સહયોગીઓ સાથે કોવિડ-૧૯ માટે અસરકારક પ્રતિકારક પગલાં માટે કામ કરશે.ચેપીરોગો માટેના નિષ્ણાંત ફિઝિશિયન એવા ડો. એંજલ દેસાઈ, મહામારીના પ્રતિકાર માટે અનૌપચારિક પદ્ધતિ નક્કી કરવા ઉત્સુક સંશોધક છે.

## દાનહના પોલિકેબ કંપનીમાં વોલ ધસી પડતાં પાંચનાં મોત

સેલવાસ : સંઘપ્રદેશ દાદરા નગરહવેલીના ખાનવેલ નજીક આવેલા સુરંગી ખાતે નિર્માણધિન મહેશ્વરી પોલીકેબ કંપનીની કમ્પાઉન્ડ વોલ ભારે વરસાદને કારણે પાણીનો પ્રવાહ ધસી આવતા ધરાશાયી થઈ ગઈ હતી. જેમા સાત જેટલા મજૂરો દબાઈ ગયા હતા. જે પૈકી પિતા-પુત્ર સહિત પાંચનાં મોત નીપજ્યાં હતા.મૃતકોમાં અનિલ પટેલ, બાબુ કાકડ વાઘ, રાજુ દાધવ, ઝહીરામ સોમા સેન્ડે, અશ્વિન ઝહીરામ સેન્ડનો સમાવેશ થાય છે. જ્યારે જયેશ દેવજી સેન્ડેની હાલત ગંભીર છે.

## સુરત APMCમાં ચેરમેન, વાઈસ ચેરમેન બિનહરીફ

સુરતઃ સુરતના લાખ્ખો શહેરીજનોને શાકભાજી પહોંચાડનાર એપીએમસીના બે મહત્વના પદ ચેરમેન અને વાઈસ ચેરમેન માટે યોજાયેલી ચૂંટણીમાં બંને પદ પર બિનહરીફ વરણી થઈ છે. રાજયની સૌથી સમુદ્ધ એપીએમસીમાં સ્થાન ધરાવતી અને વાર્ષિક ૧૭૦૦ કરોડનું ટર્ન ઓવર ધરાવતી સુરત એપીએમસીના ચેરમેન અને વાઈસ ચેરમેનની ટર્મ પૂર્ણ થતા નિયમ મુજબ ચૂંટણી યોજાતી હોય છે. જેમાં પહેલા એપીએમસીના ચેરમેન તરીકે રમણ જાની બિનહરીફ ચૂંટાઇ આવ્યા બાદ આજે યોજાયેલી વાઈસ ચેરમેનની ચૂંટણીમાં સંદિપ દેસાઇ બિનહરીફ ચૂંટાઇ આવ્યા હતા. સંદિપ દેસાઈ ૨૦૦૫ થી એકધારા એપીએમસીના વાઈસ ચેરમેન બનતા આવ્યા છે. કોરોનામાં ખેડુતોને શાકભાજીના વેચાણ માટેની કે પછી કેરી પકવતા ખેડુતોને વેચાણની મુશ્કેલી વેળા વેચાણની વ્યવસ્થા કરાઈ હતી. લોકડાઉનના ૭૬ દિવસમાંથી ૬૭ દિવસ સુધી એકમાત્ર સુરતની એપીએમસી જ ધમધમતી હતી.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



PANCHVATI SUPERMARKET
www.panchvatisupermarket.ca





| MISSISSAUGA | BRAMPTON | SCARBOROUGH | ETOBICOKE | AJAX |
|---|---|---|---|---|
| 169 Dundas St. E, Unit# 1 to 4, Mississauga, ON L5A 1W8 | 8814 The Gore Road, Unit 4-8, Brampton, ON L6P 0B1 | 2141 Ellesmere Road, Behind Scotia Bank Scarborough, ON M1G 3M6 | 3-45 Woodbine Downs Blvd, Etobicoke, ON M9W 6N5 | 18, Harwood Ave. South, Ajax, ON L1S 6N2 |
| Call : 905-232-3955 | Call : 905-794-5372 | Call : 416-439-9393 | Call : 416-213-9394 | Call : 905 426 2499 |

# સુશાંત અપમૃત્યુ કેસઃ રિયા સહિત છ સામે કેસ દાખલ

સુશાંત સિંહ રાજપૂતના મોત કેસમાં સીબીઆઈએ કેન્દ્ર તરફથી સૂચના મળ્યા બાદ કાર્યવાહી કરી છે અને તપાસ હાથ ધરી છે. સીબીઆઈએ રિયા ચક્રવર્તી સહિત છ લોકો સામે એફઆઈઆર નોંધી છે. તો વળી સીબીઆઈ બિહાર પોલીસના પણ સંપર્કમાં છે.

સીબીઆઈએ સુશાંત સિંહ રાજપૂતની કથિત ગર્લફ્રેન્ડ રિયા ચક્રવર્તી, ઈન્દ્રજીત ચક્રવર્તી, સંધ્યા ચક્રવર્તી, શોવિક ચક્રવર્તી, સેમ્યુઅલ મિરાંડા, શ્રુતિ મોદી અને અન્ય સામે કેસ નોંધ્યો છે. છ લોકો પર આત્મહત્યા માટે ઉશ્કેરવાનો, અપરાધિક કાવતરું, ચોરી, છેતરપિંડી અને ધમકી આપવાના આરોપ હેઠળ કેસ દાખલ કરાયો છે. અગાઉ સુશાંત સિંહના પિતા કે.કે.સિંહની ફરિયાદ પર પટનામાં એફઆઈઆર નોંધાઈ હતી. સીબીઆઈએ બિહાર પોલીસની એફઆઈઆરને આધારે કેસ નોંધ્યો છે. ઉલ્લેખનીય છે કે ૨૫ જુલાઈએ બિહાર પોલીસે ભારતીય દંડ સંહિતા આઈપીસીની વિવિધ કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. સીબીઆઈની એફઆઈઆરમાં પણ આ જ કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

# સુશાંતસિંહ કેસની તપાસમાં મહારાષ્ટ્ર પોલીસની લાલિયાવાડી



નવી દિલ્હીઃ બુધવારે સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારના વકીલ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને એવું જણાવ્યું કે સુશાંત કેસની સીબીઆઈ તપાસની બિહાર સરકારની માગને કેન્દ્ર સરકારે સ્વીકારી લીધી છે. જસ્ટિસ ઋષિકેશે એવું અવલોકન કર્યુ કે સુશાંત એક વિલક્ષણ પ્રતિભા ધરાવતો કલાકાર હતો અને તેના મોતની સચ્ચાઈ બહાર આવવી જોઈએ. સુશાંત કેસને પટણાથી મુંબઈ ટ્રાન્સફર કરવાની અરજી પર ચર્ચા સાંભળતા જસ્ટિસે કહ્યું કે આ ઘણી દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે આ કેસમાં કોઈ ગુનો થયો છે કે નહીં તેની તપાસ જરૂરી છે. આ કેસમાં દરેકનો અભિપ્રાય છે પરંતુ આપણે કાયદા પ્રમાણે આગળ વધવાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્ર પોલીસે કેસની તપાસમાં લાલિયાવાડી ચલાવતા બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારે સુશાંતસિંહ રાજપૂતના અપમૃત્યુ કેસમાં સીબીઆઈ દ્વારા તપાસ કરાવવાની ભલામણ કેન્દ્ર સરકારને કરી હતી જે પછી કેન્દ્ર સરકારે સુપ્રીમને સીબીઆઈ તપાસ સ્વીકારી લીધી હોવાની જાણ કરી હતી.

## દિશાનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ જાહેર મલ્ટિપલ ઇજાને કારણે મોત થયું

સુશાંત સિંઘ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયાનના મૃત્યુનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ જાહેર કરાયો છે.



૯ જૂને અભિનેતા સૂરજ પંચોલીએ યોજેલી પાર્ટીમાં દિશાનું ટાવરના ૧૪મા માળેથી પડી જવાથી મોત નિપજ્યું હતું. આ એક અકસ્માત હતો કે યોજના પૂર્વકની હત્યા હતી એ વિશે સોશિયલ મિડિયા પર જાતજાતની વાતો વહેતી થઇ હતી. રિપોર્ટ મુજબ આટલે ઊંચેથી પછડાવાના કારણે એને અનેક ઇજા થઇ હતી અને આ મલ્ટિપલ ઇજાના કારણે એનું મૃત્યુ થયું હતું. એના પર રેપ થયો હોવાના કોઇ ચિહ્નો મળ્યા નહોતા.

## CBIએ તપાસ સંભાળતા પટણા પોલીસ પરત થઈ

કેન્દ્ર સરકારે સુશાંત અપમૃત્યુ કેસની તપાસ સીબીઆઈ દ્વારા કરાવવાની ભલામણ સ્વીકારી લેતા સીબીઆઈએ આ કેસની તપાસ સંભાળી લીધી હતી. સરકાર દ્વારા અધિસૂચના જારી કરી દેવામાં આવી હતી. આ કેસની તપાસ સીબીઆઈએ સંભાળી લીધી હોવાથી પટણા પોલીસની ટીમ મુંબઈથી પરત થઈ હતી.

## ફરાર રિયા પોતાના ઘરે પરત ફરી

મુંબઈઃ સુશાંત મામલામાં એક્ટ્રેસ રિયા ચક્રવર્તીની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધી તો માત્ર પોલીસ જ રીયાની પૂછપરછ માટે બોલાવવા માંગતી હતી. પરંતુ હવે તો ઈડીએ પણ અભિનેત્રી સાથે પૂછપરછ કરવાનો નિર્ણય કર્યો છે. પરંતુ આ વચ્ચે એ સવાલ દરેકના મનમાં થઈ રહ્યો છે કે આખરે રિયા ચક્રવર્તી ક્યાં છે ? પટના પોલીસ સતત રિયાને ફરાર બતાવી રહી છે. મળતી માહિતી મુજબ રિયા ચક્રવર્તી પોતાના મુંબઈ વાળા એપાર્ટમેંટ પ્રાઈમ રોજ પરત આવી ફરી છે. જણાવવામાં આવી રહ્યું છે કે રિયા ચક્રવર્તી કેટલાક દિવસોથી કોઈ અજાણી જગ્યા પર રહેતી હતી. હવે તે પોતાના એપાર્ટમેન્ટમાં પરત આવી છે.



## મુંબઈ -બિહાર પોલીસમાં તણાવ

રિયા ચક્રવર્તી બિહાર પોલીસની તપાસથી ખુશ નથી. તે કેસને મુંબઈમાં ટ્રાન્સફર કરાવવા માંગે છે. મુંબઈ પોલીસ પણ બિહાર પોલીસની દખલ અંદાજી પસંદ નથી કરી રહી. આ સમયે બિહારના આઈપીએસ અધિકારી વિનય તિવારીને પણ ૧૪ દિવસ સુધી ક્વોરોન્ટાઈન કરાતા બે રાજ્યોની પોલીસ વચ્ચે ગરમાગરમી વધી છે.

# આઈપીએલ ૨૦૨૦ને કેન્દ્ર સરકારની મંજૂરીઃ ૧૯ સપ્ટેમ્બરથી યુએઈમાં રમાશે

આઈપીએલની ગવર્નિંગ કાઉન્સિલની મીટિંગ સમાપ્ત થઈ ચૂકી છે. BCCIના જણાવ્યા મુજબ IPL ૨૦૨૦ માટે ભારત સરકારની મંજૂરી મળી ગઈ છે. આઈપીએલની ફાઈનલ મેચનું શેડ્યૂલ પણ નક્કિ થઈ ગયું છે. હવે આ ટુર્નામેન્ટ ૧૯ સપ્ટેમ્બરથી ૧૦ નંવેમ્બર ૨૦૨૦ સુધી UAEમાં રમાશે.




આ સિવાય BCCIએ સ્પષ્ટ કર્યુ કે મહિલાઓની આઈપીએલ પણ રમાશે. IPLના દરેક પ્રાયોજક યથાવત છે. જેનો અર્થ છે કે આઈપીએલના મુખ્ય પ્રાયોજક તરીકે ચીની સ્પોન્સર વીવો પણ યથાવત રહેશે. આપને જણાવી દઈએ કે ક્રિકેટની આ સૌથી મોટી ટુર્નામેન્ટમાંથી એક, આઈપીએલ ૨૦૨૦ ૧૯મી સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૫૩ દિવસ સુધી ચાલશે. આઈપીએલની ફાઈનલ મેચ ૧૦ નવેમ્બરે રમાશે. જેથી દર્શકોને દિવાળીના સપ્તાહની મજા મળશે. બીસીસીઆઈના એક અધિકારીએ જણાવ્યું કે આ વખતે આઈપીએલના ૧૦ ડબર હેડર(એક દિવસમાં બે મેચ) મુકાબલા રમાશે.

મીડિયા રિપોર્ટ મુજબ BCCIના અધિકારીએ સ્પષ્ટતા કરી કે આ વખતે સાંજના મુકાબલા ૭.૩૦ વાગેથી રમાશે. જે પહેલા ૮ વાગે શરૂ થતા હતા. અધિકારીએ વધુમાં જણાવ્યું કે સપ્ત પ્રોટોકોલ્સને જોતા આ વાતને સુનિશ્ચિત કરવા માટે મેચો વચ્ચે સારો અંતર રહે એવી રીતે ૧૦ ડબલ હેડર પ્લાન કરવામાં આવ્યા છે. અધિકારીએ કહ્યું કે ૧૦ નવેમ્બર સુધી ટુર્નામેન્ટ રમાશે તેથી આ વખતે પહેલીવાર વીકડે પર ફાઈનલ મેચ રમાશે. મુસાફરી, બાયો સિક્યોર વાતાવરણ અને અન્ય પ્રકારની તમામ વસ્તુઓને જોતા આ સુનિશ્ચિત કરવા માટે કે મેચો વચ્ચે સારો અંતર રહે તે માટે આ વખતે ૧૦ ડબલ હેટર અંગે વિચારણા કરી છે.

## IPL માટે ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઇન્ડિઝ ટી૨૦ શ્રેણી સ્થગિત કરી

મેલબોર્નઃ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ જાહેરાત કરી છે કે વેસ્ટ ઇન્ડિઝ સામે ઓક્ટોબરમાં રમાનારી ત્રણ ટી૨૦ ઇન્ટરનેશનલ મેચની શ્રેણી સ્થગિત કરી દેવામાં આવી છે. ટી૨૦ મેચોનું આયોજન ટાઉન્સવિલે, કેઇર્ન્સ તથા ગોલ્ડ કોસ્ટ ખાતે અનુક્રમે ચોથી, છઠ્ઠી તથા નવમી ઓક્ટોબર કરવામાં આવ્યું હતું. આ શ્રેણીને ટી૨૦ વર્લ્ડ કપની પૂર્વ તૈયારી માટે યોજવામાં આવી હતી પરંતુ આઇસીસીની મેજર ઇવેન્ટને ગયા મહિના કોરોના વાઇરસની વૈશ્વિક મહામારીના કારણે સ્થગિત કરવી દેવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયન બોર્ડે જણાવ્યું હતું કે વેસ્ટ ઇન્ડિઝ બોર્ડ સાથે મળીને અમે ટી૨૦ શ્રેણીને સ્થગિત કરવા અંગે સહમત થયા હતા.

## દેશમાં ભારે વિરોધ થતા BCCIએ IPLમાંથી ચાઇનીઝ કંપનીને હટાવી

નવી દિલ્હીઃ બીસીસીઆઇની ટી૨૦ લીગ ઇન્ડિયન પ્રીમિયર લીગને (આઇપીએલ) હવે ૪૬ દિવસનો સમય બાકી છે અને આ દરમિયાન ચીને પૂર્વ લદાખમાં કરેલી નીચલા સ્તરની હરકતના કારણે દેશભરમાં આઇપીએલની ટાઇટલ સ્પોન્સર ચાઇનીઝ કંપનીનો ભારે વિરોધ થયો છે. ચોમેરથી થઇ રહેલી આકરી ટીકાઓ સામે બીસીસીઆઇને ઝૂકવાની ફરજ પડી છે અને આખરે તેણે ૨૦૨૦માં રમાનારી આઇપીએલમાં ચાઇનીઝ કંપની વિવો પાસેથી ટાઇટલ સ્પોન્સરશિપ છીનવી લીધી છે. આઇપીએલ સાથે વિવોનો પાંચ વર્ષનો કરાર ૨૦૨૨માં પૂરો થવાનો છે. બોર્ડ અને ચાઇનીઝ કંપની વચ્ચે થયેલા કરાર મુજબ બીસીસીઆઇને પ્રત્યેક વર્ષે ૪૪૦ કરોડ રૂપિયા મળે છે.



# પાલનપુરની ક્રેડિટ સોસાયટીમાં દોઢ લાખ લોકોના રૂ.૪૦૦ કરોડ સલવાયા

પાલનપુરઃ પાલનપુરમાં આજે જન અધિકાર મંચના નેજા હેઠળ ચંદ્રકાન્ત જોષી અને તેમના સભ્યો દ્વારા બનાસકાંઠા કલેકટરને આવેદનપત્ર પાઠવી અને ઉઠામણું કરી ગયેલ ક્રેડિટ સોસાયટીઓમાં બનાસકાંઠા જિલ્લાના દોઢ લાખથી વધુ લોકોના રૂ.૪૦૦ કરોડથી વધુ રકમ સલવાઈ જતાં ન્યાય અપાવવા માટે માંગ કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લામાં આવેલી દસ જેટલી ક્રેડિટ સોસાયટીઓમાં દોઢ લાખથી વધુ લોકોએ અલગ અલગ સ્કીમમાં પોતાના પરસેવાની કમાણીનું રોકાણ કર્યુ હતુ અને અંદાજીત ૪૦૦ કરોડથી વધુ રકમ ઉઘરાવીને ક્રેડિટ સોસાયટીઓ ઉઠમણું કરીને પલાયન થઈ જતાં ગરીબ અને શ્રમિક વર્ગ આર્થિક મુશ્કેલીના સમયે પણ તેમના જ નાણાં પરત ન મળતાં મુશ્કેલીભર્યા દિવસો આવ્યા છે. ગરીબોના પરસેવાની કમાણીમાંથી બચત કરવા રોકેલા નાણાં લઈ ઉઠમણું કરી ગયેલા સંચાલકો વૈભવી જીવન જીવી રહ્યા છે.

**કઈ કંપનીમાં નાણાં ફસાયા**

આદર્શ ક્રેડિટ સોસાયટી, અર્બુદા ક્રેડિટ, ખેતેશ્વર ક્રેડિટ સોસાયટી, સહારા ઈન્ડિયા પરિવાર, સમૃદ્ધ જીવન, સગુન, પલ્સ ઈન્ડિયા, કે.એમ.જે., જે. કે.એમ.એમ., પ્રતિજ્ઞા.

## વાઘોડિયા તાલુકા પંચાયતમાં અવિશ્વાસની દરખાસ્ત મુદ્દે ધમાસાણ

વડોદરા : વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકા પંચાયતમાં શાસન બચાવવા માટે કોંગ્રેસના આગેવાનો રહીરહીને જાગ્યા છે. જૂથબંધીના કારણે કોંગ્રેસે વડોદરા જિલ્લા પંચાયતમાં સત્તા ગુમાવ્યા બાદ હવે વાઘોડિયા તાલુકા પંચાયતમાં પણ સત્તા ગુમાવવાનો વખત આવ્યો છે. વાઘોડિયા તાલુકા પંચાયતમાં લાંબા સમયથી જૂથબંધી ચાલતી હોવા છતાં કોંગ્રેસના મોવડીઓએ દુર્લક્ષ સેવતા વાઘોડિયા તાલુકા પંચાયતમાં પણ પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત મુકાઈ છે. આગામી તા.૧૪મી ઓગષ્ટે દરખાસ્ત માટે ખાસ મીટિંગ બોલાવવામાં આવી છે.

# નકલી ઘી મામલે દૂધસાગર ડેરીના ચેરમેન સહિત પાંચ વિરૂદ્ધ ફરિયાદ

મહેસાણાઃ હવે મહેસાણા દૂધ સાગર ડેરીના ઘી મા ભેળસેળના મુદ્દે મહેસાણા બી ડિવિઝન પોલીસ મથકે એક ફરિયાદ દાખલ થઇ છે. દૂધસાગર ડેરીનાં ચેરમેન, વાઈસ ચેરમેન, MD, લેબ હેડ, અને ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર સહિત ૫ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. વાઈસ ચેરમેન અને MDની પોલીસે હસ્તગત કરી પૂછપરછ કરાઈ છે. બંનેને હાલ વડનગર કોવિડ-૧૯ હોસ્પિટલમાં કોરોના ટેસ્ટ બાદ અટકાયત કરવામાં આવશે. વિસનગર dysp ની અધ્યક્ષતામાં ૫ સભ્યોની સીટની ટીમ આ મામલે તપાસ કરી રહી છે. મોડી રાત્રે નોધાયેલ ફરિયાદ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

દૂધસાગર ડેરીના ટેન્કરમાંથી ભેળસેળવાળું ઘી પકડાયા બાદ ફેડરેશન દ્વારા ડેરીના સત્તાધીશોને નોટિસ પાઠવી તપાસ કરીને જવાબદારો સામે કાર્યવાહી કરવા આદેશ કર્યો હતો. ત્યારબાદ, ભેળસેળવાળા ઘી પ્રકરણમાં રાજ્ય સહકારી રજિસ્ટ્રારે ડેરીના નિયામક મંડળને પત્ર લખીને એમડીને ફરજ મોકુફ કરવા આદેશ કર્યો હતો. ગત ૨૪ જુલાઈએ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તેમજ બી ડીવીઝન પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ડેરીના બે ટેન્કર પકડીને પોલીસ હેડ ક્વાર્ટર પર મૂકી દીધા હતા.

## સાત સંતાનોની માતા પાંચ સંતાનોના પિતા સાથે છૂ

સુખસરઃ ફતેપુરા તાલુકાના આ ગામના યુવાનના વીસ વર્ષ અગાઉ સમાજના રિવાજ મુજબ લગ્ન થયા હતા. આ લગ્ન જીવન દરમિયાન બે પુત્રો તથા પાંચ પુત્રીઓનો તે પિતા બન્યો હતો. પરંતુ તેના સુખી સંસારમાં અચાનક વાવાઝોડું આવ્યું. આધેડ અવસ્થામાં આવેલી તેની પત્ની કે જે તેના સાત સંતાનોની માતા હતી, તે નજીકના ગામમાં રહેતા પાંચ સંતાનોના પિતાના પ્રેમમાં પડી હતી. આઘેડ વયે પહોંચેલા બંને પ્રેમીઓ ચોરી છૂપીથી ઘરબાર છોડી ૧૫ દિવસ આગાઉ ઘર છોડી ભાગી ગયા છેં. બંને પ્રેમીઓ હાલમાં અજ્ઞાત સ્થળે જતા રહ્યા છે. તેઓ બંને પોતે ક્યાં અને કેવી રીતે રહે છે તેની પરિવારજનોને ખબર પડવા દેતા નથી. જો કે વર્ષો સુધી સજોડે ઘરસંસાર ચલાવ્યા બાદ દગો દઇ ગયેલી પરિણીતાના પતિએ પોતાની પત્નીને પરત મેળવવા માટે પોલીસમાં જાણ કરી છે.

## અબુધાબીની કંપની સાથે ૪૩ કરોડની ઠગાઈ, ડિરેક્ટર ઝબ્બે

વડોદરાઃ અબુધાબીની જેનીસીસ પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રી ને તેના નવા પ્લાન્ટ માટે જરૂરી ઉચ્ચ ગુણવત્તા વાળી મશીનરી ના બદલે માંડ ૧૫ કરોડની કિંમતની સેકન્ડ હેન્ડ મશીનરી અને સ્પેરપાર્ટ મોકલી બોગસ બિલો બનાવીને રૂ. ૪૩ કરોડની ઠગાઈ કરવા બદલ વડોદરા ક્રાઈમ બ્રાન્ચે દુબઈના સલીમ હમીદ મેમણ મૂળ રહે સન્મોદ પાર્ક, તાંદલજા તેમજ તેના ભાઈ જાવેદ અને પિતા હમિદ ભાઈ સામે ગુનો દાખલ કર્યો હતો.

પોલીસે જાવેદ મેમણની ધરપકડ કર્યા બાદ તપાસ દરમિયાન દુબઈની અલ સેસાઝ ઈન્ટરનેશનલ ટ્રેડલિન્ક નામની કંપનીના ડિરેક્ટર બનાવેલા સુલતાન ગુલામ ભાઈ ચૌહાણ રહે સમૃદ્ધિ સોસાયટી વાઘોડિયા ખટંબા રોડની પૂછપરછ કરાઈ છે.


## પાટણમાં પાંચ નરાધમોએ સગીરા પર દુષ્કર્મ આચર્યું

પાટણઃ પાટણના સરસ્વતી તાલુકાના ગામે રહેતા પાંચ શખ્શો દ્વારા પહેલા એક સગીરા સાથે પ્રેમ સબંધ બાંધ્યા બાદ બીજી તેની કૌટુંબીક બહેન તથા બહેનપણી હોઈ તેની સાથે બીજા એક અન્ય ઈસમ દ્વારા બંને સગીરાઓ સાથે અવાર નવાર દુષ્કર્મ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સરસ્વતી તાલુકાના એક ગામે રહેતી બે સગીરાને તે જ ગામે રહેતા પહેલા ઈસમ દ્વારા સગીરા સાથે પ્રેમ સબંધ બાંધી તેમજ બીજા શખ્શ દ્વારા અન્ય સગીરા સાથે પ્રેમ સબંધ બાંધી લગ્ન કરવાની લાલચ આપી ભોગ બનનાર સગીરા તેમજ સાહેદણ સાથે અવાર નવાર દુષ્કર્મ કરી બીજા શખ્શ દ્વારા સગીરાને તબેલા ઉપર લઈ જઈ તેની સાથે પહેલો શખ્શ તેમજ ત્રીજા શખ્શ દ્વારા સામુહિક દુષ્કર્મ કરી તેમજ અન્ય ઈસમો દ્વારા સગીરાને મારી નાંખવાની ધમકી આપી હતી.

## પંચમહાલ : માતાએ બાળકને દીપડાના મોઢામાંથી છોડાવ્યો

વડોદરા- પંચમહાલ જિલ્લાના ઘોઘામ્બા તાલુકામાં રવિવારે સવારે જ્યારે એક બાળક પોતાના ઘરના રુમમાં સૂતો હતો ત્યારે જ એક દીપડો આવી પહોંચ્યો અને તેણે બાળકના માથાને પોતાના જડબાથી પકડવાની કોશિશ કરી હતી. જોકે, બાળકના રડવાનો અવાજ સાંભળીને માતા ત્યાં પહોંચી હતી. દીપડાના મોંમાં બાળકને જોઈને માતાના હોંશ ઊડી ગયા હતા. જોકે, તેણે અભૂતપૂર્વ હિંમત બતાવતા બાળકને દીપડાના મોંમાંથી છોડાવ્યો હતો. શોરબકોર સાંભળીને પાડોશના લોકો પહોંચ્યા પરંતુ આ દરમિયાન દીપડો પણ ઘટનાસ્થળેથી ભાગી છૂટયો હતો. વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે બાળકને માથા પર અને ડાબી બાજુ આંખ પર ઈજા થઈ છે. જે પછી તેને વડોદરાની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.




# ૩૦ કરોડ રૂપિયાના લોન કૌભાંડમાં ભદ્રેશ મહેતાના પુત્ર પાર્થની ધરપકડ

ભુજ- અમદાવાદની રત્નાકર બેંક લિમિટેડમાંથી ૨૯.૯૪ કરોડની પાક ધિરાણ લોન મેળવીને કરોડોનું કૌભાંડ આચરનાર મુખ્ય સુત્રાધાર ભદ્રેશ મહેતાના પુત્ર પાર્થ મહેતાનો કોવિડ-૧૯ રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ વિધિવત ધરપકડ કરાઈ હતી. અને તેને સીઆઈડી ક્રાઈમ દ્વારા ભુજની કોર્ટમાં ૧૪ દિવસના રિમાન્ડની માગણી સાથે રજૂ કરાયો હતો.

જો કે કોર્ટે આગામી બીજી ઓગસ્ટના બપોરે બાર વાગ્યા સુધીના ૫ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ કચ્છના ૧૧૯ ખેડૂતોને અંધારામાં રાખીને તેમના નામે અમદાવાદની રત્નાકર બેંકમાંથી ૨૯ કરોડ ૯૪ લાખ ૩૩ હજાર ૫૬૦ની લોન મેળવવામાં આવી હતી. જે લોનની રકમ ભરપાઈ ન કરીને કરોડોનો આથક ગોટાળો કરનાર ભદ્રેશ મહેતા અને જયંતી ઠક્કર ડુમરાવાળા સહિતના ૯ આરોપીઓ સામે સીઆઈડી ક્રાઈમ દ્વારા ગુનો નોંધાયો હતો. બે દિવસ પૂર્વે જ નોધાયેલી ફરિયાદ વખતે જ આરોપી ભદ્રેશ મહેતાના પુત્ર પાર્થ મહેતાને પકડી પાડવામાં આવ્યો હતો. જેનો કોવિડ-૧૯ રિપોર્ટ નેગેટિવ આવતા તેની વિધિવત ધરપકડ કરાઈ હતી.

## બનાસ ડેરીએ બનાવ્યો દેશનો પ્રથમ CNG પમ્પ

બનાસકાંઠા: એશિયાની સૌથી મોટી બનાસડેરી દ્વારા ડીસાના દામા ગામ નજીક બાયોગેસ પ્લાન્ટ બનાવી પશુઓના છાણમાંથી દેશનો પ્રથમ સીએનજી પમ્પ બનાવવામાં આવ્યો છે. પશુઓના ગોબરને ગોબરધન ગણીને દેશનો સૌથી પહેલો ગોબરમાંથી સીએનજી ગેસનો પંપ ડીસાના દામા ગામે ૮ કરોડ જેટલો ખર્ચ કરીને બનાવ્યો છે. ડેરી દ્વારા ૨ હજાર ક્યુબીક મીટર બાયોગેસનો પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. જેમાં રોજના ૪૦ હજાર કિલો છાણાનો ઉપયોગ કરાશે. જે થકી આ બાયોગેસ પ્લાન્ટ માંથી રોજ ૮૦૦ કિલો સીએનજી ગેસ બનાવીને વાહન ચાલકોને વેચવામાં આવશે.

# બે પુત્રોના લગ્ન ન થતાં વૃદ્ધ માતા-પિતાએ કુવામાં પડી જીવન ટૂંકાવ્યું

● ભ્રુણ હત્યા કરતા લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો

ભાવનગરઃ સાવરકુંડલાના જેસર રોડ પર આવેલ નંદીગ્રામ સોસાયટીમાં જયાણી પરિવાર રહે છે. આ પરિવારમાં માત્ર વૃદ્ધ દંપતી અને તેના યુવાની વટાવી ગયેલા બે પુત્રો રહે છે. નાથાભાઈ જયાણી અને વિમળાબેન જયાણી ૭૫ અને ૭૦ વર્ષની ઉંમરના આ બંને વૃદ્ધોને સતત ચિંતા હતી કે તેમના દીકરા પચાસની ઉંમર વટાવી ગયા છે પરંતુ તેમના હજુ સુધી લગ્ન થતા નથી. લગ્ન ન થતાં હોવાથી આ બંને માવતરને સતત સમાજનો ડર અને ચિંતા સતાવતી હતી.

તેથી થોડા દિવસ પહેલા જ દંપતીને એવો વિચાર આવ્યો હતો કે ઘરમાં બેમાંથી એક પણ દીકરાની વહુ નથી આવી. હવે જીવીને શું કરવું. આખરે તેમણે તેમની દીકરી જે અકાળા રહે છે ત્યાં જવાનું બહાનું આપી બંને પતિ-પત્ની સાવરકુંડલા નજીક આવેલ પોતાની વાડીના કુવામાં જ સજોડે ઝંપલાવી અને જીવન ટૂંકાવી દીધું. બે દિવસમાં કોઈ સમાચાર નહીં મળતા તેમના પુત્રોએ માવતરની તપાસ કરી તો પોતાની જ વાડીમાંથી આ બંનેના મૃતદેહો મળી આવ્યા હતા.

## અમદાવાદ CP તરીકે સંજય શ્રીવાસ્તવ અને સુરતમાં અજય તોમરે ચાર્જ સંભાળ્યો

ગાંધીનગર : રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમ અને ગૃહ વિભાગના અગ્રસચિવ સંગીતાસિંઘ દિલ્હી ગયા ત્યારે આઈપીએસ અધિકારીઓની બદલીનું લિસ્ટ ફાઈનલ કરાવી આવ્યા હતા તેમ છતાં શનિવારે રાતે સાડા નવને બદલે મોડી રાતે વિધિવત્ બદલીની જાહેરાત કરવી પડી હતી. અમદાવાદમાં IPS સંજય શ્રીવાસ્તવે અમદાવાદ CP તરીકે વિધિવત રીતે ચાર્જ સંભાળી લીધો છે. આ પ્રસંગે શહેરના DGP આશિષ ભાટિયાએ ચાર્જ હેન્ડઓવર કર્યો હતો. બીજી બાજુ સુરતમાં પણ સુરત CP તરીકે અજય તોમરે વિધિવત રીતે ચાર્જ સંભાળી લીધો છે. ચાર્જ લીધા બાદ DCP, SP, PI સાથે એક મીટિંગ કરીને આગળની રણનીતિ વિશે ચર્ચા વિચારણા કરી છે. સુરત CP તરીકે અજય તોમરે વિધિવત રીતે ચાર્જ સંભાળ્યા બાદ બેઠકમાં શહેરની ભૌગોલિક પરિસ્થિતિની જાણકારી મેળવી છે. અજય તોમરે સુરતના ૨૨માં કમિશનર તરીકે ચાર્જ સંભાળ્યો છે.

# સૌરાષ્ટ્રમાં મેઘમહેર : ગીરનાર ડુંગર ઉપર ૮, રાજુલામાં ૫ ઈંચ


રાજકોટ : રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ગઈકાલે મેઘરાજાની તોફાની બેટીંગ બાદ આજે અર્ધાથી આઠ ઈંચ વરસાદ પડયો હતો. ગીરનાર પર્વત પર આઠ ઈંચ વરસાદ વરસી ગયાના સમાચાર છે. જ્યારે રાજુલા, સલાયામાં પાંચ ઈંચ. જૂનાગઢ, જાફરાબાદમાં ચાર ઈંચ વરસાદ વરસી ગયો હતો. રાજકોટ શહેરમાં અર્ધો ઈંચ વરસાદ પડયો હતો. ધોરાજીમાં અઢી ઈંચ, જેતપુર, પાનેલીમાં બે ઈંચ, જામકંડોરણામાં દોઢ ઈંચ, કોટડાસાંગાણીમાં પોણા બે ઈંચ નોંધાયો છે. જયારે જસદણ અને પડધરીમાં એક એક ઈંચ વરસાદ પડી ગયો છે. અમરેલી જિલ્લામાં રાજુલા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ૫ ઈંચ વરસાદ પડયો હતો. જાફરાબાદમાં ૩ા ઈંચ વરસાદ પડતા ઠેર ઠેર પાણી ભરાયા હતા. લાઠીમાં ૪૩ મીમી વરસાદ નોંધાયો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયામાં વીજળીના કડાકા ભડાકા સાથે દિવસ દરમિયાન ૫ ઈંચ વરસાદ પડયો હતો. કલ્યાણપુર ૮૧ મીમી, ખંભાળિયા ૬૬ મીમી, ભાણવડ ૫૯ મીમી, ભાટીયા ૬૫ મીમી, દ્વારકામાં ૫૦ મીમી વરસાદ પડયો હતો. જૂનાગઢ શહેરમાં અનરાધાર ૪ ઈંચ વરસાદ વરસ્યો હતો. કેશોદમાં અઢી ઈંચ, માંગરોળ, વંથલીમાં ૨, ભેંસાણ, મેંદરડામાં અર્ધો ઈંચ વરસાદ પડયો હતો.પોરબંદર જિલ્લામાં પોરબંદર ૪૭ મીમી, રાણાવાવ ૪૪ મીમી, કુતિયાણા ૫૦ મીમી વરસાદ પડયો હતો.

મોરબી જિલ્લામાં મોરબી ૫૪ મીમી, ટંકારામાં અડધી કલાકમાં ૫૯ મીમી, હળવદ ૨૦ મીમી અને માળીયામાં ૩૪ મીમી વરસાદ પડયો હતો.

## ભંડારિયાના જવાનનો પાર્થિવદેહ રાષ્ટ્રીય સન્માન સાથે પંચમહાભૂતમાં વિલીન

ભાવનગરઃ ભાવનગર નજીકના ભંડારિયા ગામના વતની શક્તિસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલે સેનામાં ૧૫ વર્ષની નોકરીનો કાર્યકાળ પૂર્ણ કર્યા બાદ ત્રણ વર્ષનું એક્ષ્ટેન્શન મેળવી આસામના અરૂણાચલ પ્રદેશ સ્થિત બોર્ડર એરિયા લેખાબલી ખાતે ફરજ બજાવી રહ્યા હતા. તેઓનું ગત શુક્રવારે ફરજ દરમિયાન હૃદયરોગના હુમલાથી મૃત્યુ થતા પરિવાર અને સમગ્ર ભંડારિયા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. વીરગતિ પામેલા આર્મીમેન શક્તિસિંહ ગોહિલનો પાર્થિક દેહ આર્મીના વાહનમાં અધિકારી અને જવાનો સાથે તેમના વતન ભંડારિયા ગામે લવાયો હતો. જ્યાં દેશભક્તિના ગીતો, ભારત માતા કી જય, શક્તિસિંહ તુમ અમર રહો..ના નારા સાથે જવાનની અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં આખું ભંડારિયા ગામ અને આજુબાજુના ગામોમાંથી હજારો લોકો જવાનના અંતિમ દર્શન કરવા ઉમટી પડતા રસ્તાઓ સાંકડા પડયા હતા. ભંડારિયા તેમજ વાવડી, ઓદરકા, કુકડ, તણસા વગેરે આજુબાજુના ગામોમાં વેપારીઓએ બંધ પાળ્યો હતો.

# ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય-આધ્યાત્મિક) જ્ઞાન-ઈલ્મુલગૈબ પાલનહાર અલ્લાહ સિવાય બીજા કોઈ પાસે હોય શકે?



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

ઈસ્લામની આરસી

કાસિમ અબ્બાસ

ભાગ-૨

"(હે પયગંબર), આ લોકોને કહી દો કે તમારા હૃદયોમાં જે કંઈ છે તેને તમે છુપાવો કે જાહેર કરો, અલ્લાહ તે સર્વે વાતોને સારી રીતે જાણે છે. અને તે આકાશો અને ધરતી માંની દરેક વસ્તુ ના વિષે સંપુર્ણ માહિતગાર છે. અને તે અલ્લાહ દરેક વસ્તુ પર સર્વશક્તિમાન છે." (પ્રકરણ ૩, શ્લોક ૨૯)

"(હે પયગંબર), આ લોકોને કહી દો કે અલ્લાહના સિવાય આકાશો અને ધરતીમાં કોઈ ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય) જ્ઞાન ધરાવતું નથી. અને અલ્લાહ સિવાય બીજા ઉપાસ્યો (માબુદો- પુજવાલાયક) તો એ પણ નથી જાણતા કે તેઓને પોતાને ક્યારે આ જગતથી ઉઠાવવામાં આવશે (તેમને મૃત્યુ ક્યારે આવશે)." (પ્રકરણ ૨૭, શ્લોક ૬૫)

"તે અલ્લાહ જ છે જેના સિવાય કોઈ ઉપાસ્ય (માબુદ- પુજવાને લાયક) નથી. તે દરેક જાહેર તથા ગુપ્ત (ગૈબી) વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર છે, તેજ કૃપાળુ (રહેમાન) અને દયાળુ (રહીમ) છે." (પ્રકરણ ૫૯, શ્લોક ૨૨)

"અને આકાશો અને ધરતીની ગુપ્ત (ગૈબી) વાસ્તવિકતાઓ (હકીકતો)નું જ્ઞાન તો કેવળ અલ્લાહ પાસેજ છે. અને ન્યાય અને બદલા (કયામત) ના આવવાની ઘટના કોઈ સમય નહિં લે, પરંતુ એટલો જ સમય કે આંખના પલકારામાં, અરે ત્યાં સુધી કે તેનાથી પણ કંઈક ઓછા સમયમાં. સત્ય તો એ છે કે અલ્લાહ દરેક વસ્તુ પર સર્વશક્તિમાન છે. (પ્રકરણ ૧૬, શ્લોક ૭૭)

"તે અલ્લાહની પાસે જ ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય)ની ચાવીઓ છે, જેને તેના સિવાય બીજો કોઈ નથી જાણતો. સમુદ્ર અને ભુમિમાં જે કંઈ છે, તે સર્વે વસ્તુઓથી તે સંપૂર્ણ માહિતગાર છે. વૃક્ષમાં પડનાર કોઈ પાંદડું એવું નથી જેની જાણ તેને ન હોય. ધરતીના અંધારા પડોમાં કોઈ દાણો એવો નથી જેનાથી તે જાણકાર ન હોય, સુકા હોય કે લીલા. આ સર્વે એક ખુલ્લા ગ્રંથમાં લખાયેલું છે." (પ્રકરણ ૬, શ્લોક ૫૯)

"આકાશો અને ધરતીમાં જે કંઈ છે તે સર્વે અલ્લાહનું જ છે. અને તેના માટે જ છે. તમે તમારા હૃદયની વાતો ચાહે જાહેર કરો અથવા ચાહે છૂપાવો, અલ્લાહ જરૂર તે સર્વેનો હિસાબ તમારા પાસેથી જરૂર લેશે. પછી તેને તે અધિકાર છે કે તે જેને ચાહે તેને ક્ષમા કરે અને જેને ચાહે તેને સજા આપે. અને અલ્લાહ દરેક વસ્તુ પર સર્વશક્તિમાન છે." (પ્રકરણ ૨, શ્લોક ૨૮૪)

ઉપરના સર્વે બોધવચનો અનુસાર આકાશો અને ધરતીનું સર્વે ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય)જ્ઞાન કેવળ પાલનહાર અલ્લાહની પાસે જ છે અને પાલનહાર અલ્લાહ દરેક મનુષ્યના હૃદયની અંદર જે કંઈ છુપા રહસ્યો છે તે સુદ્ધાંથી સંપૂર્ણ પણે માહિતગાર છે, કારણકે પાલનહાર અલ્લાહ સર્વે વસ્તુઓ પર સર્વશક્તિમાન છે. તે હકીકત અનુસાર એ પણ પાલનહાર અલ્લાહના જ અધિકારમાં છે કે જો તે પોતે ચાહે તો એ બીજા કોઈને, જે તેનો પયંગબર પણ હોય શકે છે, તેને પોતાના તરફથી ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય) જ્ઞાન અર્પણ કરે, અને આ કાર્ય કેવળ તેના જ અધિકારમાં છે,અને તેની જ મરજી અનુસાર છે.

હવે આપણે જોઈએ કે કુરાન મજીદના બોધવચનો પાલનહાર અલ્લાહના પયગંબર (રસુલ) પાસે ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય) જ્ઞાન હોવા કે ન હોવાના વિષે શું કહે છે. આ વિષેના અમુક બોધવચનો આ પ્રમાણે છે, જેમાં પાલનહાર અલ્લાહ તેના પયગંબરને આદેશ આપે છે :-

"(હે પયગંબર), આ લોકોને કહી દો કે 'હું મારી જાત માટે કોઈ ફાયદા કે નુકસાનનો અધિકાર નથી ધરાવતો. અલ્લાહ જે કંઈ ચાહે છે તે થાય છે. અને જો મને ગુપ્ત(ગૈબી) જ્ઞાન હોત, તો હું મારા માટે ઘણા ફાયદા પ્રાપ્ત કરી લેત અને મને ક્યારે પણ કોઈ નુકસાન ન થાત. હું તો માત્ર એક ચેતવણી આપનાર અને સારા સમાચાર (ખુશ ખબરી) સંભાળવનાર છું, એ લોકો માટે, જેઓ મારી સત્ય વાત પર શ્રદ્ધા (ઈમાન) રાખે છે.'" (પ્રકરણ ૭, શ્લોક ૧૮૮)

"(હે પયગંબર), આ લોકોને કહી દો કે 'હું તમને એમ નથી કહેતો કે મારી પાસે અલ્લાહના સર્વે ખજાનાઓ છે. ન તો હું ગુપ્ત (ગૈબી) જ્ઞાન ધરાવું છું, અને ન તો હું દેવદુત (ફરિસ્તો) છું. હું તો માત્ર એ દૈવી-આધ્યાત્મિક વાણી (વહી)નું અનુસરણ કરું છું, જે મારી ઉપર ઉતારવામાં (મને મોકલવામાં) આવે છે. તેમને કહો કે 'શું આંધળો અને દેખતો (આંખોવાળો) એ બંને સમાન (સરખા) હોય શકે છે ? તમે શા માટે આ વિચારતા નથી ?" (પ્રકરણ ૬, શ્લોક ૫૦)

ક્રમશઃ

# ભૂમિ પૂજન સાથે ગુજરાતમાં ઉત્સવ, મંદિરોમાં રામધૂન

● અમદાવાદમાં દિવાળી જેવો માહોલ, ભવ્ય આતશબાજી, દીપ પ્રાગટયથી જગમગ્યું: વડોદરા કોંગ્રેસે હનુમાન ચાલીસા પઠન કાર્યક્રમ રાખતા આશ્ચર્ય

અમદાવાદ : અયોધ્યામાં રામ મંદિરના ભૂમિ પૂજન સાથે સાથે ગુજરાતમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો. અમદાવાદ સહિત ગુજરાતભરમાં રામધૂન યોજી, મંદિરોમાં મહાઆરતી કરી, ફટાકડા ફોડી, પેંડા સહિતની મીઠાઈઓ અને પ્રસાદી વહેંચીને તેમજ રાત્રે ઘરેઘરે દીવા પ્રગટાવીને લોકોએ તેમની ભગવાન રામ પ્રત્યેની આસ્થા પ્રગટ કરી હતી. અમદાવાદના ખાડિયા વિસ્તારમાં આવેલું સૌથી જુના રામ મંદિરમાં સવારથી જ ભજન મંડળીઓની જમાવટ જોવા મળી રહી છે વાતાવરણ સવારથી શ્રી રામના જય જયકારથી ગુંજી રહ્યું છે. પાલડી ખાતે આવેલા શ્રી રામજી મંદિર, કૌશલેન્દ્ર મઠ ખાતે હર્ષોલ્લાસનો માહોલ જોવા મળ્યો છે. જગદગુરુ શ્રી રામાનંદાચાર્ય સ્વામી રામાચાર્યજીએ અયોધ્યામાં ભૂમિપૂજન પ્રસંગે ખુશી વ્યક્ત કરી છે.

અમદાવાદમાં પાલડી ખાતે વીએચપીના કાર્યાલયને શણગારવામાં



આવ્યું હતું. જ્યાં નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલની હાજરીમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભાજપ કાર્યલક્ષ 'કમલંમ' ખાતે પણ મોટી સંખ્યામાં કાર્યકરો અને રામભક્તો ઉમટી પડયા હતા. જેઓએ આતશબાજી કરીને તેમજ રામમંદિરની પ્રતિકૃતિની વિશાળ રંગોળી બનાવીને 'જય શ્રી રામ' ના જયકાર સાથે રામમંદિરનો એક સંકલ્પ પૂર્ણ કર્યાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

અમદાવાદ શહેરમાં વિવિધ મંદિરોમાં વિશેષ પૂજા-આરતી અને હવન કરવામાં આવ્યા હતા. ખોખરામાં ધીરજ હાઉસિંગ હરિપુરા ખાતે પંચમહાદેવના મંદિરે રામભક્તોએ ફટાકડી ફોડી મહાઆરતી કરી હતી. જમાલપુરમાં આવેલા જગન્નાથમંદિરમાં પણ ૧૨:૩૯ કલાકે મહાઆરતી કરવામાં આવી હતી. સાંજે મંદિર પરિસરમાં દીપ પ્રગટાવીને મંદિરને રોશનીથી ઝગમગતું કરી દેવાયું હતું. શક્તિપીઠ અંબાજી ખાતે પુજારીઓ દ્વારા ચાચરચોકમાં વૈશ્વિક મંગલ યજ્ઞ, દૈવિરાજોપચાર પુજા, હનુમાન ચાલીસાના પાઠ, રામ રક્ષા સ્ત્રોત, દિપમાળા તેમજ શ્રી રામ સ્તુતિ પ્રાર્થના જેવા ધાર્મિક કાર્યક્રમો યોજ્યા હતા. અંબાજી મંદિર અને ગબ્બર ખાતે સાંજે ૫૧ દીવાઓ પ્રગટાવવામાં આવ્યા હતા. વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પણ વડોદરાના રામજી મંદિર ખાતે હનુમાન ચાલીસા પઠનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જ્યારે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા મંદિરના નિર્માણ માટે ભગવાન શ્રી રામના ચરણોમાં શુકન રૂપે ૧૧ કિલો ચાંદીની પાટ અર્પણ કરી હતી.

# પાટનગર ગાંધીનગર ખાતે ૧૫ વર્ષ બાદ રાજ્યનો સ્વાતંત્ર્ય દિન ઉજવાશે

ગાંધીનગર : ઘણા વર્ષો બાદ રાજ્યકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ પાટનગર ગાંધીનગરમાં યોજાનાર છે ત્યારે આ વખતે સેન્ટ્રલ વિસ્ટા એટલે કે, સ્વર્ણીમ પાર્કમાં રાજ્યકક્ષાના સ્વતંત્ર્ય પર્વ ૧૫મી ઓગસ્ટની ઉજવણી કરવામાં આવશે. કોરોનાકાળમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે બેઠક વ્યવસ્થા અહીં ગોઠવી શકાય તે માટે ખાસ ડોમ બનાવવામાં આવશે જ્યારે ધ્વજવંદન માટે પોલ પણ ઉભો કરાશે. અહીંથી મુખ્યમંત્રી ધ્વજવંદન કરવાના હોવાને પગલે વીઆઈપી સ્ટેજ પણ બનાવવામાં આવશે. પહેલા રાષ્ટ્રીય પર્વની પાટનગરમાં જ ઉજવણી થતી હતી. પાટનગર ગાંધીનગરના હેલીપેડ ગ્રાઉન્ડમાં મુખ્યમંત્રી દ્વારા ધ્વજવંદન કરતા હતા ત્યારે નરેન્દ્ર મોદી જ્યારે મુખ્યમંત્રી બન્યા ત્યાર પછી આ ધ્વજવંદનના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને પાટનગરથી રાષ્ટ્રીય પર્વની ઉજવણી જિલ્લાઓમાં લઈ જવામાં આવી હતી ત્યારે આ વખતે કોરોનાકાળમાં ફરી સ્વતંત્ર્ય પર્વની પાટનગર ગાંધીનગર ખાતે ઉજવણી કરવાનો નિર્ણય લેવાયો છે ત્યારે પાટનગરમાં રાજ્યકક્ષાના સ્વતંત્ર્ય પર્વની ઉજવણી સેન્ટ્રલ વિસ્ટા એટલે કે, સ્વર્ણિમ પાર્કમાં કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ગુજરાતમાં કોંગ્રેસ મજબૂત ઉમેદવારોની શોધમાં, રાહુલ ગાંધીની ટીમે ધામો નાંખ્યો

ગાંધીનગર : ગુજરાત વિધાનસભાની આઠ બેઠકો પર આગામી સમયમાં પેટા ચૂંટણીનો જંગ જામવાનો છે. આ તબક્કે દિલ્હીથી રાહુલ ગાંધી (આરજી)ની ટીમના બે સભ્યોએ છાનેમાને મજબૂત ઉમેદવારની શોધમાં સર્વે શરૂ કર્યો છે, આરજીની ટીમના સભ્યો સચિન રાવ અને ક્રિશ્રા અલાવરી જે તે બેઠક પર મજબૂત અને લોકપ્રિય ઉમેદવારની શોધ અંગેનો સીધો રિપોર્ટ આર.જી. ઓફિસને કરશે તેમ કોંગ્રેસના ટોચના સૂત્રો જણાવી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં હાઈકમાન્ડની ટીમે બે વાર ગુજરાતના આંટાફેરા માર્યા છે. રાજ્યસભાની ચૂંટણી સમયે કોંગ્રેસના આઠ ધારાસભ્યોએ ગદ્દારી કરી પક્ષથી છેડો ફાડયો હતો અને ભાજપને ખોળે બેસી ગયા હતા. આ ગદ્દારોને પાઠ ભણાવવા, પેટા ચૂંટણીના જંગમાં જીતવા હાઈકમાન્ડે રાહુલ ગાંધીની ટીમના સભ્યોને હમણાં જ ગુજરાત મોકલ્યા છે, આ ટીમના સભ્ય સચિન રાવ કપરાડા, ડાંગ તેમજ વડોદરાની કરજણ બેઠક ઉપર તો બાકીની લીંબડી, મોરબી સહિતની બેઠકો ઉપર ક્રિશ્રા અલાવરીએ ધામા નાંખ્યા છે. પેટા ચૂંટણી હોવાથી ભાજપના ધનબળ, બાહુબલ, શામ-દામ-દંડ-ભેદની નીતિ સામે ટક્કર આપે તેવો મજબૂત ઉમેદવાર પસંદ કરવાનું મન બનાવ્યું હોવાથી આર.જી.ની ટીમને કામે લગાડાઈ છે.

સૂત્રો કહે છે કે, ૨૦૧૭ની પેટા ચૂંટણી સમયે ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત હતા ત્યારે સૌરાષ્ટ્ર ઝોનની જવાબદારી રાજીવ સાતવને સોંપાઈ હતી, એ રાજીવ સાતવ અત્યારે ગુજરાત કોંગ્રેસના નિષ્ફળ પ્રભારી મનાય છે, તે પોતે પણ જીતની શક્યતા વાળા મજબૂત ઉમેદવારની પસંદ માટે સ્થાનિક સંગઠન સાથે સંપર્કમાં છે.

# રાજકોટમાં કોરોનાની વિગતો છુપાવતા કોંગ્રેસનું આંદોલન, નેતાઓની અટકાયત

● ઉપવાસ ધરણા અને સદા વેશમાં ધસી આવી માત્ર ૪ નેતાઓ છતાં અટકાયત! : પોલીસ મથકમા પણ આંદોલન ચાલુ રખાયુ

રાજકોટ : સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં કોરોનાની વિગતો જાહેર કરવામાં આવે છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાએ છેલ્લા એક સપ્તાહથી કોરોના દર્દીઓના નામ, સરનામા તેમજ મૃત્યુ પામતા દર્દીઓની વિગતો પર શંકાસ્પદ રીતે પડદો પાડી દેવામાં આવે છે. જેની સામે લોકોની નારાજગી અન્વયે કોંગ્રેસ દ્વારા ઢેબર રોડ પર આવેલ મહાનગરપાલિકા કચેરીની બહાર ફૂટપાથ પર બેસી ઉપવાસ આંદોલન શરૂ કર્યું હતું તથા મહામારીના આંકડા જાહેર કરવાની માંગ સાથે ભાજપ અને મ્યુનિસિપલ કમિશનર વિરૂધ્ધ સુત્રો પોકાર્યા હતા. શહેરમાં પોલીસ કમિશનરના




જાહેરનામાના અન્વયે ઉપવાસ પર માત્ર વિપક્ષી નેતા વશરામ સાગઠિયા, વિરોધ પક્ષના દંડક અતુલ રાજાણી, સહિત માત્ર ૪ નેતાઓ બેઠા હોવા છતાં પોલીસે આશ્ચર્યજનક રીતે ચારે નેતાઓને અટકાયત કરી હતી. શહેરમાં શાસક પક્ષ વિરોધ કોઈપણ પ્રકારનો કાર્યક્રમ નહીં થવાની પોલીસને નીતિ ચર્ચાસ્પદ બની છે.

# સિવિલ સર્વિસ માટે ગુજરાતમાંથી ૧૩ ઉમેદવારો સિલેક્ટ : ગત વર્ષથી ઘટયા

● ૪૧ ઉમેદવારે ઈન્ટરવ્યૂ આપ્યા : બે મહિલા સહિત ૧૩ પાસ : સુરતનો કાર્તિક જિવાણી પ્રથમ

અમદાવાદ : યુપીએસસી દ્વારા સિવિલ સર્વિસીઝ પરીક્ષાનું ફાઈનલ પરિણામ જાહેર કરાયુ છે.જેમાં સ્પીપાથી કોચિંગ લેનારા ગુજરાતના ૧૩ ઉમેદવારો ફાઈનલ પસંદગીમાં સીલેક્ટ થયા છે. ગુજરાતમાંથી ૪૫૬ ઉમેદવારે પ્રિલિમ પરીક્ષા આપી હતી અને જેમાંથી ૧૩૮ ઉમેદવારોએ મેઈન પરીક્ષા આપી હતી ત્યારબાદ ઈન્ટરવ્યુ માટે ૪૧ ઉમેદવારો સીલેક્ટ થયા હતા. જેમાંથી ૧૩ ઉમેદવારો સિવિલ સર્વિસીઝ માટે સીલેક્ટ થયા છે અને જેમાં બે મહિલા ઉમેદવારનો સમાવેશ થાય છે. સુરતનો કાર્તિક જિવાણી ૮૪મા રેન્ક સાથે ગુજરાતમાં પ્રથમ રહ્યો છે.જો કે ગત વર્ષની સરખામણીએ ફાઈનલમાં ગુજરાતમાંથી સીલેક્ટ થનાર ઉમેદવારો ઘટયા છે. દર વર્ષે સિવિલિ સર્વિસીઝ માટેની ભરતી પ્રક્રિયા કરવામા આવે છે.જેમાં પ્રથમ તબક્કામાં પ્રિલિમ લેખિત પરીક્ષા લેવાય છે અને ત્યારબાદ મેઈન લેખિત પરીક્ષા લેવાય છે. યુપીએસસી સિવિલ સર્વિસીઝ ૨૦૧૯ની ભરતી અંતર્ગત પ્રિલિમ પરીક્ષામાં સ્પીપાના જુની અને નવી બેચના મળીને ૧૨૮ ઉમેદવારો પાસ થયા હતા.

# વિશ્વપ્રસિદ્ધ આદ્યશક્તિ પીઠ અંબાજીનો કેન્દ્રની પ્રસાદ યોજનામાં સમાવેશ કરાયો

ગાંધીનગર : ગુજરાતનું વિશ્વપ્રસિદ્ધ આદ્યશક્તિ પીઠ અંબાજીનો કેન્દ્ર સરકારની પ્રસાદ પરિયોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય પ્રવાસન મંત્રાલયે દેશના વધુ પાંચ તીર્થસ્થાનોને આ યોજનામાં સામેલ કર્યા છે જેમાં અંબાજીને પણ તેમાં સામેલ કરવામાં આવ્યું છે. આ સાથે જ અંબાજી આ યોજનામાં સામેલ થનારું ત્રીજુ તીર્થ સ્થાન બની ગયું છે. પ્રસાદ યોજનામાં અગાઉ સોમનાથ અને દ્વારકાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ યોજનામાં સામેલ થતા હવે અંબાજીનો વિકાસ કરવામાં આવશે. ગુજરાત પ્રવાસન નિગમે યાત્રાધામ અંબાજીનો પ્રસાદ પરિયોજનામાં સમાવેશ કરીને પ્રવાસન સુવિધા કેન્દ્ર, કોમ્યુનિટી કિચન, ગબ્બર પગથિયા નવીનિકરણ જેવી સુવિધાઓ વિકસાવવા ભારત સરકારમાં કરેલી દરખાસ્તનો કેન્દ્રીય પ્રવાસન મંત્રાલયે સ્વીકાર કરી લીધો છે.

# રાજકોટમાં છાશ ઢોળવા બાબતે તકરાર ભાજપ કાર્યકરની છરીના ઘા મારી હત્યા

રાજકોટ : રાજકોટમાં મોડી રાત્રે દૂધની ડેરી પાસેની લાખાજીરાજ સોસાયટીમાં ભાજપના કાર્યકર આરીફ ગુલામહુશૈન ચાવડા(ઉ.વ.૪૦)ની બે શખ્સો દ્વારા છરીના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હતી. સામાપક્ષે પાડોશમાં જ રહેતા હુમલાખોર પિતા-પુત્ર પર પણ ખૂની હુમલો થયો હતો. આ હત્યા અને ખૂનના પ્રયાસના બનાવમાં ઘવાયેલા અને સારવાર માટે ખસેડાયેલા પિતા-પુત્ર પર બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો દૂધસાગર રોડ પર દૂધની ડેરી પાસેની લાખાજીરાજ સોસાયટીમાં રહેતાં ભાજપના કાર્યકર આરીફ ગુલામહુશેનભાઈ ચાવડા(ઉ.વ.૪૦)રાતના સુમારે તેમના ઘર પાસે હતા ત્યારે ધસી આવેલા બે શખ્સોએ તેના પર છરીથી હુમલો કર્યો હતો. છરીના ઘા ઝીંકતા ગંભીર રીતે ઘવાયેલા આરીફ ચાવડાને સારવાર માટે સ્ટર્લિંગ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયાં તેનું મૃત્યુ નિપજ્યું હતું. સામાપક્ષે તેની પાડોશમાં રહેતાં વસીમ ઉર્ફે ટકો અબ્દુલ ખેભર છાશવાળા તરીકે ઓળખાતા વસીમ અને તેના પિતા અબ્દુલ ઓસમાણ પર આરીફ, ગુલામહુસેન, આબીદ, ઈરફાન અને ઉસ્તાકે ધારીયા વડે ખૂની હુમલો કર્યો હોવાની સિવિલ હોસ્પિટલ ચોકીમાં એન્ટ્રી નોંધાવાઈ હતી. એ બન્નેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# અમદાવાદમાં લગ્નનાં પાંચ દિવસ બાદ બહેનની નજર સામે ભાઈની કરપીણ હત્યા

અમદાવાદ : અમદાવાદમાં વસંતનગરના છાપરામાં રહેતા ધર્મેશ પોતાની બહેન સાથે નાસ્તો લેવા નીકળ્યો હતો. પરંતુ ધર્મેશને ખ્યાલ ન હતો કે તેનુ મોત ઠક્કર નગર ચાર રસ્તા પાસે તેની રાહ જોઈ રહ્યું છે. અને બન્યું પણ એવું જ મુખ્ય આરોપી વિજય ચુનારા અને તેના સાગરીતોએ ભેગા મળી ધર્મેશની હત્યાને અંજામ આપ્યો અને ફરાર થઈ ગયા. ધર્મેશની હત્યાના બનાવમાં કૃષ્ણનગર પોલીસે હવે મુખ્ય આરોપી વિજય ચુનારા સહિતના પાંચ શખ્સોને પકડવા કવાયત તેજ કરી છે. ઘટનાની જો વિગતવાર વાત કરવામાં આવે તો, ધર્મેશ અને વિજય વચ્ચે અગાઉ પણ તકરાર થઈ ચૂકી હતી. જેના કારણે જે તે સમયથી તેમની વચ્ચે મતભેદો ચાલી રહ્યા હતા. દરમિયાનમાં ધર્મેશને મારવા ફરી રહેલા વિજય ચુનારાને ધર્મેશનો ભેટો થઈ ગયો હતો અને ધર્મેશની બહેન સામે આરોપીઓએ તેનું ઢીમ ઢાળી દીધુ હતું.

# ૨૪ કલાકમાં કોરોનાના ૫૬૨૮૨ કેસ, ૯૦૪ મોત

**• પ. બંગાળના પૂર્વ મંત્રીનું કોરોનાને કારણે નિધન : ભારતમાં રિકવરી રેટ ૬૭.૬૧, પોઝિટિવિટી રેટ ૮.૪૬ ટકા, ૫ ઓગસ્ટે દેશમાં ૬૬૪૯૪૯ સેમ્પલ ટેસ્ટ કરાયા**

નવી દિલ્હી : ભારતમાં કોરોના વાયરસના કેસોમાં સતત વધારો નોંધાતો રહ્યો છે. બુધવારથી ગુરુવાર સુધીમાં ૨૪ કલાકમાં ૫૬ હજારથી વધારે કેસ નોંધાયા છે અને ૯૦૪ લોકોના મોત થયાં છે. દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૧૯,૬૪,૫૩૬ પર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૫૬,૨૮૨ કેસ સામે આવ્યા છે. દેશભરમાં આ જીવલેણ બીમારીને કારણે અત્યાર સુધી ૪૦,૬૯૯ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં કોરોનાનો રિકવરી રેટ ૬૭.૬૧ ટકા છે જ્યારે પોઝિટિવિટી રેટ ૮.૪૬ ટકા છે. ૫ ઓગસ્ટના રોજ દેશભરમાંથી ૬,૬૪,૯૪૯ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. અત્યાર સુધી દેશમાં ૨ કરોડ ૨૧ લાખ ૪૯ હજાર ૩૫૧ લોકોની ટેસ્ટિંગ કરવામાં આવી છે. બંગાળના પૂર્વ પરિવહન મંત્રી શ્યામલ ચક્રવર્તીનું ગુરુવારે સંક્રમણના કારણે મોત થયું છે. ચક્રવર્તી ૧૯૮૨ થી ૧૯૯૬ સુધી પશ્ચિમ બંગાળના પરિવહન મંત્રી તરીકે સેવા આપી ચુક્યા હતા. તે બે વખત રાજ્યસભા સાંસદ પણ રહી ચુક્યા હતા. તેમને ૩૦ જુલાઈએ સંક્રમિત થયા પછી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દેશમાં અત્યાર સુધી ૧૩ લાખ ૨૭ હજાર ૨૦૦ લોકો સાજા થઈ ચુક્યા છે. ૨૪ કલાકમાં રિકવરી રેટ ૨%ના વધારા સાથે ૬૭% પર પહોંચી ગયો છે. મૃત્યુદરમાં ૧%નો ઘટાડો નોંધાયો છે. મંગળવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે મૃત્યુદર ૨.૧૦% જણાવ્યો હતો જે હવે ૨.૦૯% થઈ ગયો છે. ઓરિસ્સામાં છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમણના રેકોર્ડ ૧૬૯૯ નવા કેસ સામે આવ્યા છે. રાજ્યમાં ગુરુવારે સંક્રમિતોની સંખ્યા વધીને ૪૦ હજારને પાર પહોંચી ગઈ છે. સાથે જ ૧૦ મોત સાથે મૃતકોનો આંકડો ૨૩૫એ પહોંચી ગયો છે. રાજ્યમાં ગંજમ જિલ્લામાં ત્રણ સુંદરગઢમાં બે અને ભદ્રક, કંધમાલ, નયાગઢ, નબરંગપુર અને ક્યોંઝર જિલ્લામાં કોરોના સંક્રમણના કારણે એક-એક દર્દીનું મોત થયું છે.



## ૧,૫૧૪ નવા દર્દી સાથે મહારાષ્ટ્રમાં કોરોનાગ્રસ્તોની સંખ્યા ૪,૭૯,૭૭૯

મુંબઈ: રાજ્યમાં બુધવારે ૧૧,૫૧૪ નવા દર્દી સાથે કોરોનાગ્રસ્તોની સંખ્યા ૪,૭૯,૭૭૯ પર પહોંચી છે. આની સાથે રાજ્યમાં ૩૦૭ કોરોના દર્દીના મોત પણ થયા હતા. આની સાથે જ રાજ્યમાં મૃત્યુ પામેલા દર્દીનો મરણાંક ૧૬,૭૯૨ પર પહોંચી ગયો છે, જોકે રાજ્યમાં ૧૦,૮૫૪ દર્દી સારા થઈને ઘરે ગયા હતા અને રાજ્યમાં અત્યારે ૧,૪૬,૩૦૫ એક્ટિવ દર્દી છે, એમ રાજ્યના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ જણાવ્યું હતું.મુંબઈમાં કોરોનાગ્રસ્તોનો આંક ૯૧૦ના વધારા સાથે ૧,૨૦,૧૫૦ પર પહોંચ્યો છે. મૃતકોમાં મુંબઈના -૫૭, થાણેના -૩૮, નવી મુંબઈના -૨, કલ્યાણ-ડોંબિવલીના -૭, ઉલ્હાસનગરના -૩, ભીવંડીના -૬, પાલઘરના -૪, વસઈ-વિરારના -૬, રાયગઢના -૪, પનવેલમાં -૧, નાશિકના -૧૩, અહમદનગરના -૫, ધુળેના -૨, જળગાંવના -૧૩, નંદુરબારના -૧, પુણેના -૪૩, પિંપરી-ચિંચવડના -૧૯, સોલાપુરના -૧૫, સાતારાના -૨, કોલ્હાપુરના -૧૩, સાંગલીના -૫, રત્નાગિરિના -૧, ઔરંગાબાદના -૭, પરભણીના-૪, લાતુરના -૬, નાંદેડના -૫, આકોલાના-૧, અમરાવતીના -૭, યવતમાળના -૨, બુલઢાણાના -૩ નાગપુરના -૧૮ કોરોના દર્દીનો સમાવેશ થાય છે.

## પ્લાઝમા થેરાપીથી મૃત્યુદર ઘટતો નથી : એઇમ્સ

એઇમ્સ દિલ્હી દ્વારા કરવામાં આવેલા એક પરીક્ષણમાં બહાર આવ્યું છે કે પ્લાઝમા થેરાપી કોરોના મહામારીમાં મૃત્યુદર ઓછો કરવામાં કારગર નથી. એઇમ્સના નિષ્ણાતોએ ૩૦ દર્દીઓ પર આ અંગે પ્રયોગ કર્યો હતો જેના પરિણામ પછી આ તારણ કાઢવામાં આવ્યું છે. ડૉક્ટરોએ શોધ્યું હતું કે, મૃત્યુદરના મામલામાં પ્લાઝમા થેરાપીથી કોઈ લાભ થતો નથી. જોકે, અગાઉ એક સંશોધનમાં એવું બહાર આવ્યું હતું કે, કોવિડના કેસમાં પ્લાઝમા થેરાપીથી મોતનો આંકડો ઓછો કરી શકાય છે. નોંધનીય છેકે કેટલાક સમયથી કોરોનાના દર્દીઓને પ્લાઝમા વડે સારવાર આપવા પર ભાર મુકાઈ રહ્યો છે. હવે એઇમ્સના આ સંશોધન પછી અત્યાર સુધીમાં જાગેલી આશા પર પાણી ફેરવાઈ ગયું છે. ડૉક્ટરોએ કહ્યું કે, તમને ખબર નહીં હોય પણ તમે સખત બીમાર હો છો. પણ તમારા સંપર્કમાં કોઈ કોરોના પોઝિટિવ આવે તો તેણે ટેસ્ટ માટે જવું જોઈએ. લોકોએ એ પણ ન ભૂલવું જોઈએ કે ડૉક્ટરોની સલાહ પર જ ઓક્સિમીટરનો ઉપયોગ કરવો જોઈએ.

## ભારતમાં કોરોનાની રસીને અંશતઃ સફળતા, ૧૬૦૦ દર્દીને ડોઝ અપાયા

ભારતમાં કોરોનાની ઓક્સફર્ડ યુનિવર્સિટીએ વિકસાવેલી રસીને ટ્રાયલ માટે બીજા અને ત્રીજા તબક્કાની મંજૂરી મળી છે. પહેલા તબક્કાની ટ્રાયલ કામગીરી અગાઉ થઈ ચૂકી છે. ધ ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા બ્રિટનની ઑક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા વિકસાવાયેલી રસીના બીજા અને ત્રીજા ફેઝને આજે મંજૂરી આપવામાં આવી હતી. હવે આ રસીનો પ્રયોગ દેશમાં વિવિધ ૧૭ સ્થળોએ લગભગ ૧૬૦૦ દર્દીઓ પર થઇ રહ્યો છે. કોઈપણ રસી વિવિધ પરીક્ષણો પછી જ તૈયાર થતી હોય છે. ઓક્સફર્ડની રસીનું બ્રિટનમાં પણ પરીક્ષણ થઈ રહ્યું છે. ત્યાં શરૂઆતી પરીક્ષણ આશાસ્પદ જણાયા પછી ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકામાં પરીક્ષણને મંજૂરી આપવામાં આવી છે. આ ક્લિનિકલ ટ્રાયલ છે, એટલે કે પ્રાણી પર રસી સફળ થયા પછી મનુષ્ય પર તેનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે.

## સીએમ શિવરાજસિંહ ચૌહાણે કોરોનાને આપી મ્હાત, હોસ્પિ.માંથી રજા અપાઈ

કોરોના પોઝિટિવ આવેલાં મધ્યપ્રદેશના સીએમ શિવરાજસિંહ ચૌહાણનો રિપોર્ટ હવે નેગેટિવ આવ્યો છે. હોસ્પિટલમાં ૧૦ દિવસની સારવાર બાદ શિવરાજસિંહ ચૌહાણે કોરોનાને મ્હાત આપી છે. ૨૫ જુલાઈએ સીએમ શિવરાજસિંહ કોરોના પોઝિટિવ આવ્યા બાદ તેઓને ભોપાલની ચિરાયુ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. હવે તેઓને ઘરમાં અલગ રહેવા અને ૭ દિવસ માટે પોતાના સ્વાસ્થ્યની ચકાસણી કરવા માટેની સલાહ આપવામાં આવી છે.

# ચીનની ઘુસણખોરી અંગેના દસ્તાવેજો હટાવાતાં વિવાદ, રાહુલે ટ્વીટ કર્યું

**• ભારત-ચીન વચ્ચે પાંચ વખત સૈન્ય વાટાઘાટો થઈ પણ, એલએસી પર તનાવ ઓછો છતાં સ્થિતિમાં બદલાવ નહીં**



નવી દિલ્હી : ભારત અને ચીન વચ્ચેનો સીમા વિવાદ યથાવત છે ત્યારે વધુ એક વિવાદ શરૂ થયો છે. ચીન આડોડાઈ પર ઉતર્યું છે અને પેગોંગ લેક આસપાસના વિસ્તારમાંથી પોતાના સૈનિકોને પાછા હટાવવા માટે તૈયાર નથી. આ દરમિયાન સંરક્ષણ મંત્રાલયે ચીને લદ્દાખમાં ઘૂસણખોરી કરી હોવાનો ઉલ્લેખ જે દસ્તાવેજમાં કર્યો હતો તેને વેબસાઈટ પરથી હટાવી લેવામાં આવ્યો છે.આ ડોક્યુમેન્ટમાં મંત્રાલયે સ્વીકાર્યું હતુ કે, મે મહિનાથી સતત ચીન ઘૂસણખોરી કરી રહ્યુ છે અને ખાસ કરીને ગલવાન, પેંગોંગ લેક વિસ્તારમાં ઘૂસણખોરી વધી છે. જોકે આ ડોક્યુમેન્ટ મુકાયાના થોડા ક જ સમયમાં તેને હટાવી લેવાયા છે. મંત્રાલયે એવું પણ કહયું છે કે, ચીન સાથેનો વિવાદ લાંબો ચાલી શકે છે.ભારત અને ચીન વચ્ચે પાંચ વખત સૈન્ય વાટાઘાટો થઈ ચુકી છે, એલએસી પર તનાવ ઓછો છે પણ સ્થિતિમાં કોઈ બદલાવ થયો નથી. ઉલ્લેખનીય છે કે, રાહુલ ગાંધીએ આ ડોક્યુમેન્ટનો હવાલો આપીને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ ચીનની ઘુસણખોરીના દસ્તાવેજો સરકારે હટાવી લીધા તેના સંદર્ભમાં કહ્યું કે, ભૂલ જાવ કે વડાપ્રધાન ચીનની સામે ઊભા રહેશે. વડાપ્રધાન મોદીની એટલી હિંમત પણ નથી કે તેઓ ચીનનું નામ પણ લે. રાહુલ ગાંધીએ તેમની ટ્વીટની સાથે એક દસ્તાવેજ પણ જાહેર કર્યો છે જેમાં ચીનની ઘુસણખોરી લદ્દાખમાં થઈ હોવાની વાત હતી.

# રાજસ્થાનમાં ૧૧મી ઓગષ્ટે ગેહલોત સરકારના ભાવિનો ફેંસલો સંભવ

જયપુર : રાજસ્થાનમાં કૉંગ્રેસની અશોક ગેહલોત સરકાર માટે ૫ દિવસ બાદ ૧૧ ઑગષ્ટ મોટો દિવસ સાબિત થઈ શકે છે. છેલ્લા ૨૫ દિવસથી સરકાર પર મંડરાઈ રહેલા રાજકીય સંકટના વાદળ આ દિવસે વધારે ઘેરાઈ શકે છે. રાજસ્થાન હાઈકોર્ટ આ દિવસે કૉંગ્રેસમાં બીએસપીના ૬ ધારાસભ્યોના વિલય પર ચુકાદો સંભળાવવમાં આવશે અને જો આ ચુકાદો ધારાસભ્યોની વિરુદ્ધ આવ્યો તો ગેહલોત સરકાર ખતરામાં પડી શકે છે. ગેહલોત સરકારનો બહુમતીનો દાવો આ ચુકાદા બાદ નિષ્ફળ થઈ શકે છે. અત્યારે આ ફક્ત અંદાજો છે જે રાજકીય ગલીઓમાં ચર્ચાનો વિષય બની શકે છે.

રાજસ્થાન હાઈકોર્ટે ગુરુવારના રાજ્યના વિધાનસભા અધ્યક્ષને ભાજપના ધારાસભ્ય મદન દિલાવર અને બસપાના રાષ્ટ્રિય સચિવ સતીશ મિશ્રાની અરજીઓ પર નોટિસનો અમલ કરાવવાની જવાબદારી જેસલમેર જિલ્લા જજને સોંપી છે. જેસલમેરની એક હોટલમા રહેલા બીએસપીના આ ધારાસભ્યોને નોટિસનો અમલ કરાવવાની જરૂરિયાત પડવા પર કોર્ટે જિલ્લા એસપીની મદદ લેવાની વાત કરી છે. આ પહેલા કોર્ટે અધ્યક્ષ અને વિધાનસભાના સચિવ અને ૬ ધારાસભ્યોને ૩૦ જુલાઈના નોટિસ જાહેર કરી હતી. આ તમામને ૧૧ ઑગષ્ટ સુધી નોટિસનો જવાબ આપવાના નિર્દેશ આપવામાં આવ્યા

# જમ્મુ કાશ્મીરમાં હજુ પણ ૧૪૪થી વધુ કાશ્મીરી નેતાઓ નજરકેદ હેઠળ

શ્રીનગર : ૨૦૧૯ના ઑગષ્ટની પાંચમીએ જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી ૩૭૦મી કલમ રદ થયાને લગભગ એક વર્ષ થવા આવ્યું. હજુ પણ ૧૪૪થી વધુ કાશ્મીરી નેતાઓ નજરકેદમાં હતા એવું સરકારી પ્રવક્તાએ કહ્યું હતું. જો કે આ પહેલાં ત્રણસોથી વધુ નેતાઓને શરતી મુક્તિ આપવામાં આવી હતી. જમ્મુ કાશ્મીર હવે કેન્દ્ર શાસિત પ્રદેશ છે. અગાઉ જમ્મુ કાશ્મીરના હતા એવા ૧૬૪ કાયદા રદ થયા હતા. એની સામે કેન્દ્ર સરકારે લાદેલા ૧૭૦ નવા કાયદાનો અમલ શરૂ થયો હતો. એકાવન નેતાઓને જમ્મુ કાશ્મીર હાઈકોર્ટના આદેશના પગલે મુક્ત કરવામાં આવ્યા હતા. બીજા કેટલાકને વહીવટી તંત્રે કરેલી સમીક્ષા પછી મુક્ત કરાયા હતા. મુક્ત કરાયેલા દરેક નેતાને સ્પષ્ટ શબ્દોમાં એવી ચેતવણી આપવામાં આવી હતી કે રાજકીય નિવેદનો કરવા નહીં.

# ભારતની તુર્કીને સલાહ : દેશનાં આંતરિક મામલામાં હસ્તક્ષેપ ન કરે

નવી દિલ્હી : ભારતના વિદેશ મંત્રાલયે (એમઈએ) જમ્મુ-કાશ્મીરમાં કલમ-૩૭૦ અંગે થોડા દિવસ પહેલા તુર્કી દ્વારા કરાયેલા નિવેદનને સત્યથી વેગળું, પક્ષપાતીપુર્ણ અને બિનજરૂરી ગણાવ્યું છે. ગુરુવારે વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે ભારતના આંતરિક મામલામાં દખલ ત્યારે જ કરવી જોઇએ, જ્યારે તુર્કીને અહીંની વાસ્તવિકતાની ખબર હોય.

હકીકતમાં, થોડા દિવસ પહેલા તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ અર્દોઆને કાશ્મીરની તુલના પેલેસ્ટાઈન સાથે કરી હતી અને કોરોના સંકટ દરમિયાન ભારતે કાશ્મીરમાં અત્યાચાર ગુજાર્યો હોવાનો આરોપ પણ લગાવ્યો હતો.

ઈદ-ઉલ-અઝહાનાં દિવસે અર્દોઆને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આરિફ અલ્વી અને વડા પ્રધાન ઈમરાન ખાન સાથે વાત કરી હતી અને કાશ્મીર મુદ્દે પાકિસ્તાનને સમર્થન આપવાની વાત કહીં હતી. થોડા દિવસો પહેલા તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈપ અર્દોગને પાકિસ્તાની સમકક્ષ આરીફ અલ્વી અને વડા પ્રધાન ઈમરાન ખાન સાથે ફોન પર વાત કરી હતી અને ખાતરી આપી હતી કે તેમનો દેશ કાશ્મીરના મુદ્દે પાકિસ્તાનની સાથે ઉભો છે.

# જમ્મુના કુલગાવમાં આતંકીઓએ સરપંચની ગોળી મારીને હત્યા કરી

કુલગામ : જમ્મુ-કાશ્મીરમાં ભાજપ નેતાઓ પર આતંકીઓના હુમલા વધી રહ્યાં છે. ગુરૂવારે શ્રીનગરથી ૬૦ કિમી દૂર કુલગામના કાઝીગુડ જિલ્લાના એક ગામના સરપંચ અને ભાજપ નેતા સાજિદ અહેમદની આતંકીઓએ ગોળી મારીને હત્યા કરી નાખી હતી. સાજિદ અહેમદ કુલગામ જિલ્લાના ઉપપ્રમુખ હતા. સાજિદ અહેમદને ગંભીર અવસ્થામાં અનંતનાગની હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. રેઝિસ્ટન્સ ફ્રન્ટ નામના આંતકી જૂથે સરપંચ પરના હુમલાની જવાબદારી સ્વીકારી છે. કુલગામ પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે રેઝિસ્ટન્સ ફ્રન્ટ આતંકી સંગઠન લશ્કર અને હિઝબુલ મુજાહિદીનનું એક જૂથ છે. હજુ તો બે દિવસ પહેલાં જ કુલગામમાં આતંકીઓએ સરપંચ. આરીફ અહેમદની તેમના ઘેર જ ગોળી મારી દીધી હતી.

# મુંબઈમાં ૪૬ વર્ષનો રેકોર્ડ તૂટ્યો, ૧૩ ઈંચ વરસાદ

## યુપીમાં ૮૨૦ ગામો પૂરગ્રસ્ત : ૧૭૩ ગામ વિખૂટાં પડ્યા

ભારતની આર્થિક રાજધાની મુંબઈમાં વરસાદે છેલ્લા ૪૬ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. મુંબઈના સૌથી પોશ ગણાતા કોલાબા વિસ્તારમાં આવેલી હવામાન ખાતાની કચેરી ખાતે ગુરુવાર સવારે ૮:૩૦ કલાક સુધીમાં ૩૩૨ મીમી એટલે કે ૧૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. ગુરુવારે પણ મુંબઈમાં ૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી ફુંકાતા પવનો સાથે મધ્યમથી ભારે વરસાદ વરસતો રહ્યો હતો. ગુરુવારે સવારે ૫:૩૦ કલાક સુધીમાં કોલાબા ખાતે ૩૩૦ મીમી અનને સાન્તાક્રુઝ ખાતે ૧૪૬ મીમી વરસાદ નોંધાયો હતો. આ સાથે મુંબઈમાં ચોમાસાની સિઝનના પહેલા ૬૫ દિવસમાં ૨૩૨૦ મીમી વરસાદ નોંધાઈ ચૂક્યો છે જે આખા ચોમાસાની સરેરાશ ૨૨૬૦ મીમી કરતાં વધુ છે. ઓગસ્ટ મહિનાના પહેલા પાંચ દિવસમાં જ મુંબઈમાં ચોમાસાનો ૭૮ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. ગુરુવાર સવાર સુધી મુંબઈ શહેરમાં વરસેલા મુશળધાર વરસાદ અને દરિયામાં હાઈટાઈડના કારણે મુંબઈ શહેર અને ઘણા પરા વિસ્તારોમાં પાણી ભરાયેલાં જ રહ્યાં હતાં જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત રહ્યું હતું. ગુરુવારે સવારે કેટલાંક વિસ્તારોમાં પાણી ઓસરતાં સડકો પર વાહન વ્યવહાર શરૂ થયો હતો. મોટાભાગના સબવેમાંથી પાણી ઓસરતાં થોડી રાહત મળી હતી. હિંદમાતા, પરેલ અને મુંબઈ સેન્ટ્રલના વિસ્તારોમાંથી પણ પાણી આસરવાના શરૂ થયાં હતાં.

સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, પાણી ઓસરતાં રેલવે અને રોડ ટ્રાન્સપોર્ટ સેવાઓ શરૂ કરવામાં આવી હતી. ગુરુવારે સવારે સીએસએમટી ખાતેથી થાણે સુધીની લોકલ ટ્રેન સેવાઓ શરૂ કરાઈ હતી. પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેન સેવા પણ શરૂ કરાઈ હતી. બુધવાર-ગુરુવારે વરસેલા મુશળધાર વરસાદને કારણે મુંબઈ અને પરા વિસ્તારોમાં સંખ્યાબંધ ઝાડ ઉખડી પડયાં હતાં. મોટા બોર્ડિંગ ધરાશાયી થયાં હતાં. ઘણા વિસ્તારોમાં મકાન ધરાશાયી થયાં હતાં. મુંબઈ ઉપરાંત મહારાષ્ટ્રના અન્ય વિસ્તારોમાં અતિભારે વરસાદને પગલે એનડીઆરએફની ૧૬ ટીમ રાહત અને બચાવ કામગીરી માટે ઉતારવામાં આવી હતી.







### ઓડિશા વરસાદથી ઓરેન્જ એલર્ટ

ઓડિશાના પણ અનેક ભાગોમાં આજે ભારે વરસાદ નોંધીયે હતો. ભુવનેશ્વરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૯.૪ મીમી વરસાદ નોંધાયો હતો. બારગઢ. ઝારસુગુડા, સંબલપુર, દેવગઢ, સુંદરગઢ સહિતના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી ઓરેન્જ વોર્નિંગ ઇશ્યુ કરવામાં આવી છે. કેરળમાં કોચી પાસેની નદીમાં ત્રણ માછીમારો લાપતા થઇ ગયા છે.

### કેરળમાં ૨૦૧૯ જેવા પૂરનો તોળાતો ભય

કેરળમાં વરસી રહેલા અતિભારે વરસાદના કારણે ચાલિયાર નગીમાં પૂર આવતાં ઉત્તરના જિલ્લાઓમાં ૨૦૧૯ જેવા પૂરનો ભય સર્જાયો હતો. ઉત્તર કેરળના ઘણા નગરો, ગામોના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયાં છે. હવામાન વિભાગે કોઝિકોડ અને વાયનાડ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કર્યો છે. ગુરુવારે આ વિસ્તારોમાં ૨૦૦ મીમી જેટલો ભારે વરસાદ ખાબક્યો હતો.

# પુલવામા જેવો હુમલો ટળ્યો, શ્રીનગર હાઈવે પરથી વિસ્ફોટકો મળી આવ્યાં

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના બારામુલા શ્રીનગર હાઈવે પર ફરી એક વખત પુલવામા જેવો આતંકવાદી હુમલો થતા રહી ગયો છે. બારામૂલા શ્રીનગર હાઈવે પર આતંકવાદીઓએ સેનાના કાફલાને નુકસાન પહોંચાડવા માટે વિસ્ફોટકો પ્લાન્ટ કર્યા હતા.જોકે સમસયર તેની જાણકારી મળી જતા સુકરક્ષાદળોએ આ વિસ્ફોટકો નષ્ટ કર્યા હતા.આ દરમિયાન હાઈવે પર વાહનોની અવર જવર પણ બંધ કરી દેવામાં આવી હતી. દરમિયાન સુરક્ષાદળોએ આ વિસ્ફટકો પ્લાન્ટ કરનારા આતંકીઓને શોધવા માટે સમગ્ર વિસ્તારને ઘેરી લઈને સર્ચ ઓપરેશન શરુ કર્યુ છે.વિસ્ફોટકોને પેટ્રોલ પંપની નજીક જ પ્લાન્ટ કરવામાં આવ્યા હતા.અધિકારીઓનુ માનવુ છે કે,આ હાઈવે પરથી મોટી સંખ્યામાં સૈન્ય કાફલા પસાર થતા હોય છે.જેને નુકસાન પહોંચાડવા માટે વિસ્ફોટકો પ્લાન્ટ કરાયા હતા.જોકે સવારે સેનાની ટીમના પેટ્રોલિંગ દરમિયાન તેની ભાળ મળી હતી.વિસ્ફટકોને નષ્ટ કરવામાં આવ્યા ત્યારે જોરદાર ધડાકો થયો હતો અને આ વિસ્તારમાં દુર દુર સુધી સંભળાયો હતો. સેના પર ૧૫ ઓગસ્ટ સુધીમાં આતંકીઓ હુમલો કરી શકે તેવી બાતમી તો ગુપ્તચર એજન્સીઓએ આપી



# કુલગામમાં આતંકીઓએ જવાનનું અપહરણ કર્યુ : શોધખોળ જારી

જમ્મુ કાશ્મીર : દક્ષિણ કાશ્મીરના કુલગામમાં ટેરિટોરિયલ આર્મીના એક જવાનનું ત્રાસવાદીઓએ અપહરણ કર્યુ હોવાની ઘટના સામે આવી છે. જવાન બકરીઈદની રજા લઈને ઘેર આવ્યો હતો. રવિવારે તે ફરજ પર પાછો ફરી રહ્યો હતો ત્યારે માર્ગમાંથી આતંકવાદીઓએ સાંજે પાંચ વાગે તેનું અપહરણ કર્યુ હોવાના અહેવાલ છે. સુરક્ષા દળોએ ૧૬૨મી બટાલિયનના લાપતા જવાનને શોધવા સર્ચ ઓપરેશન શરૂ કરતાં જવાનની ખાનગી માલિકીની કાર બળેલી હાલતમાં મળી આવી છે. સૈન્યે ટ્વિટર પર આ ઘટનાની જાણકારી આપી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ ટેરિટોરિયલ આર્મીનો જવાન શાકિર મંઝૂર શોપિયાંનો રહીશ છે. રવિવારે સાંજે ફરજ પર હાજર થવા તે કુલગામ તરફ આવી રહ્યો હતો. આતંકવાદીઓએ ત્યારે તે જવાનનું રંભામા દમ્હાલા હાજીપુરથી અપહરણ કરી લીધું છે. આતંકવાદીઓએ જવાનના વાહનને આગ પણ ચાંપી દીધી હતી. બળેલું વાહન સુરક્ષા દળોને મળી આવ્યું છે. અપહૃત જવાનને શોધવા સૈન્ય ડ્રોન અને તાલીમબદ્ધ શ્વાનની મદદથી શોધ ચલાવી રહ્યું છે. આ પહેલાં ૨૨ જુલાઈના રોજ કુલગામમાં ત્રાસવાદીઓએ પોલીસકર્મી પર હુમલો કર્યો હતો.

# ચીનની સૌથી લોકપ્રિય એપ બાઈડુ અને વાઈબો પર ભારતમાં પ્રતિબંધ લદાયો

નવી દિલ્હી : ભારત સરકારની ચીનની એપ્સ પરની સર્જિકલ સ્ટ્રાઈક યથાવત છે. હવે ભારતે ચીનમાં લોકપ્રિય એવી બે એપ બાઈડુ અને વાઈબોને ભારતમાં બ્લોક કરી દીધી છે.ઉલ્લેખનીય છે કે , બાયડૂ ચીનનુ પોતાનુ સર્ચ એન્જિન છે.જે ગૂગલની જેમ કામ કરે છે.જ્યારે વાઈબોને ચીનનુ ટ્વિટર તરીકે ઓળખવામાં આવે છે.સરકારની જાહેરાત બાદ પ્લે સ્ટોર અને એપલ એપ સ્ટોર પરથી ભારતમાં આ બે એપ હટાવી દેવામાં આવશે.ચીનની સીના કોર્પોરેશને ૨૦૦૯ની સાલમાં વાઈબોને લોન્ચ કરી હતી. તેના ૫૦ કરોડ યુઝર્સ છે.જે પૈકીના એક પીએમ મોદી પણ છે.તેમણે ૨૦૧૫માં ચીનના પ્રવાસ પહેલા આ એપ પર પોતાનુ એકાઉન્ટ બનાવ્યુ હતુ.જ્યારે બાઈડૂની વાત રકવામાં આવે તો તે ભારતમાં પોતાની પકડ મજબૂત કરવાની કોશિશ કરી રહ્યુ હતુ.તેના ફેસઈમોજી કિ બોર્ડ ભારતમાં લોકપ્રિય છે.

# મનોજ સિંહા બનશે જમ્મુ કાશ્મીરના નવા ઉપરાજ્યપાલ, મુર્મૂનું રાજીનામું

- ૨૦૧૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી વખતે મનોજ સિંહા મુખ્યમંત્રી પદની રેસમાં સૌથી આગળ હતા

જમ્મુ કાશ્મીર : પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા મનોજ સિંહા હવે જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ તરીકેની જવાબદારી સંભાળશે. ગિરીશ ચંદ્ર મુર્મૂએ બુધવારે સાંજે પોતાના ઉપરાજ્યપાલ તરીકેના પદેથી રાજીનામુ આપ્યું હતું અને આજે સવારે રાષ્ટ્રપતિ ભવન તરફથી મનોજ સિંહાની નિયુક્તિની જાહેરાત કરવામાં આવી છે. ગઈકાલે ૫મી ઓગષ્ટના રોજ જ જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબુદીને એક વર્ષ પૂર્ણ થયું છે અને આ બધા વચ્ચે બુધવારે સાંજે જ અચાનક મુર્મૂના રાજીનામાના સમાચાર સામે આવ્યા હતા. ત્યાર બાદ રાષ્ટ્રપતિ દ્વારા પણ મુર્મૂના રાજીનામાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. હવે જ્યારે મનોજ સિંહાને નવા ઉપરાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે તો તેનો અર્થ સ્પષ્ટ છે કે ફરી એક વખત જમ્મુ કાશ્મીરમાં ઉચ્ચસ્થ પદે રાજકીય એન્ટ્રી થઈ છે. અગાઉ જમ્મુ કાશ્મીર જ્યારે પૂર્ણ રાજ્ય હતું ત્યારે સત્યપાલ મલિક ત્યાંના રાજ્યપાલ હતા પરંતુ જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશ બન્યું તો અધિકારી જીસી મુર્મૂને મોકલવામાં આવ્યા હતા.

# એરસેલ-મેક્સિસ કેસઃ કોર્ટે કહ્યું, ચિદમ્બરમ વિરુદ્ધ ૩ મહિનામાં પુરી કરો તપાસ

નવી દિલ્હી : દિલ્હીની એક કોર્ટે મંગળવારે સીબીઆઈ અને ઈડીને પૂર્વ કેન્દ્રીય પ્રધાન પી. ચિદમ્બરમ અને તેના પુત્ર કાર્તિ વિરુદ્ધ એરસેલ-મેક્સિસ કેસમાં જારી તેમની તપાસના સંદર્ભમાં બ્રિટન અને સિંગાપોરને મોકલવામાં આવેલા વિનંતી પત્ર અંગે જવાબી રિપોર્ટ મેળવવા માટે ત્રણ મહિનાનો સમય આપ્યો છે વિશેષ ન્યાયાધીશ અજયકુમાર કુહાડે વીડિયો કોન્ફરન્સ દ્વારા યોજાયેલી સુનાવણીમાં બંને એજન્સીઓ દ્વારા કરવામાં આવેલી વિનંતીને મંજૂરી આપી. અગાઉ, તેમનું પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલે કોર્ટને કહ્યું કે વિનંતી પત્ર મોકલવામાં આવ્યો છે, પરંતુ જવાબ મળ્યો નથી. જો કે કોર્ટે આ કેસને ૩ નવેમ્બર સુધી મુલતવી રાખ્યો હતો. મંગળવારે સુનાવણી દરમિયાન સીબીઆઈ અને ઈડી વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ સંજય જૈને દલીલ કરી હતી કે વિનંતી પત્રો અંગેનાં રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે.

# ૨૭૫૦ ટન એમોનિયમ નાઈટ્રેટના વિસ્ફોટ થતાં અડધું બૈરૂત તબાહ

# 100 મોત, 4000 ઘાયલ, 3 લાખ લોકો ઘર વિહોણા

બૈરૂત : લેબેનોનની રાજધાની બૈરૂતના બંદરગાહમાં આવેલા વેરહાઉસમાં થયેલા પ્રચંડ વિસ્ફોટમાં ૧૦૦ લોકોનાં મોત થયાં છે અને ૪,૦૦૦ લોકોને ઈજા રૂહોંચી છે. લેબેનોનના વડા પ્રધાન હસન દિયાબે જણાવ્યું હતું કે, બૈરૂત બંદરના વેરહાઉસમાં ૨,૭૫૦ ટન વિસ્ફોટક એમોનિયમ નાઈટ્રેટમાં ભયાનક વિસ્ફોટ થયો હતો. બૈરૂતના ગવર્નર અબૌદે જણાવ્યું હતું કે, વિસ્ફોટના કારણે અડધું બૈરૂત શહેર તબાહ થયું છે. શહેરને ૩થી રૂાંચ બિલિયન અમેરિકન ડોલરનું નુકસાન થયું છે. શહેરમાં ઘરવિહોણા લોકોની સંખ્યા ૩ લાખ રૂર રૂહોંચી છે. રેડક્રોસે બૈરૂતમાં ૧,૦૦૦ રૂરિવાર માટે હંગામી શેલ્ટર ઊભા કર્યા છે. શહેરમાં આવેલી ૯૦ ટકા હોટેલોને નુકસાન થયું છે. લેબેનોનના આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, શહેરમાં સેંકડો લોકો લારૂતા બન્યાં હોવાની ફરિયાદો મળી રહી છે. જેના રૂગલે મોતનો આંકડો ઘણો ઊંચો જઈ શકે છે. અમે ઈજાગ્રસ્તોની સારવાર માટે ફિલ્ડ હોસ્રિટલો ઊભી કરી રહ્યાં છીએ. વિસ્ફોટમાં શહેરની ચાર મોટી હોસ્રિટલોને મોટું નુકસાન થતાં બંધ કરી દેવાઈ છે. બૈરૂતમાં એટલો ભયાનક વિનાશ વેરાયો છે જાણે કે શહેરમાં ધરતીકંરૂ આવ્યો હોય. હજારો લોકો ઘરવિહોણા બન્યાં છે અને હજારો ઈજાગ્રસ્તો દર્દીઓથી છલકાઈ રહેલી હોસ્રિટલોમાં ઊભરાઈ રહ્યાં છે.












## બૈરૂતની ઘટનાથી ઘણો આઘાત અને દુઃખ થયાં : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે બૈરૂતની ઘટનાથી ઘણો આઘાત લાગ્યો અને દુ:ખ થયું છે. રૂીએમ મોદીએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, બૈરૂત શહેરમાં ભયાનક વિસ્ફોટના કારણે જાનહાનિ અને સંરૂત્તિને થયેલા નુકસાનથી ઘણો આઘાત લાગ્યો છે. દુ:ખિત રૂરિવારો અને ઈજાગ્રસ્તો સાથે અમારી પ્રાર્થનાઓ છે.

## કર્મચારી સલામત, ભારતીયોનાં મોતની માહિતી નથી : ઇન્ડિયન એમ્બેસી

લેબેનોન ખાતેના ભારતીય રાજદૂત સુહેલ એજાઝ ખાને જણાવ્યું હતું કે, દૂતાવાસના તમામ કર્મચારીઓ સુરક્ષિત છે. અમે ભારતીય સમુદાયના લોકોના સંરૂર્કમાં છીએ. હજુ સુધી ભારતીયના મોતની કોઈ માહિતી મળી નથી.દૂતાવાસે ભારતીયો માટે હેલ્રૂલાઇન નંબર રૂણ જારી કર્યા છે.

# યુએસમાં જોગિંગ માટે ગયેલી ભારતીય મૂળની રિસર્ચરની ગાર્ડનમાં હત્યા કરાઈ

હ્યુસ્ટન : વિદેશોમાં ભારતીયોની હત્યાનો સિલસિલો યથાવત રહ્યો છે. ત્યારે અમેરિકામાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અમેરિકાના હ્યુસ્ટન શહેરમાં ભારતીય મૂળના સંશોધક શર્મિષ્ઠા સેનની હત્યા કરી નાંખવાના સમાચાર મળી રહ્યા છે. આ ઘટનાથી અમેરિકામાં વસતા ભારતીયોમાં નિરાશા વ્યાપી ગઈ છે. ભારતીય મૂળની શર્મિષ્ઠા સેનની હત્યા ત્યારે કરવામાં આવી જ્યારે તે જોગિંગ કરી રહી હતી. પોલીસે આ ઘટનાને ગંભીરતાથી લઈને આગળની તપાસ આરંભીને પુછપરછ ચાલું કરી



દીધી છે.આ ઘટનામાં પોલીસને મળેલી માહિતી અનુસાર, ભારતીય મૂળની સંશોધક શર્મિષ્ઠા સેન ટેક્સાસના પ્લાનો શહેરમાં રહેતી હતી. એક ઓગસ્ટે ચિશોલ્મ ટ્રેલ પાર્કની પાસે જોગિંગ કરતી વખતે તેના પર અચાનક હુમલો કરાયો હતો અને તેની કરપીણ હત્યા કરી નાંખવામાં આવી હતી. અમેરિકાની એક રિપોર્ટ અનુસાર લીગેસી ડ્રાઈવ અને માર્ચમેન વેની પાસે ક્રિક વિસ્તારમાં એક નાગરિકે તેનો મૃતદ હ જોયો હતો. ભારતીય મૂળની શર્મિષ્ઠા સેન વિશે મળતી માહિતી પ્રમાણે, તેઓ એક ફાર્મા કંપનીમાં રિસર્ચર હતા. આ સિવાય તેઓ કેન્સર રોગીઓ માટે કામ કરતી હતી. તેમને બે પુત્ર છે. આ ઉપરાંત તેઓ ભારતીય સમુદાયમાં તેઓ એક ડાન્સર અને ગાયક તરીકે પણ જાણીતા હતા. એથ્લીક રહી ચુકેલી શર્મિષ્ઠા દરેક સવારે ચિશોલ્મ ટ્રેલમાં દોડવા જતી હતી.

# કેનેડા લેબેનોનને પાંચ મિલીયન યુએસ ડોલરની રાહત મોકલશે

ટોરન્ટો : લેબનોનના બૈરૂતમાં ધડાકો થયા બાદની સ્થિતિમાં રાહત પહોંચાડવા કેનેડાએ પ્રાથમિક ધોરણે ૧.૫ મિલીયન યુએસ ડોલરની રોકડ સહાય લેબનીસ રેડ ક્રોસ મારફતે તત્કાળ મોકલવા નિર્ણય લીધો હતો. જેમાં તબીબી સહાય અને અસરગ્રસ્તોના રહેવા તથા ખાવા પીવાની વ્યવસ્થા કરવામાં આવનાર હોવાનું કેનેડાના ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ મિનીસ્ટર કેરીના ગોલ્ડે મીડિયાને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, આ કેનેડાનું પ્રારંભિક પગલું છે અને જેમ જેમ સ્થિતિ સ્પષ્ટ થતી જશે તેમ તેમ રાહતનો પ્રવાહ વધશે. અત્યારે પ્રારંભિક તબક્કામાં વધુ લોકોના જીવ બચાવવાનું મહત્વ છે.

લોકોને તાત્કાલિક રહેવાની અને ખાવા-પીવાની સુવિધાઓ પુરી પાડવાની જરૂર છે. મંગળવારે બૈરૂત બંદર નજીક વર્ષોથી રાસાયણિક ખાતર બનાવવામાં વપરાતા એમોનિયમ નાઈટ્રેટ જેવા વિસ્ફોટક રસાયણના ૨૭૫૦ ટનના જથ્થામાં અચાનક ધડાકો થતાં અંદાજે ૧૩૫ લોકોના મોત થયાં હતા અને ૫૦૦૦થી વધુ લોકોને ઈજા પહોંચી હતી. બીજા ૩૦૦૦૦૦ લોકોના રહેઠાણો નાશ પામ્યા હતા. હોસ્પિટલો દદીઓથી ઉભરાઈ રહી છે.

## ન્યુયોર્કના આરોગ્ય કમિશનર તરીકે ગુજરાતી મૂળના ડોક્ટર ચોકસીની નિમણુંક કરાઈ

ન્યૂયોર્ક : ૩૯ વર્ષના ગુજરાતી મૂળના ડોકટર દેવ ચોકસીને ન્યુયોર્ક સિટિના નવા આરોગ્ય કમિશનર તરીકે નિમવામાં આવ્યા હોવાની જાહેરાત મેયર બિલ ડી બ્લાસિઓએ કરીને શહેરમાં જોવા મળેલી કોરોનાની મહામારી દરમિયાન ડો.ચોકસીએ ભજવેલી મહત્તવની ભૂમિકાની પ્રશંસા કરી હતી.ડોકટર ઓક્સિ બારબોટે રાજીનામું આપતા તેમની જગ્યાએ ચોકસીને જાહેર આરોગ્ય અને મેન્ટલ હાઈજીન વિભાગના વડા તરીકે નિમ્યા હતા. બ્લાસિઓએ કહ્યું હતુ કે ડો.ચોકસીએ ત્યજી દીધેલા અનેક દર્દીઓની સેવા કરવામાં પોતાનું જીવન સમર્રિત કરી દીધું હતું.'કોરોનાની મહામારી દરમિયાન ક્યારે પણ આના કરતા સારી સેવા અમે જોઈ નહતી જ્યાં તેમણે શહેરના જાહેર આરોગ્ય વિભાગનું નેતૃત્વ કરી અસાધારણ નેતૃત્વનો પરિચય આપ્યો હતો. મને ખબર છે કે તેઓ મોટો પડકાર ઉપાડવા તૈયાર છે અને તમામ માટે આ શહેર શ્રેષ્ઠ બની રહે તેવા પ્રયાસો કરશે'એમ મેયરે કહ્યું હતું.

## રફાલના આગમન બાદ ચીનમાં ફફડાટ, ભારતને ટાર્ગેટ કરતા મિસાઈલનું પરિક્ષણ

બેઈજિંગ : ભારત અને અમેરિકા સહિત અનેક દેશો સાથે ચાલી રહેલા તણાવની વચ્ચે ચીને આગમાં ઘી નાંખવાનું કામ કરતા પરમાણુ હુમલા કરવામાં સક્ષમ બેલેસ્ટિક મિસાઈલનો ટેસ્ટ કર્યો છે. ચીનની પીપલ્સ લિબરેશન આર્મી રૉકેટ ફોર્સે તાજેતરના યુદ્ધાભ્યાસ દરમિયાન ડીએફ-૨૬ અને ડીએફ-૧૬ મિસાઈલનો ટેસ્ટ કર્યો. આ ટેસ્ટ ક્યાં અને કેવી રીતે કરવામાં આવ્યો તેનો કોઈ ડેટા જાહેર નથી કરવામાં આવ્યો.

ચીનની ડીએફ-૨૬ મિસાઈલ પરમાણુ હુમલો કરવામાં સક્ષમ છે. આ મિસાઈલની રેન્જ ૪ હજાર કિમીની આસપાસ કહેવામાં આવી રહી છે જેનાથી આના નિશાને આખા ભારત સહિત પ્રશાંત મહાસાગરમાં આવેલું અમેરિકાનું ગુઆમ નેવલ બેઝ પણ સામેલ છે. ચીની સેનામાં આ મિસાઈલને ૨૦૧૬માં સામેલ કરવામાં આવી હતી. આ મિસાઈલ ૧૨૦૦થી ૧૮૦૦ કિલોગ્રામ સુધી ન્યૂક્લિયર વૉરહેડ લઈ જઈ શકે છે.

ચીનની બીજી મિસાઈલ ડીએફ ૧૬ તેની જૂની મિસાઈલ ડીએફ ૧૫નું સંશોધિત રૂપ છે. સપાટીથી સપાટી પર પ્રહાર કરનારી આ શૉર્ટ રેન્જ બેલેસ્ટિક મિસાઈલની રેન્જ ૮૦૦થી ૧૦૦૦ કિલોમીટર સુધી છે.

## દ. કેલિફોર્નિયાના જંગલોમાં ભયંકર આગ હજારો લોકોને ખસેડવા માટે આદેશ


કેલિફોર્નિયા : દક્ષિણ કેલિફોર્નિયાના જંગલોમાં લાગેલી ભીષણ આગને પગલે હજારો લોકોને સલામત સ્થળે ખસેડવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. કેલિફોર્નિયા ડિપાર્ટમેન્ટ ઓફ ફોરેસ્ટ્રી એન્ડ ફાયર પ્રોટેક્શનના જણાવ્યા અનુસાર ૩૧ સ્કવેર માઈલ(૮૦ ચોરસ કિલોમીટર) વિસ્તારમાં આગને કારણે ભારે નુકસાન થયું છે.

આગ લાગવાનું કારણ જાણવા માટે તપાસ કરવામાં આવી રહી છે. યુએસ ફોરેસ્ટ સર્વિસના પ્રવક્તાના જણાવ્યા અનુસાર અમે અમારા ફાયર ફાઈટરોને ભયજનક સ્થિતિમાં મૂકવા માગતા નથી. જો કે ફાયર ફાઈટર સાવચેતીપૂર્વક આગ પર અંકુશ મેળવવાના પ્રયત્નો કરી રહ્યાં છે.

સોમવાર સવાર સુધી આગ પર પાંચ ટકા અંકુશ મેળવવામાં સફળતા મળી હતી. આગ પર અંકુશ મેળવવા માટે હેલિકોપ્ટરોની પણ મદદ લેવામાં આવી રહી છે.

# કોરોનાનાં મહામારીમાં દુનિયાને મળી મોટી રાહત, ક્લિનિકલ ટ્રાયલમાં રશિયાની વેક્સિન ૧૦૦% સફળ

મોસ્કો : રશિયાએ કહ્યું છે કે તેની કોરોના વાયરસ વેક્સિન ક્લિનિકલ ટ્રાયલમાં ૧૦૦ ટકા સફળ રહી છે. આ વેક્સિનને રશિયન રક્ષા મંત્રાલય અને ગમલેયા નેશનલ સેન્ટર ફોર રિસર્ચે તૈયાર કરી છે. રશિયાએ કહ્યું છે કે ક્લિનિકલ ટ્રાયલમાં જે લોકોને આ કોરોના વેક્સિન આપવામાં આવી તે તમામમાં જીછઈજી-ર્ષ્ઠદ્ર-૨ વિરુદ્ધ રોગપ્રતિકારક ક્ષમતા જોવા મળી. આ ટ્રાયલ ૪૨ દિવસ પહેલા શરૂ થયો હતો. તે સમયે વૉલિયન્ટર્સને મોસ્કોનાં બુરદેંકો સૈન્ય હૉસ્પિટલમાં કોરોના વેક્સિન લગાવવામાં આવી હતી. આ લોકો સોમવારના ફરીવાર હૉસ્પિટલ આવ્યા અને તેમની સઘન તપાસ કરવામાં આવી. આ દરમિયાન જોવા મળ્યું કે તમામ લોકોમાં કોરોના વાયરસ સામે રોગ પ્રતિકારક ક્ષમતા પેદા થઈ છે. આ તપાસ પરિણામ બાદ સરકારે રશિયન વેક્સિનની પ્રશંસા કરી છે. રશિયાના રક્ષા મંત્રાલયે કહ્યું કે, "સમીક્ષાનાં પરિણામોથી એ સ્પષ્ટ રીતે સામે આવ્યું છે કે વેક્સિન લાગવાના કારણે લોકોની અંદર મજબૂત રોગ પ્રતિકારક ક્ષમતા વિકસિત થઈ છે."




## બીજા દેશોથી વેક્સિન બનાવવામાં અનેક મહિનાઓ આગળ હોવાનો દાવો

રશિયાના રક્ષા મંત્રાલયે કહ્યું કે કોઈપણ વૉલિયન્ટરની અંદર કોઈ પણ નકારાત્મક સાઇડ ઇફેક્ટ અથવા મુશ્કેલી જોવા નથી મળી. આ લેબ હવે મોટા પ્રમાણમાં લોકોમાં ઉપયોગથી પહેલા સરકારની પરવાનગી લેવા જઇ રહી છે. રશિયાએ દાવો કર્યો છે કે તે કોરોના વાયરસની વિરુદ્ધ ચાલી રહેલી વૈશ્વિક લડાઈમાં કોવિડ-૧૯ વેક્સિન વિકસિત કરવામાં બીજાઓથી અનેક મહિનાઓ આગળ ચાલી રહ્યું છે.

## સપ્ટેમ્બર સુધી વેક્સિન વિકસિત કરી લેવાશે

ક્લિનિકલ ટ્રાયલમાં સફળતા મળ્યા બાદ હવે રશિયા વેક્સનની પ્રભાવી ક્ષમતાને પારખવા માટે ત્રણ મોટા પરીક્ષણ કરવા જઇ રહ્યું છે. રશિયાનો ઇરાદો છે કે આ વર્ષે સપ્ટેમ્બર સુધી કોરોના વેક્સિનને વિકસિત કરી લેવામાં આવે. સાથે જ ઑક્ટોબર મહિનાથી દેશભરમાં રસીકરણ શરૂ કરી દેવામાં આવે.

## ઓસ્ટ્રેલિયામાં કોરોના બેકાબૂ, મેલબોર્નમાં નાઇટ કરફ્યૂ

કેનબેરા : ઓસ્ટ્રેલિયામાં ફરી કોરોનાએ માથું ઊંચક્યું છે. કોરોનાનું સંક્રમણ વધવાને પગલે સત્તાવાળાઓ દ્વારા કેટલાંક રાજ્યો અને વિસ્તારોમાં ફરી પ્રતિબંધો કડક બનાવાયા છે. દેશમાં ૧૮,૦૦૦થી વધુ લોકોને સંક્રમણ થતા અને ૨૦૮ મોત થતા સરકાર જાગી છે. વિક્ટોરિયાએ સ્ટેટ ઓફ ડિઝાસ્ટર જાહેર કરેલ છે. વિક્ટોરિયા રાજ્ય અને મેલબોર્નમાં રાત્રી કરફ્યૂ અમલી બનાવાયો છે. દરેક ઘરદીઠ ફક્ત એક જ વ્યક્તિ જરૂરી ચીજવસ્તુ ખરીદવા ઘરની બહાર નીકળી શકશે. કરફ્યૂ ૬ અઠવાડિયા ચાલુ રહેશે. રાત્રે ૮થી સવારે ૫ સુધી બહાર નીકળી શકશે. વિક્ટોરિયા રાજ્યએ સ્ટેજ ૪નો પ્રતિબંધ લગાવ્યો છે.



## દુનિયામાં કોરોનાના દર્દીઓનો આંકડો ૧.૮૦ કરોડને પાર

આખી દુનિયામાં કોરોનાના દર્દીઓનો આંક ૧ કરોડ ૮૦ લાખને પાર થયો છે. વિશ્વમાં ૧,૮૦,૬૫,૨૫૬ લોકોને કોરોનાનું સંક્રમણ થયું છે. ૬,૮૯,૬૯૮ લોકો કોરોનાનો ભોગ બન્યા છે. ૧,૧૩,૫૯,૨૪૩ લોકોએ કોરોનાને હરાવ્યું છે અને સારવાર પછી તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૫૫,૯૯૯ નવા કેસ નોંધાયા છે અને ૫૬૦૧ મોતને ભેટયા છે. ૬૦,૧૬,૩૧૫ કેસ હજી એક્ટિવ છે.

## યુએસમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૬૧,૨૬૨ કેસ નોંધાયા

કોરોનાથી અમેરિકાના નાગરિકો અને યુએસની ઈકોનોમીને સૌથી મોટો ફટકો પડયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં નવા ૬૧,૨૬૨ કેસ નોંધાયા છે. સતત પાંચમા દિવસે ૬૦,૦૦૦થી વધુ લોકોને કોરોનાનું સંક્રમણ થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૫૧ લોકોએ જીવ ગુમાવ્યો છે. યુએસમાં કોરોનાના કુલ દર્દીઓની સંખ્યા ૪૭,૬૫,૩૪૨ થઈ છે જ્યારે ૧,૫૭,૯૨૧ લોકો કોરોનાથી મૃત્યુ પામ્યા છે.

## કોરોના મહામારી લાંબી ચાલશે : ડબ્લ્યુએચઓની ચેતવણી

કોરોનાની મહામારી આખા વિશ્વમાં લાંબી ચાલશે તેવી ચેતવણી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ઈમરજન્સી સમિતિએ ઉચ્ચારી છે. અનેક દેશો પર સામાજિક અને આર્થિક દબાણોને કારણે તેના અંકુશમાં લેવાની કામગીરી મહેનત માગી લેશે. ઓલિવર વેરને જણાવ્યું કે, 'મેં શનિવારે ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા. આજથી જો કોઈ ડોક્ટરની સલાહ વગર, લક્ષણો વગર કે મજબૂત કારણ વગર પીસીઆર ટેસ્ટ કરાવશે તો પણ તેને ટેસ્ટની સંપૂર્ણ ફી પાછી આપી દેવામાં આવશે.' તે સિવાય સ્વાસ્થ્ય મંત્રીએ ફ્રાંસમાં વધી રહેલા કોવિડ દર્દીઓની સંખ્યા અંગે ભારે ચિંતા વ્યક્ત કરી હતી.




## ઈરાન કોરોના મોતના આંકડા છુપાવ્યા : રિપોર્ટ

તહેરાન : એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈરાને કોરોના વાઈરસથી મરનારની સંખ્યાને મોટા પાયે છુપાવી છે. ઈરાનના સ્વાસ્થ્ય મંત્રાલયે કોરોનાથી જીવ ગુમાવનાર લોકોની જે સંખ્યા જાહેર કરી છે, તે સાચી સંખ્યાના અડધાથી પણ ઓછી છે. રિપોર્ટ અનુસાર, સરકારના જ આંતરિક દસ્તાવેજોથી જાણ થાય છે કે ૨૦ જુલાઈ સુધી ઈરાનમાં ૪૨ હજાર લોકોના કોરોનાથી મોત થઈ ચૂક્યા હતા પરંતુ સ્વાસ્થ્ય મંત્રાલય માત્ર ૧૪,૪૦૫ મોતની વાત કહી રહ્યા હતા. હાલ ઈરાનમાં સરકાર સંક્રમિત લોકોની સંખ્યા ૩૦૯,૪૩૭ જણાવી રહી છે અને મૃતકોની સત્તાકીય સંખ્યા માત્ર ૧૭,૧૯૦ જોવા મળી રહી છે પરંતુ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ૨૦ જુલાઈ સુધી જ સંક્રમિતની સાચી સંખ્યા ૪૫૧,૦૨૪ થઈ ચૂકી હતી. ઉલ્લેખનીય છે કે ઈરાનના રાષ્ટ્રપતિ હસન રૂહાનીએ ૧૮ જુલાઈએ ચોંકાવનારો દાવો કર્યો હતો. તેમણે પોતાની જ સરકારના આંકડાઓથી અલગ દાવો રજૂ કર્યો હતો. રૂહાનીએ કહ્યુ હતુ કે ઈરાનમાં ૨.૫ કરોડ લોકો કોરોનાથી સંક્રમિત થઈ શકે છે. રૂહાનીની ઓફિસ તરફથી કહેવામાં આવ્યુ હતુ કે આ આંકડો સ્વાસ્થ્ય મંત્રાલયના એક આકલનમાં સામે આવ્યો છે.

## દ. આફ્રિકામાં કોરોનાના પાંચ લાખ કેસ

કેપટાઉન : કોરોના વાઇરસના દુનિયામાં કુલ ૧.૭૮ કરોડ કેસો નોંધાયા છે અને તેના કારણે મરનારાની સંખ્યા ૬,૮૩,૭૬૭ થઇ છે. દુનિયાના ૨૧૦ દેશોમાં કોરોનાનો ચેપ ફેલાઇ ગયો છે અમે અમેરિકામાં દુનિયામાં કોરોનાના સૌથી વધારે કેસો નોંધાયા છે. એ પછી બ્રાઝિલ, ભારત, રશિયા અને દક્ષિણ આફ્રિકાનો ક્રમ છે. બીજી તરફ હોંગકોંગમાં કોરોનાના ચેપનું ત્રીજું મોજું આવ્યું છે તેને નાથવા માટે ચીને ૬૦ સભ્યોની ટીમને હોંગકોંગ મોકલવાની જાહેરાત કરી હતી તેમાંથી સાત ચીની અધિકારીઓ આજે હોંગકોંગમાં પહોંચી ગયા હતા. વુહાનમાંથી આવેલા આ નિષ્ણાતો એશિયા વર્લ્ડ એક્સપો કન્વેન્શન સેન્ટરને કોરોનાના દર્દીઓ માટે સારવાર કેન્દ્રમાં ફેરવવામાં સહાય કરશે. દરમ્યાન દક્ષિણ આફ્રિકામાં કોરોનાના દર્દીઓની સંખ્યા પાંચ લાખનો આંકડો વટાવી ગઇ છે. આરોગ્ય પ્રધાન ઝ્વેલિની ખીઝેએ જણાવ્યું હતું કે કોરોનાના ૧૦,૧૦૭ નવા કેસો નોંધાવા સાથે કોરોનાના દર્દીઓની કુલ સંખ્યા ૫,૦૩,૨૯૦ પર પહોંચી છે જ્યારે મરણાંક વધીને ૮૧૫૩ થયો છે. આફ્રિકાના ૫૪ દેશોમાં નોંધાયેલા કોરોનાના કુલ કેસોમાંથી અડધાં કરતાં વધારે કેસો દક્ષિણ આફ્રિકામાં નોંધાયેલાં છે.

## અમેરિકામાં સ્થિતિ અંકુશમાં, ભારતમાં કોરોના બેકાબૂ : ટ્રમ્પની શેખી

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક જ સપ્તાહમાં બીજી વખત ભારતની ટીકા કરી હતી. અગાઉ હવા પ્રદૂષણ અંગે ભારતના નામનો ઉલ્લેખ કરીને ટીકા કરનારા ટ્રમ્પે બીજી વખત કોરોના અંગે ભારતનું ઉદાહરણ આપીને ભારતના પ્રયાસોને બિનઅસરકારક ગણાવ્યા હતા. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની સરકારનું કામ વખાણતા કહ્યું હતું કે અમેરિકન સરકાર કોરોના સામે અસરકારક રીતે કામ કરી રહી છે. તેમણે કહ્યું હતું : આપણે ખૂબ સારું કામ કરી રહ્યાં છીએ. આપણે ત્યાં સ્થિતિ કાબુમાં આવતી જાય છે, જ્યારે ઘણાં દેશો હજુ પણ કોરોના સામે ઝઝૂમી રહ્યા છે. ટ્રમ્પે ભારત અને ચીનનું ઉદાહરણ આપીને પોતાની સરકારની પ્રશંસા કરી હતી. ટ્રમ્પે અમેરિકામાં સ્થિતિ સારી છે એ બતાવવા માટે ચીન અને ભારતનું ઉદાહરણ આપતા કહ્યું હતું : ચીનમાં ફરી વખત કોરોના માથું ઊંચકી રહ્યો છે. જ્યારે ભારતમાં તો સ્થિતિ ખૂબ જ ખરાબ છે. ભારતમાં તો

## ચીનમાં ૮ કરોડ લોકોએ નોકરી ગુમાવતા જિનપિંગની ચિંતા વધી

બેઈજિંગ : કોરોના મહામારીની અસર ચીનના અર્થતંત્ર અને રોજગારી ઉપર પણ જોવા મળી રહી છે. ડોમેસ્ટિકમાં માગ અને નિકાસ ઘટવાને કારણે ચીનનું અર્થતંત્ર સૌથી ખરાબ સમયમાંથી પસાર થઇ રહ્યું છે. અર્થતંત્રમાં ઘટાડાને કારણે બેકારી સતત વધી રહી છે. કોરોનાને કારણે મૂકવામાં આવેલા પ્રતિબંધને કારણે ચીનના ૮ કરોડ લોકો પોતાની નોકરી ગુમાવી ચૂક્યા છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરી વિસ્તારોમાં બેકારીની સમસ્યા વધુ ગંભીર છે. ગયા વર્ષની સરખામણીમાં બેકારીના દરમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. એપ્રિલમાં બેકારીનો દર ૬ ટકા હતો. ચીનના અર્થતંત્રમાં ઘટાડો અને બેકારી અહીંની કોમ્યુનિસ્ટ પાર્ટી માટે સૌથી મોટો પડકાર બની ગયો છે. કોરોના મહામારી પછી ચીનની સરકાર ફક્ત શહેરના બેકારીના દરને સ્થિર કરવામાં વ્યસ્ત છે. ચીનની સરકારનું માનવું છે કે મોટા પાયે બેકારી દેશમાં રાજકીય અશાંતિને જન્મ આપી શકે છે.

## ચીનમાં કોરોના બાદ નવો ચેપીરોગ ફેલાયો, સાતના મોતઃ ૬૦ સંક્રમિત

શાંઘાઇ : બગાઇના કારણે એક નવોજ ચેપીરોગ ફેલાતા સાત જણાના મોત થયા હતા અને ૬૦ જણા સંક્રમિત થયા હોવાનું ચીના માધ્યમોએ આજે જણાવ્યું હતું. ઉપરાંત ચેતવણી પણ આપવામાં આવી હતી કે આ રોગ મનુષ્યથી મનુષ્યમાં ફેલાઇ શકે છે.ચીનના જીઆંગસુ પ્રાંતમાં વર્ષના પ્રથમ છ મહિનામાં ૩૭ કરતાં વધુ લોકો એસએફટીએસ ચેપ લાગ્યો હતો. ત્યાર પછી પૂર્વ ચીનના અનહુઇ પ્રાંતમાં ૨૩ લોકો પણ સંક્રમિત થયા હતા. ગ્લોબલ ટાઇમ્સના જણાવ્યા અનુસાર,જીઆંગસુ પ્રાંતના પાટનગર નાનજિઆંગની એક મહિલાને વાઇરસના કારણે તાવ અને ખાંસી જેવા લક્ષણો દેખાયા હતા. ડોક્ટરોએ તપાસ કરતા તેના શરીરમાં લોહીના પ્લેટેટ્સ ઓછા જણાયા હતા.એક મહિનાની સારવાર પછી તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઇ હતી. પરંતુ આ વાઇરસના કારણે પૂર્વ ચીનના ઝેજીઆંગ પ્રાંતના અનહુઇમાં ઓછામાં ઓછા સાત લોકો માર્યા ગયા હતા.

# મોહંમદ રફીની પૂણ્યતિથિએ ગાયક સુનીલ પટેલનો ફેસબુક લાઈવ કોનસર્ટ

## •ફિલ્મીગીતોની રમઝટ સાથે જ શ્રોતાજનો મંત્રમુગ્ધ થઈ ગયા




મોહંમદ રફીની ૪૦મી પૂણ્યતિથિ નિમિત્તે ગત તા. ૩૧ જુલાઈએ એવોર્ડ વિનર અને લોકપ્રિય ગાયક સુનીલ પટેલનો એક શામ રફી કે નામ ફેસબુક લાઈવ કોનસર્ટ યોજાયો હતો. આમ તો સુનિલ પટેલ કિશોર કુમારના ગીતો ગાય છે પરંતુ આ વખતે તેમણે રફીના ગીતો ગાયને સૌને મંત્રમુગ્ધ કરી પોતાની કલાનો પરિચય આપી દીધો હતો. તેમણે રફીના સુપ્રસિદ્ધ ગીતોની રમઝટ જમાવી દીધી હતી. આ કાર્યક્રમ ૮૦૦૦થી વધુ લોકોએ નિહાળ્યો હતો. જે પૈકી ૩૫૦૦ લોકોએ લાઈક કર્યું અને અન્યોએ કોમેન્ટ કરી હતી. સુનિલ પટેલની પુત્રી દ્રષ્ટિ અને પુત્રએ ગીત ગાયને રફી સાહેબને શ્રદ્ધાંજલી આપી હતી. ૩ કલાકથી વધુ સમય ચાલેલા કાર્યક્રમમાં તેમણે લોકોની ફરમાઈશને આવરી લઈ જલસો કરાવ્યો હતો. આ અગાઉ પણ તેમણે લાઈવ ફેસબુક કાર્યક્રમ કર્યા હતા.

જેમાંથી મળેલી ઉપજ તેમણે સામાજિક અને સેવા કાર્યો માટે આપી હતી. કાર્યક્રમને અંતે પ્રોગ્રામ મેનેજર ધ્રુવ શાહ તથા સ્પોન્સર્સનો આભાર માન્યો હતો. તેઓએ લલિત ઠાકર, અમીત ભટ્ટ તથા સ્વદેશ ગુજરાતી સાપ્તાહિકના નિલેશ ટેલરનો પણ આભાર માન્યો હતો.

# પોસ્ટ ગ્રેજયુએશન વર્ક પરમિટ મળે એ પહેલા ઓનલાઈન કોર્સીસ શરૂ કરાયા

ઓન્ટેરિયો : આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને કેનેડાની પોસ્ટ ગ્રેજયુએશન વર્ક પરમિટ મળે એ પહેલા એટલે કે, કેનેડામાં પ્રવેશ પહેલાંથી જ એમનો અભ્યાસ શરૂ કરી શકે એ આશયથી ઓનલાઈન કોર્સીસ શરૂ કરી દેવાયા છે. જયારે કેનેડાએ પીજીડબલ્યુપીની જરૂરીયાત માટે છૂટછાટ જાહેર કરી છે. ત્યારથી ઓનલાઈન અભ્યાસને પણ પરમિટમાં ગણતરીમાં લેવાની જાહેરાત કરી હતી. હવે જયારે એવા વિદ્યાર્થીઓ સ્ટડી પરમિટ મેળવે ત્યાં સુધીમાં ઘણો સમય લાગી જાય એમ હોવાથી કેનેડામાં પ્રવેશ પહેલા તેઓ ઓનલાઈન કોર્સ શરૂ કરી શકે છે.

જયારે ૧૫મી સપ્ટેમ્બરે તેઓ સ્ટડી પરમિટ માટે અરજી કરે ત્યારે તેમનો અડધો અભ્યાસ ક્રમ પુરો થયો હોવો જોઈએ. બાકીનો અભ્યાસ તેઓ કેનેડા આવ્યા બાદ પુરો કરી શકશે. એટલે હવે એવા સંજોગોમાં ૩૧મી ડીસેમ્બર, ૨૦૨૦ સુધી ઈમિગ્રેશન, રેફયુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડા ( આઈઆરસીસી) કેનેડા બહાર રહીને કરેલા અભ્યાસના સમયને પરમિટમાંથી બાદ નહીં કરે.

કેનેડાના ઈમિગ્રેશન વિભાગે પીજીડબલ્યુપી માટેની પાત્રતામાં સુધારો કર્યો હોવાથી કોવિડ -૧૯ને કારણે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના અભ્યાસને અસર નહીં પહોંચે. મોટાભાગે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સ્ટડી પરમિટ માટે અરજી કરે ત્યારે એમને વિસા નથી અપાતા, પરંતુ હવે કેનેડા એવી અરજીઓ પણ સ્વીકારશે અને નવી પધ્ધતિ મુજબ પ્રવેશ આપશે.










# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com



KHARODIA REAL ESTATE
www.kharodiarealestate.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions...Its that Simple!

અમારી મફત સલાહનો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો

You have Nothing to Loose...Call us for a Free Consultation on How to Get Started.

ઘર ખરીદનારને મફત સલાહ અને સર્વિસ મળશે




Vacant Property!!!The Perfect Design In Bachelor Pads! Fully Custom Designed With Military Grade Materials With The New Millennial In Mind! Winner Of The 2016 Most Innovative Suite Design. Furnished With Built In Bed And Multi Use Tables. Each Floor Has A Full Size Hub With Full Size Kitchen For Special Occasions. Walking Distance To Both University of Ontario And Durham College. Free Property Management As Incentive Until Aug 2021




New Built. Fantastic Opportunity To Own In The Highly Sought After Tribute In The Stunning Windfields Community! Modern Townhome In Rapidly Growing North Oshawa. Approximately 2000 Sqft, 4 Bed + 3 Bath End Unit. Walking Distance To The New Riocan Shopping Centre! Close To 407 Hwy7. Minutes To University Of Ontario And Durham College, Public Transit.




Immaculate, Stunning Beautiful Executive Home Located In The Prestigious Tribute Windfield Community. 4 Bed and 5 wash. This Home Sits On One Of The Most Spectacular Lots Backing Onto A Ravine. Open Concept 1st Level Features Hardwood Floors, High Ceilings, Custom Kitchen, Quartz Countertop, Large Island With Breakfast Bar, W/O Deck To A Private Fenced Backyard. 9' Ft Ceiling, Upgrd. Walkout basement.

NEED MORE LISTINGS, CALL US FOR SPECIAL DEALS

CALL US FOR FURTHER INFORMATION OR TO BOOK A SHOWING TO VIEW PROPERTIES.

**Use The Advantage of a Team, Because...Teamwork Makes Your Dreams Work !**



Century 21 INNOVATIVE REALTY INC. BROKERAGE

BRAND POWER & INNOVATIVE TECHNOLOGIES TO GET YOUR HOME RECOGNIZED!

2250 MARKHAM ROAD, UNIT 3
TORONTO, ON, M1B 1W3
OFFICE : 416 298 8383 FAX : 416 298 8303

MASTERS ruby

Grand Centurion Office

## Shamim & Amin Kharodia

**Sales Representatives**

info@kharodiarealestate.com

647.501.6786 SHAMIM | 647.308.2941 AMIN

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.